સુવિચાર

જીવનમાં બે વ્યક્તિઓ નવી દિશા આપે છે. એક જે મોકો આપે અને બીજો જે ધોખો આપે

# સમય મિરર

આજનો ઇતિહાસ

આજના દિવસે ૧૯૭૫ની સાલમાં પહાડી પ્રદેશ સિક્કીમ ભારતીય રાજ્યનો દરજ્જો પામ્યું

SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-185 ■ DATE : 16-5-2025 ■ FRIDAY ■ Page-10 ■ વૈશાખ વદ ૪, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA BAUG, NEAR SHARDA BAUG, RAJKOT-360001


OPERATION SINDOOR

## પહેલગામ હુમલામાં સામેલ એક પાપી આતંકીનો ખાત્મો

### ધર્મ પૂછીને નિર્દોષ હિન્દુઓની હત્યા કરનારો આસિફ એન્કાઉન્ટરમાં ઠાર



**સમય મિરર । શ્રીનગર**

પહેલગામમાં ધર્મ પૂછીને હિન્દુ પ્રવાસીઓને નિર્દયી અને ક્રૂર રીતે ગોળી ધરબીને હત્યા કરનારા ત્રાસવાદીઓ સામે સૌથી મોટો સીધો બદલો લેવામાં આવ્યો હોય તેમ ચારમાંથી આસીફ શેખ નામના એક ત્રાસવાદીનો ખાત્મો કરી નાખવામાં આવ્યો છે.

કાશ્મીરનાં અનંતિપોરાનાં ત્રાલમાં સૈન્યનાં ઓપરેશનમાં ત્રણ ત્રાસવાદીઓનો ખાત્મો કરાયો હતો જેમાં એક આતંકવાદી પહેલગામમાં પ્રવાસીઓની હત્યા કરનાર હતો. ભારતીય સૈન્યદળોને આજે ડ્રોન મારફત મોનીટરીંગ દરમ્યાન ત્રણ ત્રાસવાદીઓ નજરે ચડયા હતા. અને તે સાથે જ ત્રાલમાં ઘેરો નાખવામાં આવ્યો હતો.છટકી ન શકે તેની ખાસ તકેદારી સાથે ઓપરેશન શરૂ થયુ હતું.

સામસામા ગોળીબાર વચ્ચે ત્રણેય ત્રાસવાદીને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. સૈન્ય સાથેનાં એન્કાઉન્ટરમાં ઠાર થયેલા ત્રણ ત્રાસવાદીના નામ જાહેર કરાયા હતા તેમાં આસીફ શેખ, આમીર નજીર વાની અને યાવર અહમદ બટનો સમાવેશ થાય છે.

અંગ્રેજી ટીવી ચેનલના રીપોર્ટ મુજબ ત્રણ પૈકીનો આસીફ શેખ પહેલગામ એન્કાઉન્ટરમાં સામેલ હતો. ધર્મ પૂછીને અને હિન્દુ પ્રવાસીઓને કલમા પઢવાનું કહીને ઓળખ મેળવવાનો પ્રયાસ કરનાર આ જ આતંકવાદી હતો.સૈન્યનાં સુત્રોએ કહ્યું કે આસીફ જૈશ-એ-મોહમ્મદનો ટોચનો કમાંડર હતો.

પહેલગામ હુમલામાં ચાર ત્રાસવાદી સામેલ હતા અને તેઓની શોધખોળ ચલાવવામાં આવી જ રહી છે. તે દરમ્યાન આજે ત્રાલ એન્કાઉન્ટરમાં તેનો ખાત્મો થતા સૌથી મોટી સફળતા ગણવામાં આવે છે.

સુત્રોએ એમ પણ કહ્યું કે, ઠાર થયેલા બીજા બે આંતકવાદીનાં નામ પણ પહેલગામ હુમલા બાદ સરકારે જે ૧૪ ખુંખાર ત્રાસવાદીનું લીસ્ટ જાહેર કર્યું હતુ તેમાં સામેલ હતા. જોકે સૈન્ય કે સરકાર દ્વારા હજુ તેની પુષ્ટિ કરવામાં આવી નથી.

સૈન્ય દ્વારા ૪૮ કલાકમાં બે એન્કાઉન્ટરમાં ૬ ત્રાસવાદીઓને ઢાળી દેવામાં આવ્યા છે. ગઈકાલે શોપિયામાં ત્રણ આતંકીને ઠાર કરાયા હતા.

આ એનકાઉન્ટર ત્રાલના નાદિર ગામમાં ચાલી રહ્યું હતુ. પુલવામામાં ૪૮ કલાકમાં આ બીજું એનકાઉન્ટર છે. આ પહેલાં મંગળવારે (૧૩ મે) શોપિયામાં લશ્કરના ત્રણ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ આતંકવાદીઓને સુરક્ષાદળોએ જિનપથેર કેલર વિસ્તારમાં ઘેરી લીધા હતા. આ ઓપરેશનને 'ઓપરેશન કેલર' નામ આપવામાં આવ્યું હતું.

સૈન્ય દ્વારા મોતને ઘાટ ઉતારવામાં આવેલા લશ્કરના એક આતંકવાદીઓનું નામ શાહીદ કુટ્ટે હતું, જે શોપિયાંનો રહેવાસી હતો. તે આઠ માર્ચ, ૨૦૨૩માં લશ્કરમાં સામેલ થયો હતો. વળી, બીજા આતંકવાદીની ઓળખ અદનાન શફી ડાર તરીકે થઈ હતી, જે વંડુના મેલહોરા, શોપિયાંનો રહેવાસી હતો. તે ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪માં લશ્કરમાં સામેલ થયો હતો. તે ૨૦૨૪માં શોપિયાંમાં બિનસ્થાનિક શ્રમિકની હત્યામાં સામેલ હતો.

## મેં ભારત-પાક વચ્ચે સીઝ ફાયર નથી કરાવ્યું, માત્ર મદદ કરી છે : ટ્રમ્પની ગુલાંટ

### પહેલગામ હુમલાથી લઈને ઓપરેશન સિંદૂર વિશે ટ્રમ્પના ચાર નિવેદનમાં ભારે વિરોધાભાસ

**સમય મિરર । નવી દિલ્હી**




અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગુરૂવારે કતારની મુલાકાતે હતા. દોહામાં અલ ઉદેદ એર બેઝ પર અમેરિકી સૈનિકોને સંબોધિત કર્યા હતું. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે પાંચ દિવસ પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ અંગેના પોતાના નિવેદનથી યુ-ટર્ન માર્યો છે. તેમણે કહ્યું કે મેં બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરી નથી, પરંતુ મેં મદદ કરી છે.

ટ્રમ્પે કહ્યું, 'હું એમ નથી કહેતો કે મેં આ કર્યું, પરંતુ એ ચોક્કસ છે કે મેં ગયા અઠવાડિયે ભારત અને પાકિસ્તાન વચ્ચે જે બન્યું તે સમાધાન કરવામાં મદદ કરી. ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ વધુ ભયાનક બની શકી હોત. બંને દેશોએ અચાનક મિસાઈલો છોડવાનું શરૂ કર્યું અને સમાધાન કરી લીધું.'

ભારત-પાકિસ્તાન વચ્ચેનાં યુદ્ધ વિરામમાં મધ્યસ્થતા કર્યાની અને વેપાર નહિં કરવાની ધમકીથી બન્ને દેશોએ તેનો સ્વીકાર કર્યાના ડોનાલ્ડ ટ્રમ્પનાં દાવાને ભારતે ફગાવી દીધા બાદ હવે અમેરિકી પ્રમુખનાં સુર બદલાયા છે. હવે તેઓએ એમ કહ્યું કે બન્ને દેશોને સીધી વાતચીત કરવા સુચવ્યુ છે.

અમેરિકી ગૃહવિભાગે હવે એવુ જાહેર કર્યું છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચેનાં યુદ્ધ વિરામનું અમેરિકાએ સ્વાગત કર્યું છે. ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફે અપનાવેલો શાંતિનો માર્ગ આવકારદાયક છે. પ્રાદેશીક સ્થિરતા જાળવવા બન્ને દેશોને આગ્રહ છે.

અમેરિકી પ્રમુખનુ આ મુદ્દે વલણ સ્પષ્ટ છે. તેઓ બન્ને દેશો વચ્ચે સીધી વાતચીતનો આગ્રહ કરે છે. અમેરિકા પણ આ જ સ્પષ્ટ વલણ અપનાવે છે. ભારતે મધ્યસ્થતાની વાત તથા ટ્રમ્પનાં દાવાને નકારી કાઢયા વિશે માર્કો રૂબિયોએ કહ્યું કે, મધ્યસ્થીની અટકળો વિશે કાંઈ કહેવાની જરૂર નથી. બન્ને દેશો વચ્ચે સીધી વાતચીતનું અમેરીકી પ્રમુખનું વલણ પણ સ્પષ્ટ છે. ટ્રમ્પ શાંતિવાહક છે શાંતિનું મુલ્ય સમજે છે સાથોસાથ ડીલમેકર પણ છે.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે ૧૦ મેના રોજ બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, 'મને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે અમેરિકાની મધ્યસ્થી હેઠળ લાંબી વાટાઘાટો પછી, ભારત અને પાકિસ્તાન સંપૂર્ણ અને તાત્કાલિક યુદ્ધવિરામ પર સંમત થયા છે. બંને દેશોને શાણપણ બતાવવા બદલ અભિનંદન.'

દેશની સુરક્ષા માટે મહત્વનો સાબિત થશે નવો લોન્ચ થનારો ઉપગ્રહ

## રવિવારે ઈસરો 101મો સેટેલાઈટ RISAT લોન્ચ કરશે

**સમય મિરર । નવી દિલ્હી**

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) ૧૮ મેના રોજ તેનો ૧૦૧મો ઉપગ્રહ RISAT-૧૮ લોન્ચ કરવા જઈ રહ્યું છે, જે પૃથ્વી નિરીક્ષણ અને દેખરેખ ક્ષમતાઓને વધારવા માટે મહત્વપૂર્ણ રહેશે. આ ઉપગ્રહ શ્રીહરિકોટાથી PSLV-C૬૧ દ્વારા લોન્ચ કરવામાં આવશે. ISROના ચેરમેન વી નારાયણને ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે અમે જાન્યુઆરીમાં શ્રીહરિકોટાથી અમારું ૧૦૦મું રોકેટ સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું, હવે ૧૮ મેના રોજ, ભારતનો ૧૦૧મો ઉપગ્રહ RISAT-૧૮ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ તરીકે લોન્ચ કરવામાં આવશે. આ ઉપગ્રહનો ઉદ્દેશ્ય ભારતની દેખરેખ, રિમોટ સેન્સિંગ અને આપત્તિ પ્રતિભાવ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવાનો છે, જે દેશની સુરક્ષા અને સલામતીમાં મદદ કરશે.

ISROના ચેરમેન વી નારાયણને એ પણ સ્પષ્ટતા કરી કે બધા ISRO મિશન ભારતની સુરક્ષા અને રાષ્ટ્રીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવે છે. ભારતીય સશસ્ત્ર દળો માટે કોઈ ખાસ લોન્ચ યોજનાઓ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે અમારા બધા કાર્યક્રમો આપણા લોકો અને દેશની સુરક્ષા માટે છે. અમે બીજા કોઈ દેશ સાથે સ્પર્ધા કરતા નથી. અમારું મિશન આપણી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. ISROએ આગામી મિશન EOS-૦૯ (RISAT-૧B)ની પણ જાહેરાત કરી છે, જે ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવશે. આ ઉપગ્રહ ભારતના પૃથ્વી નિરીક્ષણ કાર્યક્રમમાં બીજું એક મહત્વપૂર્ણ પગલું હશે. રાષ્ટ્રીય સુરક્ષા, દેખરેખ અને આપત્તિ વ્યવસ્થાપનમાં ISROના અવકાશ મિશન હવે વધુ મહત્વપૂર્ણ બની રહ્યા છે, જેનાથી દેશની તકનીકી અને વ્યૂહાત્મક શક્તિમાં વધારો થઈ રહ્યો છે.

## MP હાઈકોર્ટના આદેશને પડકારવા ગયેલા વનમંત્રીને સુપ્રીમે પણ ઝાટક્યા

### મંત્રીપદે બેઠેલા વ્યક્તિ પાસેથી આ પ્રકારના નિવેદનની અપેક્ષા ન હોય

**સમય મિરર । નવી દિલ્હી**

મધ્યપ્રદેશના વન મંત્રી વિજય શાહને ઓપરેશન સિંદૂર વિશે બ્રીફ આપનારા કર્નલ સોફિયા કુરૈશી પર આપત્તિજનક ટીપ્પણી કરવી ભારે પડી છે. વિજય શાહ મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા એફઆઈઆર નોંધવાના આદેશને પડકારવા સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતાં. જ્યાં સુપ્રીમ કોર્ટે પણ ઝાટકણી કાઢી છે.

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયાના નેતૃત્વ હેઠળની બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. CJIએ વિજય શાહના નિવેદન પર નારાજગી વ્યક્ત હાઈકોર્ટના આદેશ પર રોક મૂકવાનો ઈનકાર કરતાં કહ્યું કે, આ મામલે આવતીકાલે સુનાવણી કરીશું. પણ આવા સમયે આ પ્રકારની ટીપ્પણી કરવાની શું જરૂર હતી. મંત્રી પદ પર બેઠેલા વ્યક્તિ પાસેથી આ પ્રકારના નિવેદનની અપેક્ષા કરી શકાય નહીં. થોડું તો જવાબદારી સાથે બોલો.

સુપ્રીમ કોર્ટે વિજય શાહના કેસમાં હાઈકોર્ટના આદેશ પર કોઈ હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો છે. માફી માગવા પણ આદેશ આપ્યો છે. બીજી તરફ મધ્યપ્રદેશ હાઈકોર્ટે આજે ફરી આ મામલે પોલીસની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે કહ્યું કે, વિજય શાહ વિરૂદ્ધ નોંધાયેલી એફઆઈઆર આટલી નબળી કેમ છે? તમે કોઈપણ દબાણ વિના તપાસ કરો. એફઆઈઆરમાં સંપૂર્ણ આદેશને સામેલ કરી ફરીથી વ્યવસ્થિત લખો. ગઈકાલે જસ્ટિસ અતુલ શ્રીધરન અને જસ્ટિસ અનુરાધા શુક્લાની બેન્ચે મંત્રી વિરૂદ્ધ એફઆઈઆર નોંધવા આદેશ આપ્યો હતો. જેના પર આજે થયેલી સુનાવણી પર પોલીસની એફઆઈઆર પર વાંધો ઉઠાવતાં તેને ફરીથી લખવા આદેશ આપ્યો છે. ઓપરેશન સિંદૂર પર નિવેદન આપતી વખતે વિજય શાહની જીભ લપસી હતી અને તેમણે નિવેદન આપ્યું હતું કે, 'જે લોકોએ અમારી દિકરીઓને વિધવા બનાવી છે, તેમને પાઠ ભણાવવા માટે અમે તેમની બહેન મોકલી છે.' આ નિવેદનથી ભારે હોબાળો મચ્યો હતો. તેમજ તુરંત માફીની સાથે શાહ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવાની માગ ઉભી થઈ





હતી. કર્નલ સોફિયા કુરૈશી પર કથિત આપત્તિજનક ટીપ્પણી કરવા બદલ મંત્રી વિજય શાહ વિરૂદ્ધ નોંધાયેલા કેસમાં મધ્યપ્રદેશની હાઈકોર્ટે એફઆઈઆર નોંધવા આદેશ આપ્યો હતો. બુધવારે રાત્રે ઈન્દોર જિલ્લામાં એફઆઈઆર નોંધાઈ હતી. મંત્રી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની ૧૫૨, ૧૯૬(૧) (B) અને ૧૯૭ (૧)(C) હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. મંત્રીનો વીડિયો વાઈરલ થતાં રાજકારણમાં ખળભળાટ મચ્યો હતો. દેશભરમાં પણ તેઓ વિવાદમાં મુકાતા રાજીનામાની માગ ઉભી કરાઈ હતી. વિવાદ વધતાં મંત્રીએ વીડિયો રજૂ કરી માફી માગી હતી. તેમજ સોફિયા કુરૈશીને પોતાની બહેન ગણાવી હતી. તેમણે કહ્યું કે, મેં જે નિવેદન આપ્યું તેનાથી કોઈપણ સમાજ કે કોઈપણ વ્યક્તિની લાગણી દુભાઈ હોય તો તેના માટે હું ક્ષમા માગુ છું. હું અત્યંત દુઃખી પણ છું. આપણા દેશની બહેન સોફિયા કુરૈશીએ રાષ્ટ્ર ધર્મ નિભાવતા જાતિ અને સમાજથી ઉપર કામ કર્યું છે. હું હંમેશા બહેન સોફિયા અને આપણી સેનાના તમામ વીરોનું સન્માન કરુ છું. ફરી એકવાર હાથ જોડી માફી માગુ છું. કર્નલ સોફિયા કુરેશી વિરુદ્ધ મધ્યપ્રદેશના મંત્રીના વિવાદાસ્પદ નિવેદન પર નોંધાયેલી FIRની ભાષા પર હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ગુરુવારે, હાઈકોર્ટની ડબલ બેન્ચે મંત્રી વિજય શાહ સામેની FIRને માત્ર ઔપચારિકતા ગણાવી. હાઈકોર્ટે કહ્યું કે, હવે કોર્ટ આ પોલીસ તપાસ પર નજર રાખશે. આ કરવું જરૂરી છે જેથી તપાસ કોઈપણ દબાણથી પ્રભાવિત ન થાય. હાઈકોર્ટ આ કેસની ફરી સુનાવણી કરશે.

આ દરમિયાન, સુપ્રીમ કોર્ટે મંત્રી વિજય શાહની અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. ઉધડો લેતા સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે તમે હાઈકોર્ટમાં કેમ ન ગયા. તમે કેવા પ્રકારના નિવેદનો આપી રહ્યા છો? શું આપણે જોવું જોઈએ કે પરિસ્થિતિ કેવી છે? તમે એક જવાબદાર પદ પર છો, તમારે તમારી જવાબદારીઓ નિભાવવી જોઈએ. મધ્યપ્રદેશ સરકાર-એડવોકેટ જનરલ પ્રશાંત સિંહે કોર્ટને જણાવ્યું હતું કે કોર્ટના આદેશના આધારે, બુધવારે સાંજે ૭:૫૫ વાગ્યે ઇન્દોરના માનપુર પોલીસ સ્ટેશનમાં વિજય શાહ વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી હતી. પોલીસ તપાસ કરી રહી છે. હાઈકોર્ટ- જસ્ટિસ અતુલ શ્રીધરે કહ્યું કે આ કોઈ હત્યાની તપાસ નથી, પરંતુ વાંધાજનક ભાષણ સાથે સંબંધિત કેસ છે. આવી સ્થિતિમાં લાંબી તપાસની જરૂર નથી. ગુરુવારે પોતાનો આદેશ જાહેર કરતી વખતે, ન્યાયાધીશ અતુલ શ્રીધર અને ન્યાયાધીશ અનુરાધા શુક્લાની બનેલી હાઇકોર્ટની બેન્ચે કહ્યું હતું... FIR પર સંપૂર્ણ નજર નાખતાં, શંકાસ્પદ વ્યક્તિના કાર્યોનો એક પણ ઉલ્લેખ જોવા મળ્યો નથી જે તેની સામે નોંધાયેલા ગુનાઓના તત્વોને સંતોષે. FIR એવી રીતે નોંધવામાં આવી હતી કે જો તેને અગાઉના CRPCની કલમ ૪૮૨ હેઠળ પડકારવામાં આવે તો તેને રદ કરી શકાય કારણ કે તેમાં મહત્વપૂર્ણ વિગતોનો અભાવ હતો. કોર્ટ નિર્દેશ આપે છે કે ૧૪ મેના સમગ્ર આદેશને FIRના ફકરા ૧૨ના ભાગ રૂપે વાંચવામાં આવે.

## પહેલગામ હુમલામાં પાકિસ્તાનના TRFની સંડોવણીના સીધા પુરાવા UN સમક્ષ રજૂ કરતું ભારત

**સમય મિરર । નવી દિલ્હી**

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓએ ધર્મ પૂછીને ૨૬ પ્રવાસીઓની હત્યા કરી દીધી હતી. ત્યારબાદ ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને PoKના આતંકવાદી ઠેકાણાને નષ્ટ કર્યા હતા. હવે ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને તેના ફ્રન્ટ TRF ને બેનકાબ કર્યું છે. પહલગામ હુમલા પર ભારત હવે ય્ગ (યુનાઈટેડ નેશન્સ) પહોંચ્યું છે. ભારતે UNને આતંકવાદી સંગઠન TRF (ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ) સામે પુરાવા રજૂ કર્યા છે. ભારતે પુરાવા સાથે જણાવ્યું કે, પહલગામ આતંકવાદી હુમલામાં TRF અને પાકિસ્તાનનો હાથ છે.

ભારતે ગુરૂવારે (૧૫ મે) યુનાઈટેડ નેશન્સ ઑફિસ ઑફ કાઉન્ટર ટેરરિઝમ (UNOCT) એટલે સંયુક્ત રાષ્ટ્ર આતંકવાદ વિરોધિ કાર્યાલય અને કાઉન્ટર ટેરરિઝમ કમિટી એક્ઝીક્યુટિવ ડાયરેક્ટોરેટ (CTED) એટલે આતંકવાદ વિરોધી સમિતિ કાર્યકારી નિર્દેશાલય સામે પુરાવા રજૂ કર્યા. ભારતે પુરાવા સાથે TRF પર પ્રતિબંધ લાદવાની માંગ કરી હતી. ભારતે યુએન સમિતિમાં એ પણ જણાવ્યું કે, TRF આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલું છે. હકીકતમાં, જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં ૨૬ પ્રવાસીઓની હત્યા બાદ ભારતીય અધિકારીઓએ ગુરૂવારે (૧૫ મે) સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ૧૨૬૭ પ્રતિબંધ સમિતિની દેખરેખ ટીમને આંતકી સંગઠન TRFની ગતિવિધિઓ વિશે જાણકારી આપી હતી. ભારતે જણાવ્યું કે, પહલગામ હુમલામાં TRF પણ સામેલ હતું. ભારતીય ટીમે સંયુક્ત રાષ્ટ્ર આતંકવાદ વિરોધી કાર્યાલય અને આતંકવાદ વિરોધી સમિતિ કાર્યકારી નિર્દેશાલયના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. ભારતીય ટીમનો હેતુ TRFને વૈશ્વિક સ્તરે આતંકવાદી સંગઠન જાહેર કરી તેના પર પ્રતિબંધ લાદવાનો હતો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભારતે TRF ને સરહદ પારના આતંકવાદ સાથે જોડતા પુરાવા સાથે ય્ગ ની ૧૨૬૭ સમિતિનો સંપર્ક કર્યો છે. મે અને નવેમ્બર ૨૦૨૪ પછી આ ત્રીજી વખત છે જ્યારે ભારતે સમિતિનો સંપર્ક કર્યો છે. હકીકતમાં, TRF આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના પાકિસ્તાન સમર્થિત સંગઠન છે. તેણે શરૂઆતમાં ૨૨ એપ્રિલે થયેલા પહલગામ આતંકવાદી હુમલાની જવાબદારી લીધી હતી, જેમાં ૨૬ લોકોના મોત થયા હતાં. જોકે, બાદમાં તેણે પલટી મારી દીધી. ભારતીય અધિકારીઓનું કહેવું છે કે, આતંકવાદી સંગઠન TRFએ સરહદ પાર પોતના આકાઓના કહેવા પર હુમલાની જવાબદારીનો દાવો પરત લઈ લીધો હતો.

દુષ્ટ અને બેજવાબદાર પાકિસ્તાનના હાથમાં પરમાણુ શસ્ત્રો સુરક્ષિત છે ? સંરક્ષણ મંત્રીનો સવાલ

## પાકિસ્તાન જ્યાંથી ઉભું રહે છે, ભિખારીઓની લાઈન ત્યાંથી શરૂ થાય છે : રાજનાથ સિંહ

**સમય મિરર । નવી દિલ્હી**

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનની આકરી ઝાટકણી કાઢી છે. તેમણે વિશ્વભરને ચેતવીને કહ્યું છે કે, પાકિસ્તાન દુષ્ટ અને બેજવાબદાર દેશ છે, તેથી શું તેના હાથમાં પરમાણુ શસ્ત્રો સુરક્ષિત છે? આ સાથે તેમણે પાકિસ્તાનના પરમાણુ હથિયારો પર નજર રાખવા આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી(IAEA)ને માંગ કરી છે.

જમ્મુ-કાશ્મીર ગયેલા રાજનાથ સિંહે સૈનિકો સાથે વાતચીત દરમિયાન કહ્યું કે, 'ઓપરેશન સિંદૂરે આતંકવાદી સંગઠનો અને પાકિસ્તાન(Pakistan)માં તેના આકાઓને સ્પષ્ટ સંદેશો આપી દીધો છે કે, તેઓએ પોતાને ક્યાંય પણ સુરક્ષિત ન માનવા જોઈએ. હું વિશ્વભરને સવાલ ઉઠાવવા માંગું છું કે, દુષ્ટ અને બેજવાબદાર દેશ પાકિસ્તાનના હાથમાં પરમાણુ હથિયારો સુરક્ષિત છે?

તેમણે કહ્યુ કે, આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સીએ પાકિસ્તાનના પરમાણુ હથિયારો પર નજર રાખવી જોઈએ. ભારત ક્યારેય યુદ્ધના પક્ષમાં રહ્યું નથી, પરંતુ જ્યારે આપણા સાર્વભૌમત્વ પર હુમલો થશે, ત્યારે અમે જવાબ આપીશું. આતંકવાદ પર ભારત સાથે દગો કરવાની પાકિસ્તાન ભારે કિંમત ચૂકવી રહ્યું છે અને જો આતંકવાદ ચાલુ રહેશે તો આ કિંમત વધશે.

સંરક્ષણ મંત્રીએ ઓપરેશન સિંદૂરને આતંકવાદ વિરુદ્ધની ભારતની મોટી કાર્યવાહી ગણાવતાં કહ્યું કે, 'ભારતે વિશ્વભરને સ્પષ્ટ દેખાડી દીધું છે કે, અમે આતંકવાદ વિરુદ્ધ કોઈપણ હદ સુધી જઈ શકીએ છીએ. ઓપરેશન સિંદૂરે પાકિસ્તાનની છાતીમાં ઘા કર્યો છે અને તેના ઘાનો એકમાત્ર ઈલાજ આતંકવાદી સંગઠનોને આશ્રય આપવાનું બંધ કરવાનો અને તેની જમીનનો ઉપયોગ ભારત વિરુદ્ધ ન થવા દેવાનો છે.

## ઓપરેશન સિંદૂરમાં તૂર્કીના બે ડ્રોન ઓપરેટરના મોતથી પાકને મદદ કરી હોવાનો ભાંડો ફૂટ્યો

**સમય મિરર । નવી દિલ્હી**

ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય હુમલામાં બે તુર્કી લશ્કરી ઓપરેટર્સ પણ માર્યા ગયા હતા. એવું કહેવાય છે કે તુર્કીએ ૩૫૦ થી વધુ ડ્રોન આપીને ભારત સામેના સંઘર્ષમાં પાકિસ્તાનને મદદ કરી હતી એટલું જ નહીં, પરંતુ તેના સંચાલકો પાકિસ્તાની સેનાને પણ મદદ કરી રહ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, પઓપરેશન સિંદૂર દરમિયાન, તુર્કીના સલાહકારોએ ભારતમાં સંકલિત ડ્રોન હુમલાઓમાં પાકિસ્તાની લશ્કરી અધિકારીઓને મદદ કરી હતી. સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે પાકિસ્તાને ભારત સામે બાયરક્તાર TB2 અને YIHA ડ્રોનનો ઉપયોગ કર્યો હતો.

આ ડ્રોનનો ઉપયોગ લક્ષ્ય ઓળખ માટે અને સંભવત આત્મઘાતી હુમલાઓ માટે કરવામાં આવતો હોવાનું માનવામાં આવે છે, ખાસ કરીને ભારતીય ફોરવર્ડ પોઝિશન્સ અથવા સપ્લાય કાફલાઓ સામે. છેલ્લા ઘણા વર્ષોમાં, પાકિસ્તાને તુર્કી સાથે ગાઢ લશ્કરી સંબંધો વિકસાવ્યા છે. તુર્કી સરકારે પાકિસ્તાની સેનાને તાલીમ પણ આપી હતી.સંરક્ષણ નિષ્ણાતો માને છે કે તાજેતરના વર્ષોમાં પાકિસ્તાન અને તુર્કી વચ્ચેનું જોડાણ આશ્ચર્યજનક ગતિએ મજબૂત બન્યું છે. તુર્કીની સરકારે માત્ર મહત્વપૂર્ણ લશ્કરી સાધનો જ પૂરા પાડ્યા નથી, પરંતુ પાકિસ્તાની સૈન્યને તાલીમ પણ આપી છે.

એવું કહેવાય છે કે ૭-૮ મેની રાત્રે, પાકિસ્તાની સેનાએ ૩૦૦ થી ૪૦૦ ડ્રોન વડે ભારતની ઉત્તરી અને પશ્ચિમી સરહદો પર લશ્કરી માળખાને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. એક પ્રેસ કોન્ફરન્સમાં કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું હતું કે, ડ્રોનના કાટમાળની ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે. પ્રારંભિક અહેવાલો દર્શાવે છે કે આ તુર્કીના એસિસગાર્ડ સોંગર ડ્રોન છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ) એ તુર્કીની ઈનોનુ યુનિવર્સિટી સાથેનો પોતાનો કરાર રદ કરી દીધો છે. યુનિવર્સિટીએ આ નિર્ણય પાછળ ભારત-પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ અને તુર્કી દ્વારા પાકિસ્તાનને આપવામાં આવી રહેલા સમર્થન સામે દેશમાં વધી રહેલા રોષને કારણે રાષ્ટ્રીય સુરક્ષનો હવાલો આપ્યો છે.જેએનયુએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને તુર્કીની યુનિવર્સિટી સાથેનો સમજૂતી કરાર (MoU) સ્થગિત કરવામાં આવ્યો છે. યુનિવર્સિટીએ પોતાની પોસ્ટમાં વધુમાં લખ્યું હતું કે જેએનયુ રાષ્ટ્ર સાથે ઊભું છે. જેએનયુની વેબસાઈટ અનુસાર, આ કરાર ૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ત્રણ વર્ષ માટે કરવામાં આવ્યો હતો અને તે ૨ ફેબ્રુઆરી, ૨૦૨૮ સુધી ચાલવાનો હતો.

## ધ વર્લ્ડ એરાઉન્ડ

# અયોધ્યામાં પાંચ જૂને એક સાથે ૧૪ મંદિરમાં યોજાશે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ



**અયોધ્યા :** અયોધ્યાની પવિત્ર ભૂમિ ફરી એકવાર ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠાનું સાક્ષી બનવા જઈ રહી છે. પાંચમી જૂને રામ મંદિરમાં એકસાથે ૧૪ મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે. પાંચમી જૂને ગુરુવાર છે અને આ દિવસે ગંગા દશેરાનો તહેવાર છે, તેથી ગંગા દશેરાના શુભ અવસર પર શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ૧૪ મંદિરોમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ એકસાથે યોજાશે. પ્રાણ પ્રતિષ્ઠાના ક્રમમાં સૌપ્રથમ શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે. રામ જન્મભૂમિ સંકુલમાં શ્રી રામની સાથે શિવની પણ પૂજા કરવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની રૂપરેખા તૈયાર થઈ રહી છે. આ મહોત્સવ ત્રણથી પાંચ જૂન સુધી યોજાશે. જોકે, પૂજાની વિધિ 30 મેથી શરૂ થશે. આ દરમિયાન કાશી અને અયોધ્યાના ૧૦૧ આચાર્યો પ્રાણ પ્રતિષ્ઠા કરશે. 30 મેએ પરકોટાના શિવ મંદિરમાં શિવલિંગનો અભિષેક કરવામાં આવશે. શિવલિંગના અભિષેક માટે શિવ વાસ જરૂરી છે, તેથી આ દિવસે શિવજીનો વાસ રહેશે અને શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. ત્યારબાદ ગંગા દશેરા પર ૧૩ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરાશે., સાત દિવસીય અનુષ્ઠાન કાર્યક્રમ દરમિયાન પંચાંગ પૂજન, વેદ પૂજા, યજ્ઞ મંડપ પૂજન, અગ્નિ સ્થાપના, જલયાત્રા કરવામાં આવશે. આ ધાર્મિક વિધિની શરૂઆત યજ્ઞ મંડપ પૂજાથી થશે. ત્યારબાદ જલાધિવાસ, ઔષધિવાસ સહિત અન્ય અધિવાસ કરાશે. આ દરમિયાન વૈદિક આચાર્યો વિવિધ મંત્રોના જાપ, વાલ્મીકિ રામાયણનું પાઠ, ચારેય વેદોનું પાઠ, રામચરિત માનસનું પાઠ વગેરે સહિત વિવિધ ધાર્મિક વિધિઓ કરશે. મંદિરોમાં મૂર્તિઓની સ્થાપના માટે આરસપહાણના પથ્થરથી બનેલા બે ફૂટ ઊંચા સિંહાસન પણ બનાવાયા છે. આ સિંહાસન પર દેવતાઓની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવશે.

# સીરિયા પર પ્રતિબંધ દૂર કરવાની ટ્રમ્પની જાહેરાતથી લોકો ઉજવણી કરવા રાતભર રસ્તા પર ઉતર્યા

**નવી દિલ્હી :** અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સીરિયાના વચગાળાના નેતા અહમદ અલ-શારા સાથે ગઈકાલે બુધવારે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ ટ્રમ્પે સીરિયામાંથી પ્રતિબંધ દૂર કરવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત સાથે જ સીરિયામાં ખુશીનો માહોલ છવાયો છે. એક સમયે આતંકવાદી તરીકે જાહેર અહમદ અલ-શારા સાથે ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત વિશ્વભરમાં ચર્ચાનો વિષય બની છે. ઘણા દેશો અને મીડિયાએ આ મુલાકાતની ટીકા પણ કરી છે. પરંતુ સીરિયામાં આ મુલાકાતથી ખુશીનો માહોલ છવાયો છે. ગઈકાલે રાત્રે સીરિયામાં મોટી સંખ્યામાં લોકો માર્ગ પર ઉજવણી કરવા ઉતરી આવ્યા હતાં. લોકો નાચી રહ્યા રહ્યા હતા. સીરિયાના એક સમયે દુશ્મન ગણાતુ અમેરિકા આ મુલાકાત બાદ અચાનક મિત્ર બની ગયુ છે. સીરિયાના લોકો ટ્રમ્પના વખાણ કરી રહ્યા છે. આ મુલાકાતથી એક ઝાટકે જ સીરિયામાં માહોલ બદલાઈ ગયો છે. સીરિયાના લોકો માને છે કે, અમેરિકાનો પ્રતિબંધ દૂર થયાં બાદ તેમના દેશમાં આર્થિક વિકાસ શક્ય બનશે. સીરિયા વિશ્વની અન્ય મુખ્યધારાની જેમ આગળ આવશે. અમેરિકા દ્વારા સીરિયા પરથી પ્રતિબંધ દૂર કરતાં સીરિયાનો નવો જન્મ થવાની અપેક્ષા સ્થાનિકોએ વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે, અમારા માટે દાયકાઓથી ચાલી રહેલા સર્વનાશમાંથી ઉભરવાનું આ એક આશાનું કિરણ છે. હવે અમારા દેશમાં રોકાણો આવશે. આર્થિક વિકાસના માર્ગો મોકળા બનશે. અહમદ અલ શારાએ ટ્રમ્પ સાથે મુલાકાત બાદ નિવેદન આપ્યું છે કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આ નિર્ણય ઐતિહાસિક અને અત્યંત સાહસી છે. હવે એક નવું અને આધુનિક સીરિયા ઉભુ થશે. આ તો સીરિયા માટે પુનર્જન્મ સમાન છે. સીરિયા લાંબા સમયથી ગૃહ યુદ્ધનો સામનો કરી રહ્યું છે. આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટે કબજો કર્યો હતો. લાંબા સમયથી બશર અલ અસદ અને તેમના પરિવારનો તાનાશાહ રહ્યો. જેના લીધે સીરિયામાં ૯૦ ટકા વસ્તી ગરીબી રેખા નીચે જીવી રહી છે. હવે વિકાસનું નવુ કિરણ ખીલશે. બુધવારે ટ્રમ્પ અને અહમદ અલ શારા વચ્ચે સફળ બેઠક બાદ પ્રતિબંધો દૂર કરવાની જાહેરાતથી સીરિયાએ આખી રાત ઉજવણી કરી હતી. લોકો મોટી સંખ્યામાં રસ્તાઓ પર ઉતરી આવ્યા હતાં. ફટાંકડા અને ઝંડો લહેરાવતા ઝૂમી રહ્યા હતાં. દમિશ્કના પ્રચલિત ઉમ્મૈદ સ્ક્વેર પર હજારો લોકોનો જમાવડો જોવા મળ્યો હતો.

# મોદીએ ડરીને જાતિગત વસ્તી ગણતરીની જાહેરાત કરી : રાહુલ ગાંધી

**નવી દિલ્હી :** દરભંગામાં NSUIના 'શિક્ષા ન્યાય સંવાદ' કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ રાહુલ ગાંધી ગુરુવારે બપોરે ૨ વાગ્યે પટના પહોંચ્યા હતા. તેઓ સિટી સેન્ટર મોલ પહોંચી ગયા છે. અહીં તેઓ રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા સામાજિક કાર્યકરો સાથે 'ફૂલે' ફિલ્મ જોઈ. આ ફિલ્મ સમાજ સુધારક જ્યોતિબા ફૂલે પર આધારિત છે. રાહુલ ગાંધી જિલ્લા વહીવટીતંત્રની મંજુરી ન હોવા છતાં દરભંગા ખાતે આંબેડકર હોસ્ટેલ પહોંચ્યા. તેઓ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી શક્યા ન હતા. અહીં તેમણે સ્ટેજ પરથી સંબોધન કર્યુ હતું. NSUIના શિક્ષા ન્યાય સંવાદ કાર્યક્રમમાં રાહુલનું સંબોધન માત્ર ૧૨ મિનિટમાં પુર્ણ થઈ ગયું હતું. આ દરમિયાન તેમણે આંબેડકરની તસવીર પણ લહેરાવી હતી. રાહુલ કાર્યક્રમ સ્થળ પર ૧૫ મિનિટ રોકાયા હતા. બાદમાં દરભંગાથી પટના જવા નીકળી ગયા હતા. ડોકટરોમાં તમારા કેટલા લોકો શૂન્ય છે..શૂન્ય છે, શિક્ષણ સિસ્ટમમાં તમારા કેટલા લોકો શૂન્ય છે, મનરેગીના યાદી જુઓ તો બધા લોકો તમારા છે. મજુરોનું લિસ્ટ જુઓ તો તમારા લોકોનું જ ભરેલું છે. બધા રૂપિયા અને કોન્ટ્રાક્ટ ૮-૧૦ ટકા લોકોના હાથમાં જ જાય છે. 'દલિતો, પછાત અને અત્યંત પછાત વર્ગોની હોસ્ટેલમાં શું થાય છે?' 'બિહાર પોલીસે મને રોકવાનો પ્રયાસ કર્યો, પણ તેઓ મને રોકી શક્યા નહીં.' તમારા લોકોની તાકાત જ મારી સાથે હતી. પોલીસ અને કાર્યકરો સામ-સામે આવી ગયા છે. રાહુલ દલિત-લઘુમતી સમુદાયના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવા માંગતા હતા, પરંતુ વહીવટીતંત્રે તેમને હોસ્ટેલમાં તેમ કરવાની મંજૂરી આપી ન હતી. ત્યાર બાદથી હોબાળો ચાલી રહ્યો છે. આ પહેલા, રાહુલના કાફલાને દરભંગામાં લલિત નારાયણ મિથિલા યુનિવર્સિટી કેમ્પસથી ત્રણ કિલોમીટર પહેલા જ રોકવામાં આવ્યો હતો. રાહુલના પહોંચતા પહેલા, કાર્યક્રમના સ્થળને લઈને કોંગ્રેસના નેતાઓ અને વહીવટીતંત્ર આમનેસામને આવી ગયા હતા. તેમજ, કોંગ્રેસના નેતાઓ આંબેડકર હોસ્ટેલ નજીકના સ્થળે ભેગા થવા લાગ્યા હતાં. સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા હતા. ખરેખરમાં, નિર્ધારિત કાર્યક્રમ મુજબ, રાહુલ દરભંગામાં આંબેડકર છાત્રાલયમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવાના હતા. વહીવટીતંત્રે આ માટે મંજુરી આપી ન હતી. કોંગ્રેસના નેતાઓ ફક્ત આંબેડકર હોસ્ટેલમાં જ કાર્યક્રમ યોજવા પર મક્કમ હતા. આંબેડકર છાત્રાલયની બહાર કોંગ્રેસના નેતાઓએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. દરભંગાના ડીએમ રાજીવ રોશને કહ્યું, 'સ્થાન બદલવામાં કોઈ મંત્રી કે અન્ય વ્યક્તિની કોઈ ભૂમિકા નથી.' દેશભરમાં હોસ્ટેલમાં આવા કાર્યક્રમોની મંજૂરી નથી. તેમને આ અંગે જાણ કરવામાં આવી છે. મને આશા છે કે કોઈ ઉલ્લંઘન કે હોબાળો થશે નહીં.

## ઉતાવળે

- સોશિયલ મીડિયા પર સુદ્દાન વિશે પોસ્ટ કરવા બદલ સાઉદી સરકારે બ્રિટિશ બેન્કરને ૧૦ વર્ષની જેલ ફટકારી
- AIએ કહ્યું કે, તારો પતિ બેવફા છે : પત્નીએ વાત માનીને છૂટાછેડા લઈ લીધા
- રાજસ્થાનના શ્રીગંગાનગરના અનુપગઢમાં શંકાસ્પદ ડ્રોન મળી આવતા ખળભળાટ
- ચારધામ યાત્રામાં પહેલગામ હુમલા બાદ યાત્રિઓની સંખ્યામાં ઘટાડો : ગત વર્ષની તુલનાએ ૩૨ ટકા શ્રદ્ધાળુઓ ઘટ્યા
- યુદ્ધ વિરામ મુદ્દે હવે કોંગ્રેસ દેશભરમાં 'જયહિંદ સભાઓ' યોજાશે
- ભારતના સરહદી વિસ્તારમાં પાકિસ્તાની સિમકાર્ડ પર પ્રતિબંધ આંતરરાષ્ટ્રીય બોર્ડરની અંદર ૫૦ કિ.મી. સુધીના ગામોમાં બહારી લોકોનો પ્રવેશ નિષેધ

### ભારતે નો ટેરિફ વોરનો પ્રસ્તાવ મુક્યો હોવાની ટ્રમ્પની જાહેરાતથી

# શેરબજારમાં ખરીદીનું જોર વધતા સેન્સેક્સ ૧૨૦૦ પોઈન્ટના ઉછાળે બંધ

**સમય મિરર | નવી દિલ્હી**

શેરબજારમાં આજે ભારે વોલેટિલિટી વચ્ચે ઓટો, મેટલ, આઈટી અને રિયાલ્ટી શેરોમાં ખરીદી વધતાં બુલનું જોર વધ્યું હતું. સેન્સેક્સ ઈન્ટ્રા ડે ૧૯૫૫.૯૮ પોઈન્ટની વોલેટિલિટીના અંતે ૧૨૦૦ પોઈન્ટ ઉછાળે બંધ રહ્યુ હતું. નિફ્ટી પણ ૧૪૧ ટ્રેડિંગ સેશન બાદ ફરી પાછો ૨૫૦૦૦ના લેવલે બંધ રહ્યો છે. અગાઉ 30 સપ્ટેમ્બર, ૨૦૨૪માં ૨૫૮૧૦.૮૫ પર બંધ રહ્યો હતો. આજે ૩૯૫.૨૦ પોઈન્ટ ઉછળી ૨૫૦૬૨.૧૦ પર બંધ રહ્યો હતો. છેલ્લા ટ્રેડિંગ સેશનમાં મોટાપાયે વોલ્યૂમ વધતાં રોકાણકારોની મૂડીમાં ૫.૦૨ લાખ કરોડનો વધારો નોંધાયો હતો.

શેરબજાર આજે ફ્લેટ ખૂલ્યા બાદ ઘટ્યા હતાં. સેન્સેક્સમાં ઈન્ટ્રા ડે ૧૯૫૫.૯૮ પોઈન્ટની વોલેટિલિટી જોવા મળી હતી. બપોરે એક વાગ્યા બાદ માર્કેટ તેજીમાં આવ્યું હતું. સેન્સેક્સ ૧૪૦૦ પોઈન્ટ ઉછળ્યો હતો. જે અંતે ૧૨૦૦.૧૮ પોઈન્ટ ઉછાળે ૮૨૫૩૦.૭૪ પર બંધ રહ્યો હતો. નિફ્ટી પણ ૨૫૦૦૦ના લેવલે બંધ આપવામાં સફળ રહ્યો હતો.

વૈશ્વિક સ્તરે સકારાત્મક સંકેતો તેમજ સ્થાનિક સ્તરે પણ આર્થિક ગ્રોથ વેગવાન હોવાના અંદાજ સાથે શેરબજાર ફરી તેજીમય બન્યું છે.



આજે ડોનાલ્ડ ટ્રમ્પના ભારત સાથે ટ્રેડ ડીલ મુદ્દે નિવેદને શેરબજારમાં પ્રાણ ફૂંક્યા હતાં. ટ્રમ્પે નિવેદન આપ્યું છે કે, ભારતે અમેરિકા સમક્ષ ઝીરો ટેરિફ ડીલ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આજે જાહેરાત કરી હતી કે, ભારતે અમેરિકા સાથે ''નો ટેરિફ'' વેપાર કરાર કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. ત્યારબાદ રોકાણકારોમાં જુસ્સો વધ્યો હતો. ટ્રમ્પે કહ્યું કે, ''ભારતમાં વેચાણ કરવું ખૂબ જ મુશ્કેલ છે, અને તેઓ અમને એક એવી ડીલ ઓફર કરી રહ્યા છે જ્યાં મૂળભૂત રીતે તેઓ શાબ્દિક રીતે અમારી પાસેથી કોઈ પણ ટેરિફ વસૂલવા માગતા નથી.

કોમોડિટી માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. જેથી ફુગાવા અંગે ચિંતા ઓછી થઈ છે અને કોર્પોરેટ માર્જિન માટે આઉટલુક વધ્યો છે. નબળી વૈશ્વિક માંગ વચ્ચે બ્રેન્ટ ક્રૂડ ૩% ઘટી ૬૩.૮૬ ડોલર પ્રતિ બેરલ બોલાઈ રહ્યું હતું.

ફુગાવામાં નોંધનીય ઘટાડો નોંધાતા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરોમાં ઘટાડો જાહેર કરી શકે છે. જેના લીધે રિયાલ્ટી અને મેટલ શેર્સમાં ખરીદી વધી હતી. ૨

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) ફરી પાછા લેવાલ બન્યા છે. ગઈકાલે રૂ. ૯૩૧.૮૦ કરોડની ખરીદી નોંધાવી હતી. સામે ડીઆઈઆઈ પણ શેરબજારમાંથી નીચા મથાળે ખરીદી કરી રહ્યું છે.

# શશી થરૂરે સરકાર-મોદીના વખાણ કરીને લક્ષ્મણરેખા પાર કરી દીધી છે : કોંગ્રેસ

## CWCની બેઠકમાં સરકાર ઓપરેશન સિંદૂર પર રાજકારણ કરી રહી હોવાનો આરોપ

**સમય મિરર | નવી દિલ્હી**

બુધવારે દિલ્હીમાં કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC)ની બેઠક મળી. આમાં ઓપરેશન સિંદૂર મુદ્દે શશિ થરૂર સહિત પાર્ટીના કેટલાક નેતાઓના નિવેદનો પર ચર્ચા થઈ. સાથે જ કેન્દ્ર સરકાર પર ઓપરેશન સિંદૂર પર રાજકારણ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

ANI અનુસાર, બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે, 'આ સમય પોતાના વિચારો વ્યક્ત કરવાનો નથી, પરંતુ પાર્ટીના સત્તાવાર વલણને સ્પષ્ટ કરવાનો છે.' આપણે એક લોકશાહી પાર્ટી છીએ, અને લોકો પોતાના મંતવ્યો વ્યક્ત કરતા રહે છે, પરંતુ આ વખતે થરૂરે લક્ષ્મણ રેખા પાર કરી દીધી છે.

ખરેખરમાં, શશિ થરૂરે ૮ મેના રોજ કેન્દ્ર સરકારની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર પાકિસ્તાન અને વિશ્વ માટે એક મજબૂત સંદેશ છે. ભારતે ૨૬ નિર્દોષ



નાગરિકોના મોતનો બદલો લેવા માટે ચોક્કસ કાર્યવાહી કરી છે.

CWCએ તેના પ્રસ્તાવમાં કહ્યું - રાષ્ટ્ર શોક અને સંકલ્પમાં એકજુથ છે. ભારતીય સશસ્ત્ર દળોએ સમય-સમયે આગળ આવીને આપણા રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને અખંડિતતાના રક્ષણ માટે બહાદુરીથી કાર્ય કર્યું છે.

કોંગ્રેસે કહ્યું કે ઓપરેશન સિંદૂર દેશના સંરક્ષણ દળો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું અને તેથી કોઈ પણ રાજકીય પક્ષ તેના પર વિશિષ્ટ દાવો કરી શકે નહીં, જે રીતે ભાજપ કરી રહ્યું છે.

દિલ્હીમાં કોંગ્રેસ હેડક્વાર્ટરમાં યોજાયેલી બેઠકમાં રાહુલ ગાંધી, કેસી વેણુગોપાલ, પ્રિયંકા ગાંધી અને અન્ય CWCના સભ્યો અને નેતાઓ હાજર રહ્યા હતા. વિદેશ સચિવ વિક્રાંત મિસરી, કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહની હાજરીએ સાબિત કર્યું કે આ લડાઈ હિન્દુ-મુસ્લિમની નથી, પરંતુ આતંક સામે ભારતની એકતાની છે. નાગરિકોને કોઈ નુકસાન ન થાય તે માટે રાત્રે ૧ વાગ્યા પછી જ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. ટારગેટ માત્ર આતંકવાદી અડ્ડાઓ હતા, પાકિસ્તાની સેના કે સરકારી સંસ્થાઓ નહીં. CWC પ્રસ્તાવમાં કેન્દ્ર સરકાર પર ઘણા સવાલો ઉઠાવીને કહેવાયુ હતું કે, પહેલગામ આતંકવાદી હુમલામાં ગુપ્તચર નિષ્ફળતા એક ગંભીર બાબત છે. આનાથી સવાલ ઉભા થાય છે, જે ચિંતાજનક છે. પ્રદેશમાં વધતા તણાવ અને ધમકીઓ છતાં, આતંકવાદીઓ એક મોટો હુમલો કરવામાં સફળ રહ્યા.

હજુ સુધી કોઈ જવાબદારી નક્કી કરવામાં આવી નથી. હુમલા માટે જવાબદાર આતંકવાદીઓની ધરપકડ થવી જોઈએ અને તેમની સામે કેસ ચલાવવો જોઈએ. સરકારે પહેલગામ હુમલામાં થયેલી ભૂલ અંગે સ્પષ્ટતા આપવી જોઈએ અને પગલાં ભરવા જોઈએ.

પાકિસ્તાન સામે ભારતની બદલાની કાર્યવાહી નો અચાનક અંત (યુદ્ધવિરામ) પણ ખૂબ જ આશ્ચર્યજનક છે. આનાથી પણ ઘણા સવાલો ઉભા થાય છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન પરેશાન કરનારું છે. ટ્રમ્પના નિવેદન પર કેન્દ્ર સરકારનું મૌન સમજની બહાર છે. આ અમને સ્વીકાર્ય નથી.

### IMF-વર્લ્ડબેન્ક અને મૂડીઝની ભવિષ્યવાણી

# પાકિસ્તાન-તૂર્કી એકઠાં થઈને પણ ભારતનો મુકાબલો ન કરી શકે

**સમય મિરર | નવી દિલ્હી**

ભારત-પાક. વચ્ચેના તણાવમાં તુર્કીએ પાકિસ્તાનને સમર્થન આપ્યું છે. ત્યારે આઈએમએફ, વર્લ્ડ બેન્ક અને મૂડીઝે મહત્વની ભવિષ્યવાણી કરી છે કે પાકિસ્તાન-તુર્કી મળીને પણ નહીં કરી શકે ભારતનો મુકાબલો.

ભારત સાથેના તણાવની વચ્ચે તુર્કીના પ્રમુખ રેચેપ તૈયપ એર્દોગને પાકિસ્તાન માટે પોસ્ટ કરતા કહ્યુ કે કે માય ડિટર શાહબાઝ, કંઇ પણ થાય અમે પાકિસ્તાનનો સાથ આપીશું. ભારત અને પાકિસ્તાનની લડાઈમાં તુર્કીનો સંબંધ કોઇનાથી છૂપો નથી. તુર્કીએ સૌથી પહેલા પાકિસ્તાનને ડ્રોન આપ્યા હતા, જેનો ભારત વિરૂધ્ધ ઉપયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ તે તમામ નિષ્ફળ ગયા હતા.

પાકિસ્તાન જો તેવા ભ્રમમાં હોય કે તુર્કી સાથે મળીને ભારત સામે મુકાબલો કરી શકશે તો આ તેની મોટી ભૂલ છે કેમ કે ભારત આજે મોટુ સુપરપાવર બની ચૂક્યુ છે જેની સામે તુર્કી ટકી શકશે નહી.

પાકિસ્તાનની કંગાળીયત વિશે બધાને પહેલાથી જ ખબર હતી અને હવે ફરી એકવાર તેની સ્થિતિ આખી દુનિયા સમક્ષ ખુલી ગઈ છે કે તણાવ વચ્ચે તે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) પાસેથી કેવી રીતે લોન માંગી રહ્યું હતું. હવે જો આપણે તેના નજીકના મિત્ર તુર્કીની અર્થવ્યવસ્થાની વાત કરીએ તો ભારત સામે તેની પણ કોઈ જ વિસાત નથી. જો બંને એકસાથે આવે તો પણ ભારતનું અર્થતંત્ર તેના કરતા બમણાથી પણ વધુ હશે. મૂડીઝ, IMF, વિશ્વ બેંક જેવા વિવિધ આંતરરાષ્ટ્રીય મંચો હંમેશા ભારતના વિકાસ વિશે સકારાત્મક આગાહીઓ કરે છે, જ્યારે પાકિસ્તાન વિશે ચિંતા વ્યક્ત કરે છે. આ મંચો કહે છે કે માત્ર બે વર્ષમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે. હાલમાં, ભારત પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે અને આ વર્ષે જ તે જાપાનને પાછળ છોડીને ચોથું સૌથી મોટું અર્થતંત્ર બનશે, જ્યારે ૨૦૨૭માં જર્મની પણ પાછળ રહી જશે.

### આતંકવાદીઓ પાક સરકારના પીઠ્ઠું હોવાનું પ્રમાણ

# ઓપરેશન સિંદૂરમાં તબાહ થયેલા જૈશ અને લશ્કરે - તોયબાના ત્રાસવાદી અડ્ડા પાક.સરકાર ફરીથી બનાવી દેશે!

**સમય મિરર | નવી દિલ્હી**

ભારતે ઓપરેશન સિંદુરમાં તબાહ કરેલા જૈશ એ મોહમ્મદ તથા લશ્કરે તોયબાના ત્રાસવાદી તાલીમ કેમ્પો પાક સરકાર ફરી બનાવી દેશે.

ત્રાસવાદીઓ સાથેના ગઠબંધનનો પુરો ચહેરો હવે ખુલ્લો પડી ગયા છે. પાક વડાપ્રધાન શાહ-બાઝ શરીફે જાહેરાત કરી કે ઓપરેશન સિંદુરમાં આ કેમ્પોને નુકશાન થયુ છે.

તેની પાક સરકાર જ ભરપાઈ કરશે અને જેના પુત્ર-પત્ની-ભાઈ સહિત ૧૪ સંબંધીઓ ભારતના હુમલામાં માર્યા ગયા તે મસૂદ અઝહરને રૂા.૧૪ કરોડની મદદ કરશે. મસૂદના પરિવારના દરેક વ્યક્તિ દીઠ રૂા.૧-૧ કરોડ અપાશે અને ઘાયલોને રૂા.૧૦થીરૂા.૨૦ લાખની મદદ કરશે.



પાક પીએમ યાફિસ તેના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર પણ માહિતી પોસ્ટ કરી છે. તા.૬-૭ મે ની ભારતની કાર્યવાહી સંદર્ભમાં આ મદદ કરશે. ભારતે પાક ઉપરાંત પાક કબ્જાના કાશ્મીરમાં ત્રાસવાદી કેમ્પોનો સફાયો કર્યો છે.

હવે તેને પુનઃ બાંધવામાં પાક સરકાર મદદ કરશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ આતંકી કેમ્પમાં જે ત્રાસવાદીઓ માર્યા ગયા તેના જનાજામાં પાક સેનાના અધિકારીઓ પણ જોડાયા હતા અને તે તસ્વીરો પણ વાઈરલ થઈ હતી. હવે ત્રાસવાદીઓની મદદથી જાહેરાત કરીને પાક પુરૂ ખુલ્લુ પડી ગયુ છે.

# પાકિસ્તાનના કટ્ટરપંથી નેતાઓ અને આતંકવાદીઓ ઓપરેશન સિંદૂરથી ફાટી પડ્યા

## બૂલેટપ્રુફ કાચ પાછળ ઉભા રહીને ભારત વિરોધી ભાષણ આપ્યું

**સમય મિરર | નવી દિલ્હી**

પાકિસ્તાનના કરાચીમાં એક એવી રેલી યોજાઈ. જેણે પાકિસ્તાનની આતંકવાદ સમર્થક માનસિકતાને ફરીથી ઉજાગર કરી. દિફા-એ-વતન કાઉન્સિલ (DWC)ના બેનર હેઠળ આયોજિત આ રેલીમાં લશ્કર-એ-તૈયબા (LeT) અને અહલે સુન્નત વલ જમાત જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોના નેતા સામેલ હતા. જિન્ના બાગમાં હજારો કટ્ટરપંથીઓએ પાકિસ્તાની સેનાના વખાણ કર્યા અને ભારત વિરોધી ભડકાઉ ભાષણ આપ્યા. રેલીમાં લશ્કરના કમાન્ડર ફૈઝલ નદીમે બુલેટપ્રૂફ ગ્લાસની પાછળ ઉભા રહીને ભારત વિરોધી ઝેર ઓંક્યું. જેનાથી તેની કાયરતા પણ સામે આવી.

આ રેલીએ પાકિસ્તાનની સેના અને આતંકવાદી સંગઠનોની સાંઠગાંઠને ઉજાગર કરી દીધી. જમીયત ઉલેમા-એ-ઇસ્લામ-ફઝલ (JUI-F)ના પ્રમુખ મૌલાના ફઝલુર રહમાને આ આયોજનનું નેતૃત્વ કર્યું. રેલીમાં આપવામાં આવેલા ભાષણોમાં ભારતને ખુલ્લી ધમકીઓ આપવામાં આવી અને તણાવને ધર્મથી જોડીને રજૂ કરાયો. આ રેલી ભારતના ઓપરેશન સિંદૂરનો જવાબ આપવા માટે હતી. જેમાં ભારતીય વાયુસેનાએ ૭ મેના રોજ પાકિસ્તાન અને પાક. અધિકૃત જમ્મુ કાશ્મીરના ૯ આતંકવાદી ઠેકાણાઓને નષ્ટ કરી દીધા હતા.

લશ્કર-એ-તૈયબાના કમાન્ડર ફૈઝલ નદીમે પોતાના જીવના ડરે બુલેટપ્રૂફ ગ્લાસની પાછળથી ભાષણ આપ્યું. સોશિયલ મીડિયા પર વાયરલ તસવીરોમાં તેમની આ કાયરતા સ્પષ્ટ દેખાઈ. એક યૂઝરે કટાક્ષ કરતા લખ્યું કે, પહેલા દેશના વડાપ્રધાન બુલેટપ્રૂફ કાચની પાછળ ભાષણ આપતા હતા. હવે આતંકવાદી એવું કરે છે. આ રેલી લશ્કરના રાજનીતિક મોરચા ડ્ઢખ્ખક દ્વારા આયોજિત કરાઈ હતી. જે આતંકવાદી સંગઠનની આડમાં પોતાની ગતિવિધિઓ ચલાવે છે.

લશ્કર-એ-તૈયબાને સંયુક્ત રાષ્ટ્ર અને પાકિસ્તાને પ્રતિબંધિત કર્યું છે અને તે છતા પણ આ સંગઠન ખુલેઆમ રેલીઓ કરે છે અને ફંડ એકઠું કરે છે. કરાચીની આ રેલીએ પાકિસ્તાનની બેવડી નીતિને ફરીથી ઉજાગર કરી. આંતરરાષ્ટ્રીય પત્રકાર યાલ્દા હકીમે કહ્યું કે, પાકિસ્તાની સેના અને આઈએસઆઈનો લશ્કરને સમર્થન આપવાનો લાંબો ઈતિહાસ છે. આ રેલી એવા સમયે થઈ, જ્યારે પાકિસ્તાને ભારતની સાથે સીઝફાયર કરાર કર્યો હતો, જેનાથી તેમની નીતિ પર સવાલ ઉઠે છે.

# કતારની બોઈંગ ભેટની ઓફર મામલે ટ્રમ્પ બરાબરના ભેરવાયા

## આ સરકાર વચ્ચેનો સ્વભાવિક વ્યવહાર છે, વ્યક્તિગત નથી : કતાર

**સમય મિરર | નવી દિલ્હી**

કતાર તરફથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ૪૦૦ મિલિયન ડોલરનું બોઈંગ વિમાન ભેટમાં આપવામાં આવશે, એવા સમાચાર આવ્યા ત્યારની આ મુદ્દો વિવાદનું કારણ બન્યો છે. અમેરિકામાં ટ્રમ્પનો વિરોધ પક્ષ તો ઠીક ખુદ ટ્રમ્પના પોતાના પક્ષના રાજકારણીઓ પણ આ ભેટ સ્વીકારવાની તૈયારી દાખવવા બદલ ટ્રમ્પની ટીકા કરી રહ્યા છે. ઘણા તેને ગેરકાયદેસર વિદેશી દાન અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવી રહ્યા છે.

તાજેતરમાં ટ્રમ્પે મધ્યપૂર્વના દેશોની મુલાકાત લીધી એમાં બુધવારે તેઓ કતાર ગયા હતા. કતાર દ્વારા તેમને બોઈંગ ૭૪૭-૮ વિમાન ભેટ આપવામાં આવશે એવા સમાચારે માધ્યમો ગજાવ્યા અને એની ટીકા થઈ રહી હોવાથી કતારના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલરહેમાન બિન જાસિમ અલ-થાનીએ ઈગગને આપેલા ઈન્ટરવ્યૂમાં સ્પષ્ટતા કરવી પડી છે કે, 'આ એક ખૂબ જ સરળ સરકાર-થી-સરકાર (ગવર્નમેન્ટ ટુ ગવર્નમેન્ટ)નો વ્યવહાર છે. અમેરિકા કે કતાર બંને પક્ષે એમાં વ્યક્તિગત કશું નથી.'

કતાર તરફથી મળેલા વિમાનને ટ્રમ્પ એરફોર્સ વન પ્લેનની જેમ વાપરશે અને એમના કાર્યકાળ પછી એ વિમાન દેશને ભેટ આપી દેશે, એવી વિગતો જાહેર થતાં અમેરિકાના રાજકારણીઓ આ મુદ્દે ટીકા કરી રહ્યા છે. અમુક રાજકારણીઓએ આ ભેટને ગેરકાયદેસર વિદેશી દાન ગણાવ્યું છે. તો અમુક એને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવી રહ્યા છે, કેમ કે વિદેશી વિમાનમાં એવા કોઈ ગેજેટ્સ છુપાવેલા હોઈ શકે છે, જે ટ્રમ્પની જાસૂસી કરવા સક્ષમ હોય. ડેમોક્રેટ્સ પક્ષના નેતાઓ ટીકા કરે એ તો સમજી શકાય એવી વાત છે, પણ આ મુદ્દે તો ટ્રમ્પના પોતાના પક્ષ રિપબ્લિકન પાર્ટીના નેતાઓ પણ કચવાઈ રહ્યા છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં ટ્રમ્પે આ ભેટ બાબતે એવું કહ્યું હતું કે, કતારની ઓફરનો ઈનકાર કરવો એ 'મૂર્ખતા' હશે. આ વિમાનનો ઉપયોગ ભવિષ્યમાં અન્ય અમેરિકન રાષ્ટ્રપતિઓ પણ કરી શકશે.

ટ્રમ્પે પદ છોડ્યા પછી કતાર દ્વારા અપાયેલું વિમાન તેમની લાઈબ્રેરીમાં દાનમાં આપવાની વાત કરી છે, જેનો અર્થ એ થાય છે કે ફક્ત રિપબ્લિકન નેતાઓને જ એ વિમાનમાં મુસાફરી કરવાનો વિશેષાધિકાર મળશે.

ટ્રમ્પને મોંઘું વિમાન ભેટ આપવાની ચાલ કતાર ચાલી રહ્યું છે, એવી ચર્ચા ચાલતાં અલ-થાનીએ કહ્યું હતું કે, 'અમારે અમેરિકાની ફેવર મેળવવા માટે આવી કોઈ ભેટ આપવાની જરૂર નથી. તમે છેલ્લા ૧૦ વર્ષોમાં યુએસ-કતાર સંબંધો પર નજર નાંખો તો જણાશે કે અમેરિકાને જ્યારે પણ જરૂર પડી છે ત્યારે કતાર એની પડખે ઊભું રહ્યું છે, પછી ભલે તે આતંકવાદ સામેના યુદ્ધમાં હોય, અફઘાનિસ્તાનમાંથી અમેરિકાનું સ્થળાંતર કરવાનું હોય, કે પછી વિવિધ દેશોમાંથી બંધકોને મુક્ત કરવાનું હોય.'

CNN દ્વારા જ્યારે એવું પૂછવામાં આવ્યું કે, 'જો તેમની ભેટ ગેરકાયદે માનવામાં આવશે તો તેઓ શું કરશે?' જવાબમાં અલ-થાનીએ કહ્યું હતું કે, 'તો અમે ભેટ નહીં આપીશું! આમ તો ગેરકાયદેસર વ્યવહારોને છુપાવવા માટે ઘણા રસ્તા હોય છે, જેના વિશે જનતા જાણી શકતી નથી, પણ અમે કંઈપણ ગેરકાયદે કરીશું નહીં. આ એક ખૂબ જ સ્પષ્ટ વિનિમય છે જે વ્યક્તિગત નથી, પણ બે સરકારો વચ્ચે થઈ રહ્યો છે.'

અલબત્ત, ટ્રમ્પને બોઈંગને ભેટ આપવી કે નહીં એ બાબતે વિવાદ છેડાઈ જતાં આ મુદ્દાની હાલમાં સમીક્ષા કરવામાં આવી રહી છે.

### હું નથી ઈચ્છતો કે એપલની પ્રોડક્ટ્સ ભારતમાં બને : ડોનાલ્ડ ટ્રમ્પ

# અમેરિકામાં ઉત્પાદન વધારવા એપલના CEO ટિમ કૂકને ટ્રમ્પની અપીલ

**સમય મિરર | નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એપલના CEO ટિમ કૂકને કહ્યું છે કે, ભારતમાં ફેક્ટરીઓ સ્થાપવાની કોઈ જરૂર નથી. હું નથી ઈચ્છતો કે એપલના ઉત્પાદનો ત્યાં બને. ભારત પોતાનું ધ્યાન રાખી શકે છે.

ગુરુવારે કતારની રાજધાની દોહા-માં બિઝનેસ લીડર્સ સાથેના એક કાર્યક્રમમાં ટ્રમ્પે એપલના CEO સાથેની પોતાની વાતચીત વિશે માહિતી આપી. તેમણે કહ્યું કે, એપલે હવે અમેરિકામાં ઉત્પાદન વધારવું પડશે. તે જ સમયે, ટ્રમ્પે કહ્યું કે ભારતે અમને વેપારમાં શૂન્ય ટેરિફ સોદો ઓફર કર્યો છે. તેમણે કહ્યું કે ભારત વેપારમાં અમારી પાસેથી કોઈ ફી લેવા તૈયાર નથી. ગઈકાલે મને ટિમ કૂક સાથે થોડી મુશ્કેલી પડી. મેં તેમને કહ્યું, ''ટિમ, તું મારો મિત્ર છે, મેં તમારી સાથે ખૂબ સારો વ્યવહાર કર્યો, તમે ૫૦૦ બિલિયન ડોલર લઈને આવી રહ્યા છે, પણ હવે મેં સાંભળ્યું છે કે તમે આખા ભારતમાં ઉત્પાદન કરી રહ્યા છો.'' હું નથી ઈચ્છતો કે તમે ભારતમાં ઉત્પાદન કરો. જો તમે ભારતની સંભાળ રાખવા માંગતા હો, તો તમે ભારતમાં ઉત્પાદન કરી શકો છો કારણ કે ભારત વિશ્વમાં સૌથી વધુ ટેરિફવાળા દેશોમાંનો એક છે. ભારતમાં વેચાણ કરવું ખૂબ જ મુશ્કેલ છે, અને તેમણે અમને એક એવો સોદો ઓફર કર્યો છે જ્યાં તેઓ અમારી પાસેથી કોઈ ટેરિફ વસૂલવા તૈયાર નથી. મેં ટિમને કહ્યું, ''ટિમ, જુઓ, અમે તમારી સાથે ખૂબ સારો વ્યવહાર કર્યો છે, તમે ચીનમાં બનાવેલા બધા પ્લાન્ટ અમે વર્ષોથી સહન કર્યા છે, હવે તમારે USમાં ઉત્પાદન કરવું પડશે, અમે નથી ઈચ્છતા કે તમે ભારતમાં ઉત્પાદન કરો.''

સિટી બસ સેવા 'કોમા'માં, પાટે ચડાવવામાં મહાનગરપાલિકા 'નાદાર'!

# RMCની સિટી બસ સેવા ભાંગીને ભૂક્કો

## કુલ ૨૩૪માંથી માત્ર ૮૬ જ ઓનરોડ, બસ સેવા ન ખોરવાય એ જવાબદારી એજન્સીની હોય : બ્લેકલિસ્ટ જેવા પગલાં લેવાય તો એજન્સીને રેલો આવે

### 'સિંગલ શિફ્ટથી અમારું ઘર ચાલતું નથી' તેવું બહાનું કરી ૧૧૬ ડ્રાઈવર કામે ચડતા નથી



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાએ પહેલા લોકોને સિટી બસના પરિવહનની ટેવ પાડી. વાત સારી છે પણ નિરંતર સેવાના ધાંધિયાથી શહેરીજનો હાલ તો ઉલમાંથી ચુલમા પડ્યા જેવી હાલત છે. સિટી બસ સેવામા એક સંધાય ત્યા તેર તૂટે તેવી સ્થિતિ વચ્ચે હવે ડ્રાઈવર આડા ફાટ્યા છે. બીજીબાજુ 'રમકડા' જેવી કેટલીક એ.સી. બસ હીટવેવમાં આવી જતા વાયરીંગ બળી ગયા છે અને રિપેરિંગમાં પડી છે. કુલ ૨૩૪ પૈકી હાલ ૧૪૮ બસ બંધ છે. માત્ર ૮૬ બસથી જ શહેરનું સામુહિક પરિવહન ધકેલ પંચા દોઢસોની જેમ ચાલે છે. નવા એસ.ઓ.પી. મુજબ ડ્રાઈવર પાસે વધુમાં વધુ ૮ કલાક કામ લઈ શકાશે. બીજીબાજુ ડ્રાઈવરો એવુ બહાનુ કરીને હડતાળ પર ઉતરી ગયા છે કે, સિંગલ સિફ્ટમાં અમારું ઘર ચાલતુ નથી. હાલ ૭૩ સિટી બસ અને ૪૩ એસી બસના ડ્રાઈવરો કામ પર આવતા નથી. કુલ ૧૧૬ ડ્રાઈવરો હડતાળ પર ઉતરી જતા સમગ્ર શહેરની બસ સેવા 'કોમા' પર ડચકા ખાઈ રહી છે.

રાજકોટનાં ઈન્દિરા સર્કલ પાસે સર્જાયેલા સિટીબસનાં અકસ્માત બાદ ખોરવાયેલી સિટીબસ સેવા હજુ પણ યોગ્ય રીતે પૂર્વવત થઈ નથી. અગાઉ ગરમીના કારણે બંધ થયેલી બસો રિપેરિંગ થયા બાદ હવે ડ્રાઈવરોનાં અભાવે ૨૩૪ પૈકી ૧૪૮ બસો બંધ હોવાનું સામે આવ્યું છે. મનપા દ્વારા એજન્સીને આ માટે દરરોજ રૂ. ૧૪.૮૦ લાખનો દંડ ફટકારવામાં આવતો હોવાનું સિટી ઈજનેર પરેશ અઢીયાએ જણાવ્યું છે. ઈન્દિરા સર્કલની ઘટના બાદ કડક બનેલી મનપાના સિટી ઈજનેર પરેશ અઢિયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, હાલમાં સુરક્ષાના નામે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવા માટે તંત્ર તૈયાર નથી.

### એજન્સીને પ્રતિ બસ રૂ.૧૦,૦૦૦ દંડ લેખે દરોજ ૧૪.૮૦ લાખની પેનલ્ટી

મનપાનાં સિટી ઈજનેર પરેશ અઢિયાએ જણાવ્યું હતું કે, શહેરમાં દોડતી ૨૩૪ બસો પૈકી હાલ ૧૪૮ જેટલી બસો બંધ છે અને માત્ર ૮૬ બસો કાર્યરત છે. નિયમ મુજબ જો કોઈપણ બસ ૨૦૦ કિમી ચાલે નહીં તો એજન્સીને પ્રતિ બસ રૂ.૧૦,૦૦૦ દંડ ફટકારવામાં આવે છે. જે મુજબ હાલ એજન્સીને દરરોજ રૂ.૧૪.૮૦ લાખનો દંડ ફટકારવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં સિટીબસ સેવા રાબેતા મુજબ ચાલુ કરવા માટે આદેશો આપવામાં આવ્યા છે. જોકે ડ્રાઈવરોનો પ્રશ્ન હોવાને લઈ તેમાં કેટલો સમય લાગશે તે કહેવું મુશ્કેલ છે.

# રાજકોટમાં RTE માટે બીજા રાઉન્ડમાં ૪૫૦ સીટ, ટૂંક સમયમાં જ યાદી

## જિલ્લામાં કુલ ૯૦૦ ખાનગી સ્કૂલને રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ આવરી લેવામાં આવી

**સમય મિરર | રાજકોટ**

રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેના પ્રથમ રાઉન્ડની કાર્યવાહી પુર્ણ થયા બાદ ૧૩૩૯૯ બેઠકો ખાલી પડી હતી. આ બેઠકો ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા બીજા રાઉન્ડની જાહેરાત કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં કુલ ૬૦૦૦થી વધુ સીટ છે. તેમાથી ૫૫૦૦ જેટલી જગ્યા ભરાઈ ગઈ છે. બીજા રાઉન્ડમાં ૪૫૦ સીટ માટે યાદી જાહેર કરવામા આવશે.

ચાલુ વર્ષે RTE પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ ૨૮ એપ્રિલના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. RTEની સમગ્ર રાજ્યમાં આ વર્ષે ૯૩૮૬૦ બેઠકો હોવાથી તેમના પર પ્રવેશની ફાળવણી કરવામાં આવનાર હતી. જેમાં પ્રથમ રાઉન્ડમાં ૮૬૨૭૪ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. આમ, પ્રથમ રાઉન્ડની ફાળવણી વખતે જ RTEની ૭૫૮૬ બેઠકો ખાલી રહેવા પામી હતી. ત્યારબાદ જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો હતો તેમને ૮ મે સુધીમાં સ્કૂલ પર જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો હતો. જેમાં પ્રવેશ ફાળવાયેલા ૮૬૨૭૪ વિદ્યાર્થીઓ પૈકી ૮૦૪૬૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ ફાળવેલ શાળાઓમાં જઈ નિયત સમયમર્યાદામાં RTE હેઠળનો પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. આમ, ૫૮૧૩ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો હોવા છતાં તેમણે પ્રવેશ લીધો ન હતો. પ્રવેશ લીધો ન હોવાના લીધે ખાલી પડેલી ૫૮૧૩ બેઠકો મળી કુલ ૧૩૩૯૯ બેઠકો ખાલી પડતા તેની પર બીજા રાઉન્ડની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી મળતી વિગત મુજબ રાજકોટ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ૬૦૦૦ જેટલી સીટ છે. તેમાથી પ્રથમ રાઉન્ડમાં ૫૫૦૦ જેટલા નામની યાદી બહાર પડી ચુકી છે. હવે માત્ર ૪૫૦ જ સીટ બાકી છે. તેમા રાજકોટ શહેર માટે તો માત્ર ૧૭૫ જેટલી જ જગ્યા બાકી છે. રાજકોટ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ૯૦૦ સ્કૂલને આવરી લેવામા આવી છે. ચાલુ મહિનાના અંત સુધીમાં તમામ સીટ પર પ્રવેશ પ્રક્રિયા પુર્ણ કરી દેવા માટે સરકારનો આદેશ છે.

# RMC દ્વારા હાઈરાઈઝ બિલ્ડીંગધારકને પણ બીજું નળ જોડાણ આપવા વિચારણા

### ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત, એસો. દ્વારા અરજી કરવાની રહેશે

**સમય મિરર | રાજકોટ**



મહાનગરપાલિકા દ્વારા શહેરની અંદાજી ૫.૩૦ લાખ મિલ્કતોમાં દરરોજ ૨૦ મીનીટ પીવાનું પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં ટેનામેન્ટને અડધાની લાઈનનું કનેક્શન આપવાનો નિયમ છે તેવી જ રીતે ટેનામેન્ટમાં મોટો પરિવાર હોય તો ડબલ કનેક્શન મળવા પાત્ર છે. પરંતુ હાઈરાઈઝ બિલ્ડીંગોમાં કે એક બિલ્ડીંગમાં ૪૦ ફ્લેટ હોય તો તેઓને ૪૦ ટેનામેન્ટ મુજબનું કનેક્શન આપવાના બદલે સંપ કનેક્શન મારફત ઓછુ પાણી આપવામાં આવી રહ્યું છે. વોટરવર્કસ વિભાગના સુત્રોએ જણાવ્યા મુજબ જ્યારે હવે હાઈરાઈઝ બિલ્ડીંગોને જરૂરિયાત મુંજબ વધારાનું પાણી મળી શકશે અને તે મુજબનું નવુ કનેક્શન આપવામાં આવશે. પરંતુ આ કનેક્શન માટે પાણી વેરો પણ વધારે ચુકવવો પડશે તેવી વિચારણા ચાલી રહી છે.

શહેરમાં ટેનામેન્ટની સામે હાઈરાઈઝ બિલ્ડીંગોમાં સતત વધારો થઈ રહ્યો છે. પરંતુ આ બિલ્ડીંગોમાં પીવાના પાણીની સમસ્યાનો અંત આજ સુધી આવ્યો નથી. વર્ષો પહેલા બિલ્ડીંગો ન હતી ત્યારે ટેનામેન્ટને અડધાની લાઈનનું નળ કનેક્શન આપવાનો નિયમ અમલમાં મુકયો હતો. જે આજ સુધી ચાલુ છે. બિલ્ડીંગ એસોસીએશન દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી રહી છે. જે અંગે તંત્ર દ્વારા ફરી વખત વિચારણા હાથ ધવામાં આવી છે. બિલ્ડર એસોસીએશનના જણાવ્યા મુજબ એક સોસાયટીમાં ૪૦ ટેનામેન્ટ હોય અને તમામને અડધાની લાઈનનુ કનેક્શન અપાય છે તો એક વીંગમાં ૪૦ ફ્લેટ હોય તેને સંપ કનેક્શનની વ્યાખ્યામાં ૨૦ની લાઈનનું કનેક્શન મળવું જોઈએ તેની સામે ફક્ત અઢી અને ૩ની લાઈન માંથી પાણી આપવામાં આવી રહ્યું છે. જેના લીધે ટેનામેન્ટ કરતા એપાર્ટમેન્ટના લોકોને અંદાજે ૬૦ ટકા ઓછુ પાણી મળી રહ્યું છે. છતાં તંત્ર પાણીવેરો પુરેપુરો ઉઘરાવે છે. આ અન્યાય વર્ષોથી ચાલ્યો આવતો હોય હવે ટેનામેન્ટની સંખ્યા વધવા લાગતા વિરોધ પણ વધવા લાગ્યો છે. આથી તંત્ર દ્વારા હવે એપાર્ટમેન્ટના ફ્લેટ ધારકોની જરૂરિયાત મુજબ હાલમાં અપાયેલ સંપ કનેક્શનમાં વધારો થઈ શકે તેવો નિયમ અમલમાં મુકવાની તૈયારીઓ આરંભી છે. જેની ટુંક સમયમાં જાહેરાત કરવામાં આવશે અને એસોસીએશન દ્વારા અરજી કર્યા બાદ સ્થળ તપાસના અંતે વધારાનું નળ કનેક્શન મળશે તેમ જાણવા મળેલ છે.

'કમિશનર પણ મારું કંઈ બગાડી નહી લે' તેવી ધમકી વાલ્વમેન ખુલ્લેઆમ આપતો

# બજરંગવાડીને બાનમાં લેતા વાલ્વમેનની અંતે હકાલપટ્ટી, કોર્પોરેટર મીનાબા જાડેજા એક્શનમાં

## ભાજપના જાગૃત નગરસેવક મીનાબા અજયસિંહ જાડેજાને સમસ્યાની જાણ થતાં ગણતરીની કલાકોમાં જ વાલ્વમેન ઉપર કરી 'વોટર સ્ટ્રાઈક'

**મનફાવે ત્યારે વાલ્વ ખોલવો, મનફાવે ત્યારે વહેલો બંધ કરી ભાગી જવાની ડાંડાઈ વાલ્વમેનને ભારે પડી**

**આવા લુખ્ખા જેવા વાલ્વમેનને કામે ન રાખવા કોન્ટ્રાક્ટરને શાનમાં સમજાવી દેવા અધિકારીઓને સુચના**





**સમય મિરર | રાજકોટ**

રાજા જાગૃત હોય તો પ્રજાને તુરંત જ તેની યાતનામાંથી મુક્તિ મળી જ જાય. રાજકોટના વોર્ડ નં.૨માં કંઈક આવું જ સુખદ પરિણામ જોવા મળ્યું છે. બજરંગવાડી શેરી નં.૭ અને ૮માં મનપાની પાણી વિતરણ વ્યવસ્થામાં કોન્ટ્રાક્ટર એજન્સી હસ્તક કામ કરતો એક લુખ્ખો લાઈનબોય મનપાને જાણે પોતાની પેઢી સમજતો હોય તેમ મનફાવે ત્યારે વાલ્વ ખોલવા આવે અને મનફાવે ત્યારે વાલ્વ વહેલો બંધ કરીને જતો રહે. આ ઉપરાંત પણ અનેક ફરિયાદો આ દાધારીંગા વાલ્વમેનની હતી.

'સમય મિરર'એ રહેવાસીઓની આ યાતનાને વાચા આપી. બીજીબાજુ આ વિસ્તારના જાગૃત નાગરિક મીનાબા અજયસિંહ જાડેજાને પણ જાણ થતાં ગણતરીની મિનિટોમાં એ માથાભારે વાલ્વમેનની હકાલપટ્ટી કરાવી નાંખી હતી.

મનપાએ સમગ્ર શહેરમાં પાણીની લાઈન ખોલવા અને બંધ કરવા માટે ખાનગી કોન્ટ્રાક્ટ આપ્યો છે. શહેરના વોર્ડ નં.૨માં આવેલા બજરંગવાડી-૭માં કોન્ટ્રાક્ટનો માણસ મનફાવે ત્યારે વાલ્વ ખોલે અને મનફાવે ત્યારે વહેલા બંધ કરીને ચાલ્યો જાય. મહિલાઓ ફરિયાદ કરે તો તેની સાથે ઉધ્ધત વર્તન કરી દાદાગીરી કરવા ઉતરી આવે. મહિલાઓ એ હદે ત્રાસી ગઈ હતી કે, જરૂર પડ્યે રણચંડી બનીને આ માથાભારે વાલ્વમેનને ધોકાપાક ચખાડવામાં આવે એવી પણ એક તબક્કે તૈયારી થઈ ચુકી હતી. બજરંગવાડી શેરી નં.૭ના લતાવાસીઓ તરફથી મળેલી ફરિયાદ મુજબ સવારે ૬:૩૦નો છે. વાલ્વમેન ક્યારેક ૬ વાગ્યે લાઈન ખોલી નાંખે તો ક્યારે ૬:૪૫ વાગ્યે ખોલતો હતો. વાલ્વ બંધ કરવાનું પણ આવું જ. મનફાવે ત્યારે વાલ્વ વહેલો બંધ કરીને ભાગી જતો હતો. હાથમાં કડું પહેરીને આવતો આ શખ્સ કોઈ માથાભારે તરીકેની છાપ ધરાવતા કોમનો હોય તેવું લાગતું હતું એટલે લતાવાસીઓ પણ ફફડતા હતા. આમ છતાં મહિલાઓ ફરિયાદ કરે એટલે તેની સાથે અત્યંત અણછાજતું વર્તન કરવા ઉતરી આવતો હતો. હજુ થોડા દિવસ પહેલાં જ મહિલાઓએ સામુહિક રીતે આ વાલ્વમેન સાથે માથાકૂટ કરી તો બીજા દિવસથી વાલ્વ અધુરો ખોલી ધીમા ફોર્સે પાણી આપવા અવળચંડાઈ શરૂ કરી દીધી હતી.

વાલ્વમેનની આવી અવળચંડાઈ અંગે આ વિસ્તારના ભાજપના જાગૃત નગરસેવક મીનાબા અજયસિંહ જાડેજાને માલુમ પડતા જ વોર્ડના ઓફિસર અને ડેપ્યુટી ઈજનેરને સુચના આપી ગણતરીની મિનિટોમાં જ કોન્ટ્રાક્ટરને કહીને વાલ્વમેનની હકાલપટ્ટી કરી નાંખવામાં આવી હતી. એટલું જ નહીં જાગૃત કોર્પોરેટર મીનાબાના પતિ અને ભાજપ આગેવાન અજયસિંહ જાડેજાએ પણ લોક સમસ્યાને ગંભીરતાથી લઈને બજરંગવાડી શેરી નં.૭ અને ૮માં વોટર વર્કસ શાખાના ઈજનેરોને રૂબરૂ દોડાવ્યા હતા. એટલુ જ નહીં વિસ્તારના મહિલાઓને એવી પણ ખાતરી આપી હતી કે, પાણી ધીમા ફોર્સે આવતું હોય, અનિયમિત આવતું હોય તો તુરંત અમને જાણ કરશો.

# RMCએ ફરી નર્મદા માંગ્યું, સામે સરકારે ૧૯૩ કરોડનું બિલ મોકલ્યું !

## આજી-ન્યારી ડેમનું ફરી ડેડ લેવલ દેખાયું, વરસાદ ખેંચાય તો કટોકટી ન સર્જાય તે માટે આગોતરુ આયોજન

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ શહેરની દૈનીકં પાણી વિતરણ માટે ૪૦૦ એમએલડી પાણીની જરૂરિયાત રહે છે. જેના સ્ત્રોત આજી-૧, ન્યારી-૧ તેમજ બેડી ખાતેથી નર્મદાનીર અને ભાદર ડેમમાંથી પાણી ઉપાડી પુરુ પાડવામાં આવી રહ્યું છે. ત્યારે દર વર્ષની માફક એપ્રિલ માસ બાદ આજી અને ન્યારી ડેમનું ડેડ લેવલ આવી જતાં હવે બન્ને ડેમમાં ફક્ત ૧૫ દિવસનું પાણી હોય ત્યારે મનપા દ્વારા સરકાર પાસે સૌની યોજના અંતર્ગત આગોતરા આયોજન માટે એક જુન થી નર્મદાનીર ઠાલવવા માટેની મનપા તંત્ર દ્વારા પત્ર પાઠવામાં આવ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા શહેરની પાણી વિતરણ વ્યવસ્થા સુચારૂરૂપે જાળવેવા માટે ઉક્ત સંદર્ભ - ૧ થી આજી-૧ જળાશયમાં તબક્કાવાર કુલ ૧૮૦૦ એમ.સી.એફ.ટી તથા ન્યારી-૧ જળાશયમાં કુલ ૭૦૦ એમ.સી.એફ.ટી એમ કુલ ૨૫૦૦ એમ.સી.એફ.ટી પાણીનાં જથ્થાની માંગણી કરવામાં આવેલ, જે પૈકી આજની તારીખ સુધીમાં આજી-૧ જળાશયમાં કુલ ૮૩૬ એમ.સી.એફ.ટી તથા ન્યારી-૧ જળાશયમાં કુલ ૭૭૨ એમ.સી.એફ.ટી એમ કુલ ૧૬૦૧ એમ.સી.એફ.ટી પાણી સૌની યોજના દ્વારા આપવામાં આવેલ છે. આજી-૧ ડેમનું હાલનું લેવલ ૨૨.૯૦ ફૂટ તથા ઉપલબ્ધ જથ્થો ૫૪૫ એમ.સી.એફ.ટી છે. જયારે ન્યારી-૧ ડેમનું હાલનું લેવલ ૧૮.૭૦ ફૂટ તથા ઉપલબ્ધ જથ્થો ૬૩૮ એમ.સી.એફ.ટી છે. જે ધ્યાને લઈ સૌની યોજના દ્વારા આજી-૧ તથા ન્યારી-૧ જળાશયમાં જૂન માસના પ્રથમ સપ્તાહથી બાકી રહેતું પાણી આપવા માટે યોગ્ય કરશો.

મહાનગરપાલિકાની ઈસ્ટ ઝોન કચેરી દ્વારા વોર્ડ નં.૪, ૫, ૧૫, ૬, ૧૬ અને ૧૮માં દૈનિક ૧૨ હજાર લિટરના ૫ અને ૫ હજાર લિટરના ૧૬૭ ટેન્કરના ફેરા દ્વારા પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે અને દરરોજ ૧૨૦૦૦ લોકોને ૮.૯૫ લાખ લિટર પાણી વિતરણ કરાઈ રહ્યું છે. તેવી જ રીતે સેન્ટ્રલ ઝોન દ્વારા વોર્ડ નં.૩માં આવેલી સોસાયટીઓમાં એકાંતરા ૧૦ હજાર લિટરના ૬૦ ટેન્કરના ફેરા અને ૫૦૦૦ લિટરના ૧૩૦ ટેન્કરના ફેરા દ્વારા સવા ડઝનથી વધુ સોસાયટીમાં પાણી વિતરણ કરવામાં આવે છે. સેન્ટ્રલ ઝોનમાં માથાદીઠ ૭૫ લિટર પાણી ગણીએ તો લગભગ એકાંતરા ૮૪૦૦ લોકોને ૧૨.૫૦ લાખ લિટર પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. અત્રે નોંધ જાય છે કે, સૌની યોજના મારફત નર્મદાનીર આપવામાંબાકી બીલ રૂા. ૧૯૩ કરોડ મનપા ના વોટર વર્કસ વિભાગને ફરી મોકલવામાં આવેલ છે.

# વંથલીમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પર કુહાડી અને તલવારથી જીવલેણ હુમલો



**સમય મિરર | જૂનાગઢ**

જૂનાગઢના વંથલીમાં નગર પાલિકાના પૂર્વ પ્રમુખ પર જુની અદાવતમાં કુહાડી અને તલવારથી હુમલો થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્રણથી ચાર ઈસમોએ કુહાણી અને તલવાર જેવા હથિયારો સાથે પૂર્વ પ્રમુખ પણ જીવલેણ હુમલો કર્યો છે. નગર પાલિકાના પૂર્વ પ્રમુખ સિરાજ વાજાને ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. પોલીસે આ બનાવને લઈને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે જૂનાગઢના વંથલીમાં નગર પાલિકાના પૂર્વ પ્રમુખ સિરાજ વાજા પર જુની અદાવતમાં ત્રણથી ચાર ઈસમો દ્વારા કુહાડી અને તલવારથી જીવલેણ હુમલો કર્યો છે. જેમાં સિરાજ વાજાને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે. આ હુમલાને કારણે સમગ્ર શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સુત્રોનું કહેવું છે કે, જુના મનદુઃખમાં આ હુમલો કરાયો છે.

આ હુમલા અંગે વંથલી શહેર ભાજપ પ્રમુખ સામે આક્ષેપો કરવામાં આવ્યાં છે. ઈજાગ્રસ્ત હાલતમાં સિરાજ વાજાને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. નગર પાલિકાના પૂર્વ પ્રમુખ પર હુમલો થતાં લોકોમાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે. પોલીસે આ હુમલાને લઈને તપાસ તેજ કરી દીધી છે.

# મવડીમાં બનેલું ઈન્ડોર સ્ટેડિયમ આજથી શરૂ

## રૂ.૨૩.૧૬ કરોડના ખર્ચે બનેલા અત્યાધુનિક સંકુલનું આજે લોકાર્પણ, પ્રથમ તબક્કે ચાર સ્પોર્ટ્સ એક્ટીવિટી શરૂ થશે


















**સમય મિરર | રાજકોટ**

રાજકોટના મવડી-પાળ રોડ પર મનપાએ રૂ.૨૩.૧૬ કરોડના ખર્ચે બનાવેલા અત્યાધુનિક ઈન્ડોર સ્ટેડિયમનું આજે શુક્રવારે લોકાર્પણ થશે. પ્રથમ તબક્કે બેડમિન્ટન, બાસ્કેટબોલ, લોન ટેનિસ અને વોલીબોલ એમ ચાર સ્પોટર્સ એક્ટીવિટી શરૂ થશે. મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા સંયુક્ત યાદીમાં જણાવે છે કે, વોર્ડ નં.૧૨માં મવડી પાળ રોડ, રામધણ આશ્રમની પાસે રૂ.૨૩.૧૬ કરોડના ખર્ચે ૧૧૮૩૧.૦૦ ચો. મી. ક્ષેત્રફળના પ્લોટમાં નવું ઈન્ડોર સ્ટેડિયમ બનાવવામા આવ્યું છે. પ્રથમ તબક્કામાં કુલ-૪ સ્પોટ્ર્સ ફેસીલીટી આજે તા. ૧૬મીથી શરૂ કરવામાં આવી રહી છે. જેના માટે ઓનલાઈન મેમ્બરશીપ તારીખ ૫ મેના રોજથી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પરથી શરૂ કરવામાં આવી હતી.આજદિન સુધીમાં બેડમિન્ટનમાં ૩૨૦, બાસ્કેટબોલમાં ૩૭, લોન ટેનિસમાં ૪૧ અને વોલી બોલમાં ૫૯ નાગરિકોએ રજીસ્ટ્રેશન થયા છે. પ્રથમ તબક્કામાં બેડમિન્ટન, બાસ્કેટબોલ, લોન ટેનિસ અને વોલીબોલનો સમાવેશ થાય છે. લોન ટેનિસ, વોલીબોલ, બાસ્કેટ બોલ અને બેડમિન્ટન બેચ માટેનો સમય સવારે ૬ થી ૧૦ અને સાંજે ૬ થી ૧૦ રહેશે. તમામ બેચ ૧ કલાકની રહેશે.

### પ્રથમ તબક્કામાં ક્યા સ્પોર્ટ્સમાં કેટલા સભ્ય

- બેડમિન્ટનમાં ૩૨૦ નાગરિકોની કેપેસિટી સામે ૩૨૦
- બાસ્કેટબોલમાં ૮૦ નાગરિકોની કેપેસિટી સામે ૩૭
- લોન ટેનિસમાં ૮૦ નાગરિકોની કેપેસિટી સામે ૪૧
- વોલીબોલમાં ૧૧૨ નાગરિકોની કેપેસિટી સામે ૫૯ નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

## તંત્રીલેખ



# અસ્થાયી યુદ્ધ વિરામથી બચી ગયેલા પાકિસ્તાની આતંકીઓને હવે BAL ઢાળી દેશે

અમેરિકા છેલ્લા ઘણા દિવસોથી ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ ઓછો કરાવવા પ્રયત્નશીલ હતું અને ડોનલ્ડ ટ્રમ્પે તો મધ્યસ્થીની ઓફર પણ કરી હતી. ટ્રમ્પે સૌથી પહેલાં ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થઈ ગયાં હોવાની જાહેરાત કરી તેના પરથી લાગે છે કે, ભારત અને પાકિસ્તાન બંનેએ ટ્રમ્પની મધ્યસ્થીની વાત સ્વીકારી છે અથવા સ્વીકારવી પડી છે. અત્યારે વાસ્તવિકતા એ છે કે, ભારત અને પાકિસ્તાન બંને યુદ્ધવિરામ માટે સંમત થઈ ગયાં છે અને બંને દેશો હવે પછી લશ્કરી કાર્યવાહી કરવાનાં નથી પણ ટ્રમ્પની મધ્યસ્થીથી યુદ્ધવિરામ સ્વીકારાયો હોય તો તેનાથી બહુ મોટો ફરક પડે છે કેમ કે અમેરિકા ભારતીયોની લાગણીને સમજતું નથી અને પોતાનાં હિતો જ જુએ છે. પહલગામ હુમલા પછીનું અમેરિકાનું વલણ જોશો તો આ વાત સમજાશે.

ડોનલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર પોસ્ટ મૂકીને કહ્યું કે, અમેરિકાની મધ્યસ્થી હેઠળ ગઈકાલે રાત્રે લાંબી ચર્ચા પછી ભારત અને પાકિસ્તાન તાત્કાલિક અને સંપૂર્ણ યુદ્ધવિરામ માટે સંમત થયા છે એ જણાવતાં મને આનંદ થાય છે. હું બંને દેશોને એક સમજદારીભર્યો અને બુદ્ધિપૂર્વકનો નિર્ણય લેવા બદલ અભિનંદન આપું છું.

ટ્રમ્પના નિવેદને સ્વાભાવિક રીતે જ ગૂંચવાડો પેદા કરી દીધેલો કેમ કે ભારત કે પાકિસ્તાન બંનેમાંથી કોઈ દેશે સત્તાવાર રીતે યુધ્ધવિરામ સ્વીકાર્યો હોવાની જાહેરાત કરી નહોતી. ટ્રમ્પ ભારત અને પાકિસ્તાનના ઝગડામાં પક્ષકાર પણ નથી તેથી પણ ગૂંચવાડો હતો પણ એકાદ કલાકમાં ભારત અને પાકિસ્તાન બંનેએ સત્તાવાર રીતે યુદ્ધવિરામની જાહેરાત કરી નાખતાં ટ્રમ્પ સાચા સાબિત થયા. અલબત્ત ભારત અને પાકિસ્તાન બંનેએ યુદ્ધવિરામ સ્વીકાર્યાની જાહેરાત જે રીતે કરી એ પણ આશ્ચર્યજનક છે.

ભારત તરફથી વિદેશ સચિવ વિક્રમ મિસરીએ યુદ્ધવિરામની જાહેરાત કરી. ટ્રમ્પના નિવેદનના 30 મિનિટ પછી વિદેશ સચિવ વિક્રમ મિસરી સાંજે ૬ વાગ્યે પ્રેસ બ્રીફિંગ માટે આવ્યા અને એલાન કર્યું કે, પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ ડીજીએમઓએ શનિવારે બપોરે ૩:૩૫ વાગ્યે ભારતીય ડીજીએમઓને ફોન કર્યો હતો. આ ફોન પછી શનિવારે સાંજે ૫ વાગ્યાથી બંને પક્ષો ગ્રાઉન્ડ, એર અને સમુદ્રમાં તમામ ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થયા હતા. આશ્ચર્યની વાત એ છે કે, વિક્રમ મિસરીએ માત્ર ૪૨ સેકન્ડમાં પોતાનું નિવેદન વાંચી દીધું અને પછી કશું કહ્યા વિના ચાલ્યા ગયા. કોઈ સવાલ નહીં ને કોઈ જવાબ નહીં. વિક્રમ મિસરીના નિવેદની મિનિટોમાં પાકિસ્તાનના વિદેશમંત્રી ઈશાક ડારે કહ્યું કે, પાકિસ્તાન અને ભારત તાત્કાલિક અસરથી યુદ્ધવિરામ પર સંમત થયા છે. ડારે ડહાપણ પણ ડહોળ્યું કે, પાકિસ્તાન હંમેશાં તેની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા સાથે સમાધાન કર્યા વિના આ ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા માટે પ્રયત્નશીલ રહ્યું છે. ઈશાક ડારે એવું ચિત્ર ઊભું કર કરવા પ્રયત્ન કર્યો કે, પાકિસ્તાને નહીં પણ ભારતે સમાધાન કરીને યુદ્ધવિરામ સ્વીકાર્યો છે.

પહલગામના આતંકવાદી હુમલા પછી મેદાનમાં આવેલા અમેરિકાના વિદેશમંત્રી માર્કો સબિયો પણ તણાવ ઓછો કરવા મથ્યા કરતા હતા. રૂબિયોએ ગત બુધવારે રાત્રે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર સાથે વાત કરી ત્યારે બંને દેશોને તણાવ ઓછો કરવા અને દક્ષિણ એશિયામાં શાંતિ સ્થાપિત કરવા માટે મળીને કામ કરવા અપીલ કરી હતી. એ પછી અમેરિકાએ જે નિવેદન આપ્યું એ ભારતને માફક આવે એવું નહોતું. બલકે ભારત માટે આંચકાજનક પણ હતું કેમ કે અમેરિકાએ આતંકવાદની નિંદા કરી હતી પણ ભારતને સંયમ રાખવા પણ કહ્યું હતું. ભારતે શાના માટે સંયમ રાખવો જોઈએ ? પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓ ભારતમાં ઘૂસીને ભારતીયોની હત્યા કરે એ પછી પણ અમેરિકા ભારતને સંયમ રાખવાની સૂફિયાણી સલાહ આપ્યા કરતું હતું તેનો મતલબ એ થયો કે, અમેરિકાને ભારતીયોના મૃત્યુ થાય તેનાથી કોઈ ફરક પડતો નથી. અમેરિકાની મધ્યસ્થીથી થયેલા યુદ્ધવિરામમાં પણ એ જ વાત છે કેમ કે ભારતીયોને મારનારા આતંકવાદીઓને આ યુદ્ધવિરામથી સૌથી વધારે ફાયદો થશે. યુદ્ધથી કોઈને ફાયદો થતો નથી ને નુકસાન જ થાય છે એ કહેવાની જરૂર નથી. આ વાસ્તવિકતાને સ્વીકારીને ભારત અને પાકિસ્તાન બંનેએ નુકસાન નિવાર્યું છે પણ યુદ્ધવિરામના કારણે જે મૂળ મુદ્દો છે એ ઉકેલાયો નથી અને અમેરિકાએ આતંકવાદીઓને ફાયદો કરાવી દીધો છે. ભારતે સતત હલ્લાબોલ ચાલુ રાખ્યું હોત તો આતંકવાદીઓના બધા અડ્ડા સાફ થઈ ગયા હોત. હવે યુદ્ધવિરામ સ્વીકારી લીધો તેથી ભારતે આતંકવાદીઓ સામેનું ઓપરેશન પણ બંધ રાખવું પડશે. તેના કારણે આતંકવાદીઓને ફરી બેઠા થવાનો સમય મળી જશે. પાકિસ્તાન આર્મીને પણ ફરી પીઓકે અને પાકિસ્તાનના પંજાબ સહિતના વિસ્તારોમાં પણ નવેસરથી આતંકવાદી કેમ્પો ઊભા કરવાનો સમય મળી જશે. મતલબ કે, યુદ્ધવિરામથી સૌથી વધારે ફાયદો આતંકવાદીઓને થશે.,ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવના મૂળમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ છે. પાકિસ્તાન આતંકવાદીઓને તાલીમ આપે છે અને પછી ભારતમાં ઘૂસાડીને નિર્દોષ લોકોની હત્યાઓ કરાવે છે. પહલગામમાં એ જ થયેલું ને તેના કારણે ભારતે લશ્કરી કાર્યવાહી કરવી પડેલી. ભારતે લશ્કરી કાર્યવાહીમાં આતંકવાદીઓ સામે જ કરેલી ને આતંકવાદી કેમ્પોનો ખુરદો બોલાવી દીધો હતો. પાકિસ્તાન આર્મી એ પછી તરત પિક્ચરમાં આવ્યું કેમ કે આતંકવાદીઓનું સંરક્ષક પાકિસ્તાનનું આર્મી જ છે તેથી પાકિસ્તાનનું આર્મી ભારતનું ઉપરાણું લઈને કૂદી પડેલું.

ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થઈ ગયાં તેનો મતલબ એ થયો કે, ભારત હવે પાકિસ્તાનના લશ્કર સામે કોઈ કાર્યવાહી નહી કરે પણ સાથે સાથે આતંકવાદીઓ સામે પણ કોઈ કાર્યવાહી નહીં કરે. તેના કારણે આતંકવાદીઓને રાહત થઈ જશે. ભારતે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે) અને પંજાબમાં ઘૂસીને ઘણા બધા આતંકવાદી કેમ્પોનો સફાયો કર્યો પણ આતંકવાદી નેટવર્ક સંપૂર્ણપણે નાશ નથી થયું.

પાક. પ્રાયોજિત આતંકવાદીઓને એ પણ ગંધ આવી ગઈ છે કે, તેઓની તમામ હિલચાલ અને ગતિવિધિઓ પર ભારતની ચાંપતી નજર છે. બચેલા ખુચેલા આતંકીઓ અત્યારે તો ભોં ભીતર થઈ ગયા છે. આતંકીઓને હવે એ ડર પણ સતાવી રહ્યો છે કે, પાકિસ્તાનમાં કોઈ અજાણ્યા હુમાખોરો ભારતના દૂશ્મનોને વીણી વીણીને ટપકાવી રહ્યા છે. એ ક્રમમાં ક્યાંક તેમનું નામ રેશનકાર્ડમાંથી કમી ન થઈ જાય. બીજી તરફ બ્લુચ લડવૈયાઓ પણ હવે પાકિસ્તાની સૈનિકોની સાથોસાથ પાક. પ્રેરિત આતંકવાદીઓનો સફાયો કરવા મેદાને પડ્યા છે. કેમ કે POK અને ભારતીય અન્ય સરહદ પરથી નવરા થઈ ગયેલા સેનાના પીઠ્ઠુ આતંકીઓને હવે પાક સેના બ્લુચ આર્મી સામે લડવા ગોઠવી રહી છે. તેની ગંધ આવી ગઈ છે. અમેરિકાએ હરામખાયા આતંકીઓને યુદ્ધ વિરામ કરીને હાલતો ભલે બચાવી લીધા હોય પણ આવનારા દિવસોમાં આતંકના આકાઓ ઇક્અથી હણાશે તેમાં કોઈ શંકા નથી.

# ધોરણ બાર પછી માત્ર કોલેજ કરવાનો જ વિકલ્પ નથી કારકિર્દી ઘડતર માટે અનેક અભ્યાસક્રમો હવે ઉપલબ્ધ છે

## છાત્રો માત્ર પાઠ્યક્રમનું શિક્ષણ મેળવે એ પુરતું નથી, તેની સાથોસાથ આનુષંગિક વિષયોમાં કૌશલ્ય કેળવાય તો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગારીની વિપુલ તકો મળી જાય છે



તા. ૨૭મી ફેબ્રુઆરીથી ૧૭મી માર્ચ દરમિયાન ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ લેવાઈ હતી, જેનું ૯૩.૦૭ ટકા પરિણામ આવ્યું છે. ગુજરાત બોર્ડ દ્વારા ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી, ઉર્દૂ ઉપરાંત ઉડિયા ભાષામાં સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવામાં આવે છે. સામાન્યતઃ સૌથી વધુ વિદ્યાર્થીઓ ગુજરાતી મીડિયમમાં હોય છે. સંખ્યાની દૃષ્ટિએ એ પછી અનુક્રમે અંગ્રેજી, હિંદી, મરાઠી, ઉર્દૂ અને ઉડિયા માધ્યમના વિદ્યાર્થીઓ હોય છે.

સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના જ્ઞાનને પર્સેન્ટાઇલ રેન્કથી મૂલવવામાં આવે છે. જે મુજબ ૯૯.૯૮, ૯૬, ૯૪, ૯૨, ૯૦, ૮૫, ૮૦, ૭૫, ૭૦, ૬૫, ૬૦, ૫૦, ૪૦, ૩૦, ૨૦ અને ૦૦ એમ અલગ-અલગ સમૂહમાં વિભાજિત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ના પરિણામો દરમિયાન ત્રણ હજાર ૯૨૪ વિદ્યાર્થી ઓને ૯૯.૦૧ કે તેથી વધુ પર્સેન્ટાઇલ રેન્ક મળ્યા હતા. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગરે તાજેતરમાં ધો. ૧૨ સાયન્સ, કોમર્સ અને વિનયન પ્રવાહ ઉપરાંત ગુજસેટની પરીક્ષાનાં પરિણામ જાહેર થયા બાદ અલગ-અલગ શૈક્ષણિક પ્રવાહોમાં પ્રવેશ માટે પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. ભાવિ કેરિયર અંગે ન કેવળ વિદ્યાર્થીઓ, પરંતુ વાલીઓ પણ ચિંતિત જણાતા હોય છે. ધો. ૧૨ પછી વિદ્યાર્થી ઓ સામાન્ય રીતે કોલેજમાં પ્રવેશ મેળવે છે અને ત્રણ વર્ષ બાદ સ્નાતકની ડિગ્રી મેળવે છે. જોકે, ઝડપભેર બદલાતી જતી ટેકનોલોજી અને બજારની માગમાં વિદ્યાર્થી માત્ર પાઠ્યક્રમનું શિક્ષણ મેળવે તે પૂરતું નથી, પરંતુ તેની સાથે-સાથે આનુષંગિક વિષયોમાં કૌશલ્ય કેળવે તો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગારની તકો વધી જતી હોય છે. અહીં ધો. ૧૨ સામાન્ય પ્રવાહ પછી કેવા કોર્સ થઈ શકે છે, તેના વિકલ્પો ઉપર પ્રકાશ પાડ્યો છે.

''ધો. ૧૨ કોમર્સ પછી થતાં અલગ-અલગ કોર્સને મહદંશે જૂના અને નવા એમ બે ભાગમાં વહેંચી શકાય. પરંપરાગત અભ્યાસક્રમોમાં બી.કોમ., બી.બી.એ. અને બી.સી.એ.નો સમાવેશ થાય છે.''

''છેલ્લાં કેટલાંક વર્ષથી આઈએમબીએ તથા આઈએલએલબી જેવા વિકલ્પ મળે છે. આ પ્રકારના ઇન્ટિગ્રેટેડ કોર્સ પૂર્ણ કર્યે વિદ્યાર્થીને સીધી જ એમબીએ કે એલએલબીની ડિગ્રી મળે છે.'' વિદ્યાર્થી માત્ર પરંપરાગત કોર્સ કરીને બજારને અનુરૂપ બની ન શકે, આની સાથે તેણે બીજા કોર્સ કે સર્ટિફિકેશન કરવા જોઈએ.

**પ્રસંગ રંગ**
**- પી.એન.જાડેજા**

''કોમર્સના વિદ્યાર્થી પોતાના નિયમિત અભ્યાસની સાથે સી.એ. (ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ) કે સી.એસ.નો (કંપની સેક્રેટરી) અભ્યાસ કરી શકે છે. આ સિવાય બી.કોમ. કરનાર વિદ્યાર્થીને એકાઉન્ટ્સનું જ્ઞાન તો મળશે,પરંતુ સાથે-સાથે કમ્પ્યૂટર, હ્યુમન રિસોર્સ, મેનેજમેન્ટ કે ટેલીના સર્ટિફિકેશન કોર્સ કરી લેવા જોઈએ.'' ''મેનેજમેન્ટના વિદ્યાર્થીએ નિયમિત અભ્યાસની સાથે કમ્પ્યૂટર, હ્યુમન રિસોર્સ, ટેલી કે ઍકાઉન્ટનું જ્ઞાન લેવું જોઈએ. સામાન્ય ઉમેદવારની સરખામણીમાં મલ્ટી ટાસ્કર અને મલ્ટી ટેલેન્ટેડ કેન્ડિડેટને પ્રાથમિકતા મળે છે.'' ''છેલ્લાં કેટલાંક વર્ષોથી એસીસીએ, સીએફએ તથા બી.વોક. જેવા કોર્સ પ્રત્યે વિદ્યાર્થીઓનું આકર્ષણ વધ્યું છે. જે વિદ્યાર્થીને અભ્યાસ બાદ તરત જ નોકરીની જરૂર હોય તેવા વિદ્યાર્થીઓ બી.વોક. પસંદ કરે છે.'' આ સિવાય બી.સી.એ કરવાનો વિકલ્પ પણ વિદ્યાર્થી પાસે રહે છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી અમેરિકાની વિઝાનીતિ કે એ.આઈ.ને કારણે આ ક્ષેત્રની સંભાવનાઓ ઝાંખી થઈ છે. એવામાં વિદ્યાર્થી ત્રણ કે પાંચ વર્ષ પછી બહાર નીકળે, ત્યારે બજારમાં સંભાવનાઓ તપાસવી જોઈએ.

''જો અમેરિકામાં કેરિયર બનાવવાની ગણતરીથી કોઈ વિદ્યાર્થી આઈટીનો અભ્યાસ કરે, તો હતાશા થવાની શક્યતા રહે, પરંતુ જો તેમની પુના-બેંગ્લુરુ કે હૈદરાબાદ જવાની તૈયારી હોય તો તે ભારતમાં જ સારી કારકિર્દી ઘડી શકે છે.'' ''વિદ્યાર્થીએ અભ્યાસકાળથી જ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ કે ઈન્ટરનેટ ઑફ થિંગ્સ જેવા વિકસતા જતા ક્ષેત્રે કૌશલ્ય કેળવવું જોઈએ. વિશ્વનાં મોટાં અર્થતંત્રોમાં ભારત સારી રીતે પ્રગતિ કરી રહ્યું છે અને ભારતમાં એ.આઈ. ક્ષેત્રની હજુ શરૂઆત જ થઈ રહી છે.'' અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરીની તકો અને જરૂરિયાત અથવા તો રૂઢિગત માન્યતાને કારણે વિદ્યાર્થી અને વિદ્યાર્થીની અભ્યાસક્રમની પસંદગીમાં તફાવત જોવા મળે છે. ''વિજ્ઞાન પ્રવાહમાં 'અ' ગ્રૂપ પ્રત્યે વિદ્યાર્થિનીઓમાં ઓછું આકર્ષણ હોય છે એવું મહદંશે સામાન્ય પ્રવાહમાં નથી. આમ છતાં ફેશન ડિઝાઈનિંગ, ઇન્ટિરિયર ડિઝાઈનિંગ કે ડાયમંડ ડિઝાઈનિંગ જેવા સર્જનાત્મક ક્ષેત્રે વિદ્યાર્થિનીઓમાં આકર્ષણ જોવા મળે છે. આ સિવાય કોર્પોરેટ જોબલક્ષી આઈટી કોર્સો પણ વિદ્યાર્થિનીઓ પસંદ કરે છે.'' અમુક કોર્સના સૂચન રૂપરેખારૂપ છે અને અલગ-અલગ યુનિવર્સિટીમાં જુદાં-જુદાં નામોથી ઑફર થતાં હોય એવું બની શકે. ''અભ્યાસક્રમ પસંદ કરતી વખતે વિદ્યાર્થી ઓએ પોતાના રસ અને ક્ષમતાને પણ ધ્યાને લેવા જોઈએ. જો અભ્યાસક્રમ ખર્ચાળ હોય તો માતા-પિતાની આર્થિકક્ષમતા પણ મહત્ત્વપૂર્ણ બની જતી હોય છે.'' ''હોટલ મેનેજમેન્ટ, લોજિસ્ટિક્સ, ઇન્ટરનેશનલ બિઝનેસ, બિઝનેસ ઍનાલિટિક્સ, રિટેઇલ મેનેજમેન્ટ, ફાઇનાન્સિયલ સર્વિસ, સ્પોર્ટ્સ મેનેજમેન્ટ, ઈવેન્ટ મેનેજમેન્ટ, હોસ્પિટલ મેનેજમેન્ટ તથા સપ્લાય ચેઇન મેનેજમેન્ટ જેવા વિષયની સાથે બી.બી.એ. કરવા અંગે વિચાર કરી શકે છે.''

''કોમર્સ સ્ટ્રીમનો વિદ્યાર્થી સી.એ. કે સી.એસ. જેવા અભ્યાસક્રમની પસંદગી કરે ત્યારે તેણે અભ્યાસ દરમિયાન અને પછી પણ સતત મહેનત કરવાની તૈયારી રાખવી પડે. સમયાંતરે બદલાતા કાયદા, નીતિ નિયમો અને બજાર વિશે માહિતી રાખવી જરૂરી નહીં, પરંતુ અનિવાર્ય બની રહે.'' ''બેચલર્સ ઉપરાંત કોઈ સ્પેશિયલ સબજેક્ટ સાથે આઠ સેમેસ્ટરનું ઑનર્સ પણ કરી શકે છે.'' ૧૨ કોમર્સ પછી માત્ર સ્નાતક જ નહીં પરંતુ ઑનલાઇન, હાઇબ્રીડ, સર્ટિફિકેટ કે ડિપ્લોમા કોર્સ અંગે પણ વિદ્યાર્થી વિચાર કરી શકે છે. ''સ્નાતક સિવાય રાજ્યની અલગ-અલગ યુનિવર્સિટી કે ઓપન યુનિવર્સિટીના ડિપ્લોમા કે સર્ટિફિકેટ કોર્સ કરવા અંગે પણ વિદ્યાર્થી વિચારી શકે છે.'' "" NCVT કે GCVTની પેટર્ન પર ITIના રોજગારલક્ષી અભ્યાસક્રમો ; જાણીતી ઇન્સ્ટિટ્યૂટ્સના ઑનલાઇન કે હાઇબ્રીડ (જેમાં ઑનલાઇનની સાથે અમુક વર્ગ રૂબરૂમાં લેવાય છે) અભ્યાસક્રમોને ધ્યાને લઈ શકે છે.'' સમય સાથે તાલ મિલાવતા બી.એસસી. (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઍન્ડ મશીન લર્નિંગ), બી.એસસી. (સાયબર સિક્યોરિટી), બી.એસસી. (ડેટા સાયન્સ), બી.એસસી. (ફોરેન્સિક સાયન્સ), બી.એ. (ફોરેન લેંગ્વેજ), બી.એ. (સિક્યોરિટી મેનેજમેન્ટ) તથા બેચરલ ઑફ જર્નાલિઝમ ઍન્ડ માસ કોમ્યુનિકેશન જેવા વિકલ્પો પણ પસંદ કરી શકાય છે.

અખબારોમાં આવતી ઍડ્મિશનની જાહેરાતો તથા તેને લગતા સમાચારોને વાચવાની અને જો કોઈ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવવાની ઇચ્છા હોય તો તેની વેબસાઇટની નિયમિત મુલાકાત લેવાની ; ઍડ્મિશન પ્રક્રિયા માટે જરૂરી સર્ટિફિકેટ્સ તથા ડોક્યુમેન્ટ્સના ઑરિજિનલ, નકલ તથા સોફ્ટ કોપી તૈયાર રાખવાની પણ જરૂર છે.

કોર્સ પસંદ કર્યા બાદ અને કોલેજમાં પ્રવેશ મેળવતી વખતે પણ કોલેજની વેબસાઇટ વિઝિટ કરીને તથા અન્યત્રથી તેના વિશે શક્ય તમામ માહિતી મેળવો જે કોલેજમાં ઍડ્મિશન મળ્યું હોય અથવા પ્રવેશ મળે તેમ હોય તેની રૂબરૂ મુલાકાત લો જો વ્યવહારુ કારણોસર રૂબરૂ મુલાકાત શક્ય ન હોય તો ત્યાંથી અભ્યાસ કરનારા પૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કરો તથા શિક્ષકોનું માર્ગદર્શન લો કોલેજ દ્વારા આપવામાં આવતી સુવિધાઓ, ટ્રાન્સપોર્ટેશન કેન્ટિન અને ફી સહિતની માહિતી મેળવી લો જો નજીકની સારી કોલેજમાં ઍડમિશન મળે તો તે વધુ સારું, જેથી કરીને ઘરે રહીને અભ્યાસ થઈ શકે. તેનાથી સમય અને નાણાની બચત થશે ઉપરોક્ત સૂચનો કોમર્સ જ નહીં, તમામ પ્રવાહના વિદ્યાર્થીઓએ ધ્યાને લેવા જોઈએ.

# હનુમાનષ્ટકનો પાઠ કરતી વખતે આ ૭ ભૂલો ન કરો, નહીં તો સર્જાશે મોટી સમસ્યા

હિન્દુ ધર્મમાં, ભગવાન હનુમાનને મુશ્કેલીનિવારક, પરમ ભક્ત અને સૌથી બહાદુર માનવામાં આવે છે. ગોસ્વામી તુલસીદાસ દ્વારા રચિત એક અત્યંત પ્રભાવશાળી સ્તોત્ર 'હનુમાનષ્ટક', તેમના ભક્તોની ભક્તિમાં એક અગ્રણી સ્થાન ધરાવે છે.

ભક્તિભાવથી અને નિયમિતપણે તેનું પાઠ કરવાથી માત્ર ભય, અવરોધો અને નકારાત્મક ઉર્જા દૂર થતી નથી, પરંતુ વ્યક્તિને માનસિક શક્તિ, આત્મવિશ્વાસ અને હિંમત પણ મળે છે. પરંતુ શું તમે જાણો છો કે હનુમાનષ્ટકનો પાઠ કરતી વખતે કેટલીક ખાસ સાવચેતીઓ અને નિયમો છે? શુદ્ધતા અને પવિત્રતા પર ખાસ ધ્યાન આપો હનુમાનજી બ્રહ્મચર્ય અને પરમ પવિત્રતાનું પ્રતીક છે. તેથી, તેમના કોઈપણ ગ્રંથનો પાઠ કરતી વખતે - પછી ભલે તે હનુમાન ચાલીસા હોય કે હનુમાનષ્ટક - શરીર, મન અને સ્થાનની શુદ્ધતા અત્યંત મહત્વપૂર્ણ છે.

ભૂલઃ સ્નાન કર્યા વિના, ગંદા કપડાં પહેર્યા વિના અથવા અશુદ્ધ જગ્યાએ બેસ્યા વિના પાઠ કરવો.

સાચી રીતઃ સવારે સ્નાન કરો, સ્વચ્છ કપડાં પહેરો અને સ્વચ્છ જગ્યાએ બેસીને મંત્રનો જાપ કરો.

મનની એકાગ્રતા અને શ્રદ્ધા ખૂબ જ જરૂરી છે. કોઈપણ ધાર્મિક ગ્રંથ ફક્ત ઔપચારિકતા નથી. જ્યાં સુધી તેમાં ભક્તિ, શ્રદ્ધા અને એકાગ્રતા ન હોય ત્યાં સુધી તેના સંપૂર્ણ લાભ પ્રાપ્ત થતા નથી. ભૂલઃ ભણતી વખતે મન આમતેમ ભટકતું રહે છે, મોબાઈલ પર ધ્યાન આપે છે, વાતોમાં મગ્ન રહે છે.



સાચી રીતઃ પાઠ શરૂ કરતા પહેલા, થોડીવાર ધ્યાન કરો, પછી એકાગ્રતાથી હનુમાનજીનું ધ્યાન કરો અને પાઠ કરો.

શબ્દોનો યોગ્ય રીતે ઉચ્ચાર કરો

હનુમાનાષ્ટક સંસ્કૃત/અવધિ ભાષામાં છે. તેના દરેક શ્લોકમાં એક ઊંડો અર્થ છુપાયેલો છે. ખોટા ઉચ્ચારણથી અર્થ બદલાઈ શકે છે, જેનાથી લખાણની અસર ઓછી થાય છે. ભૂલઃ શ્લોકો વિકૃત રીતે બોલવા અથવા તેમને સમજ્યા વિના ઉતાવળ કરવી. સાચી રીતઃ જો શક્ય હોય તો, પહેલા શ્લોકોનો અર્થ સમજો અને પછી સ્પષ્ટ ઉચ્ચારણ સાથે તેનો પાઠ કરો.

પાઠ દરમિયાન અયોગ્ય અભિવ્યક્તિઓ અથવા દુશ્મનાવટ ટાળો.ભગવાન હનુમાનને નિષ્કલંક ભક્તિ ખૂબ ગમે છે. દેખાડો કરવા, અહંકાર કરવા કે બીજાને નીચા દેખાડવા માટે કરવામાં આવેલો કોઈપણ પાઠ માત્ર નિરર્થક જ નથી પણ નુકસાનકારક પણ હોઈ શકે છે.

ભૂલઃ બીજાઓને પ્રભાવિત કરવા અથવા દેખાડો કરવાના ઈરાદાથી મેસેજ મોકલવા. સાચી રીતઃ સંપૂર્ણ ભક્તિ સાથે પાઠ કરો, ફક્ત ભગવાનની ભક્તિ માટે. નિયમિતતા અને સમયનું પાલન કરો જ્યારે હનુમાનષ્ટકનો પાઠ નિયમિત અને નિર્ધારિત સમયે કરવામાં આવે છે, ત્યારે તેની અસર વધુ થાય છે. ભૂલઃ ક્યારેક સવારે, ક્યારેક રાત્રે, ક્યારેક વર્ગો છોડી દેવાથી - અનિયમિતતા પાઠને નિરર્થક બનાવી શકે છે.

સાચી રીતઃ ચોક્કસ સમય (સવાર કે સાંજ) નક્કી કરો અને તે સમયે નિયમિતપણે તેનો પાઠ કરો. માંસ, દારૂ અને દુષ્ટ વૃત્તિઓથી દૂર રહો ભગવાન હનુમાનને બ્રહ્મચર્યનું પ્રતીક માનવામાં આવે છે. તેને શુદ્ધતા અને સંયમ ખૂબ ગમે છે.

ભૂલઃ મંત્રનો જાપ કરતા પહેલા કે પછી માંસ અને દારૂનું સેવન કરવું અથવા તામસિક વિચારોમાં વ્યસ્ત રહેવું.

સાચી રીતઃ હનુમાનષ્ટકનો પાઠ કરતી વખતે, શિસ્તબદ્ધ જીવનશૈલી અને સાત્વિક આહારનું પાલન કરો.

હનુમાનજીને પ્રસન્ન કરવા માટે લાલ ફૂલ અને સિંદૂર ચઢાવો.

જો હનુમાનજીના પાઠ પહેલા કે પછી પૂજા કરવામાં આવે તો તેના ફાયદા અનેક ગણા વધી જાય છે.

ભૂલઃ શ્રદ્ધા વિના પૂજા કરવી અથવા પ્રતીકોની મજાક ઉડાવવી.

સાચી રીતઃ લાલ ફૂલો, ચમેલીનું તેલ, સિંદૂર અને ગોળ અને ચણાથી પૂજા કરો અને પછી મંત્રનો જાપ કરો.

# ચહેરા પર ગુલાબજળ લગાવવાથી થશે અદભુત ફાયદા, ત્વચાને કરશે હાઈડ્રેટ અને મોઇશ્ચરાઇઝ



ગુલાબજળ ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં એન્ટી-ઓકિસડન્ટ, એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટી-એજિંગ ગુણધર્મો છે, જે ત્વચાની ઘણી સામાન્ય સમસ્યાઓમાં અત્યંત ફાયદાકારક છે. તે ખીલ, ડાઘ, કરચલીઓ અને ટેનિંગથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. તે ત્વચાને હાઈડ્રેટ અને મોઇશ્ચરાઇઝ કરે છે, સાથે સાથે ત્વચાના કુદરતી ઇં લેવલને પણ સંતુલિત કરે છે. તમને જાણીને નવાઈ લાગશે કે જો તમે રાત્રે ચહેરા પર ગુલાબજળ લગાવો છો, તો તેના ફાયદાઓની વધી જાય છે. તો ચાલો જાણીએ કે રાત્રે ચહેરા પર ગુલાબજળ લગાવવાથી શું થાય છે?

રાત્રે ચહેરા પર ગુલાબજળ લગાવવાથી મળે છે આ ફાયદા

### બળતરા શાંત કરે છે

ગુલાબજળ ત્વચાને શાંત કરવામાં અને બળતરા ઘટાડવામાં મદદ કરે છે, ખાસ કરીને સનબર્ન અને ખીલને કારણે થતી બળતરા. રાત્રે સૂતા પહેલા ગુલાબજળ લગાવવાથી ખીલ અને બળતરામાં રાહત મળે છે. તેના બળતરા વિરોધી ગુણધર્મો રાતના ત્વચાને શાંત કરે છે, જેનાથી સવારે ચહેરો વધુ ચમકતો અને તાજો દેખાય છે.

### ત્વચા પર ચમક આવે છે

રાત્રે ગુલાબજળનો ઉપયોગ કરવાથી ત્વચા કુદરતી રીતે ચમકી શકે છે. તો, તમારી ત્વચા પર કેમિકલવાળા સીરમ લગાવવાને બદલે, ગુલાબજળ લગાવો અને ફરક જુઓ. એન્ટી-ઓકિસડન્ટોથી ભરપૂર ગુલાબજળ પ્રદૂષણ અને સ્ક્રીન ટાઈમ જેવા તણાવને પણ દૂર રાખે છે.

### ત્વચા નરમ બને છે

ગુલાબજળ એક કુદરતી મોઇશ્ચરાઇઝર છે. તે ત્વચાને ડ્રાય થવાથી અટકાવે છે અને પોર્સને પણ બંધ થતા અટકાવે છે. ગુલાબજળ ત્વચાના ઇં લેવલને સંતુલિત કરવામાં મદદ કરે છે અને ત્વચાને સ્વસ્થ રાખે છે.

### કરચલીઓ નહીં

30 અને 40ની ઉંમરના લોકો પણ રાત્રે ગુલાબજળ લગાવી શકે છે, તે એજિંગ પ્રક્રિયાને ધીમી કરી શકે છે. ત્વચાની મજબૂતાઈ જાળવી રાખી છે, તેનાથી ત્વચા હળવી અને તાજી પણ લાગે છે.

### ત્વચાને ફ્રી રેડિકલથી સુરક્ષિત કરે છે

ગુલાબજળમાં એન્ટી-ઓકિસડન્ટ હોય છે જે ત્વચાને ફ્રી રેડિકલથી થતા નુકસાનથી બચાવવામાં મદદ કરે છે અને ત્વચાને યુવાન અને ચમકદાર રાખે છે.



# અકાય અને વામિકા સાથે વિરાટ-અનુષ્કા વેકેશન પર, વીડિયો વાયરલ

**સમય મિરર | મુંબઈ**

પાવર કપલ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી હાલ તેમના પરિવાર સાથે ખાસ સમય વિતાવી રહ્યા છે. તાજેતરમાં તેઓ સંત પ્રેમાનંદ જી મહારાજના આશ્રમની મુલાકાતે ગયા અને ત્યારબાદ અનુષ્કાની માતાના ઘરે બાળકો સાથે જોવા મળ્યા.

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી હાલમાં તેમના પરિવાર સાથે પ્રેમભર્યા સમય વિતાવી રહ્યા છે. તાજેતરમાં તેઓ બંને સંત પ્રેમાનંદ જી મહારાજના વૃંદાવન સ્થિત આશ્રમની મુલાકાતે ગયા હતા, જ્યાં તેઓ શાંતિ અને આધ્યાત્મિક અનુભવો મેળવવા માટે પહોંચ્યા હતા. આ મુલાકાત વખતે તેમના બાળકો અકાય અને વામિકા હાજર નહોતા. જોકે, આ વર્ષના શરૂઆતમાં જ્યારે દંપતી મહારાજને મળવા ગયા હતા ત્યારે તેઓ પોતાના બાળકોને પણ સાથે લઈ ગયા હતા.

હમણાં સોશિયલ મીડિયા પર એક વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે જેમાં અનુષ્કા અને વિરાટ તેમના બંને બાળકો સાથે અનુષ્કાની માતાના ઘરે પહોંચતા જોવા મળ્યા છે. વીડિયોમાં જોવામાં આવે છે કે નાની એટલે કે અનુષ્કાની માતા નાનકડા અકાયને ખોળામાં ઉઠાવી લઈ સ્નેહ દર્શાવે છે, જ્યારે વામિકા તેમની બાજુમાં ઊભી છે. આ સુંદર પળને ચાહકો ખૂબ જ પ્રસન્ન થયા છે અને સોશિયલ મીડિયા પર આ વીડિયો ખૂબ શેર થઈ રહ્યો છે.

અનુષ્કા શર્મા હાલ ફિલ્મોથી દૂર રહીને પરિવાર સાથે સમય વિતાવી રહી છે. તેમ છતાં, તેમની આગામી ફિલ્મ 'ચકડા એક્સપ્રેસ' માટે ચાહકો ઉત્સાહિત છે. આ ફિલ્મમાં અનુષ્કા ભૂતપૂર્વ ભારતીય મહિલા ક્રિકેટર ઝુલન ગોસ્વામીની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે, જોકે તેનું રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી.

બીજી તરફ, વિરાટ કોહલીએ તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. આ પ્રસંગે અનુષ્કા પણ ભાવુક થઈ ગઈ હતી. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે, એટલા માટે જ ટેસ્ટ ક્રિકેટમાં ફક્ત તે લોકો સફળ થાય છે જેમની પાસે કહેવા માટે એક વાર્તા હોય છે. એક લાંબી વાર્તા જે દરેક પિચ વિશે લખ્યા પછી પણ સમાપ્ત થતી નથી, પછી ભલે તે ભીની હોય, સૂકી હોય, ભારતીય હોય કે વિદેશી.



# લાલ જોડામાં દુલ્હન બની મોનાલિસા! મનમોહક અદા પર ફિદા થયા ફેન્સ

મહાકુંભ ગર્લ મોનાલિસા આ દિવસોમાં મુંબઈમાં ધૂમ મચાવી રહી છે. મોનાલિસાએ થોડા સમય પહેલા જ મુંબઈ આવી છે. મોનાલિસા મુંબઈ આવી ત્યારથી જ સોશિયલ મીડિયા પર છવાયેલી છે. તાજેતરમાં જ મોનાલિસાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં મોનાલિસાનો બ્રાઈડલ લુક જોવા મળી રહ્યો છે. વીડિયોમાં મોનાલિસા લાલ રંગનો લહેંગા પહેરેલી જોવા મળી રહી છે. પોતાના દુલ્હનના લુકને વધુ સુંદર બનાવવા માટે મોનાલિસાએ તેના ગળામાં સોનાના ઘરેણાં પહેર્યા હતા જેમાં લીલા રંગના સ્ટોન જડેલા છે. મોનાલિસાનો હેવી બ્રાઈડલ મેકઅપ તેના લુકમાં વધારો કરી રહ્યો છે. આ ઉપરાંત મોનાલિસાએ માંગ ટીકો લગાવવા માટે એક શાનદાર હેરસ્ટાઈલ પણ કરી છે. સંપૂર્ણપણે તૈયાર થયા પછી મોનાલિસાએ કેમેરા સામે ઘણા બધા પોઝ આપ્યા. વીડિયોમાં મોનાલિસા કેમેરા સામે દુલ્હનની જેમ શરમાઈને પોઝ આપતી નજર આવી રહી છે. મોનાલિસાના આ અંદાજે ચાહકોના દિલ જીતી લીધા છે. લોકો દાવો કરી રહ્યા છે કે મોનાલિસા બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય કરતાં વધુ સુંદર લાગે છે. મોનાલિસાને મુંબઈમાં ઘણી પ્રશંસા મળી રહી છે. તાજેતરમાં મોનાલિસા એક કાર્યક્રમનો ભાગ બનવા માટે આવી હતી. જે પછી મોનાલિસા તેના મ્યુઝિક વીડિયોના શૂટિંગ માટે બહાર ગઈ. અહીં લોકોએ મોનાલિસાનું ફૂલોથી સ્વાગત કર્યું. આ સમય દરમિયાન મીડિયાએ મોનાલિસાના ઘણા ફોટા પાડ્યા. મીડિયા સામે મોનાલિસા દેશી લુકમાં જોવા મળી હતી. મોનાલિસાની સાદગીએ ફરી એકવાર સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી. હવે મોનાલિસાનો બ્રાઈડલ લુક લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. મોનાલિસા થોડા જ સમયમાં ઘણી બદલાઈ ગઈ છે.



# રેખા સાથે અભિનેતા થયા બેકાબૂ, બન્નેએ ફિલ્મના શૂટિંગ દરમિયાન કર્યું વિચિત્ર કામ, બધા ચોંકી ગયા

**સમય મિરર | મુંબઈ**

બોલિવૂડની દિગ્ગજ અભિનેત્રી રેખાનું જીવન વિવાદોથી ભરેલું રહ્યું છે. ભલે અભિનેત્રી હાલ ૭૦ વર્ષની થઈ ગઈ છે, પરંતુ જ્યારે પણ અભિનેત્રીના જીવનના કેટલાક કિસ્સાઓની વાત આવે ત્યારે એ જાણીને દરેકને આશ્ચર્ય થાય છે. રેખા પોતાના પ્રેમ સંબંધો ઉપરાંત ફિલ્મોમાં બોલ્ડ અને ઇન્ટિમેટ સીન આપવા માટે પણ ઘણા વિવાદોમાં રહી છે. ત્યારે આજે વાત કરીએ એવી ફિલ્મ વિશે વાત, જેમાં રેખાએ પોતાનાથી ૩ વર્ષ મોટા અભિનેતા સાથે ખુરશી પર બેસીને ઈન્ટિમેટ સીન આપ્યા હતા, પરંતુ આ દરમિયાન બંને સ્ટાર્સ બેકાબૂ થઈ ગયા હતા, જેના કારણે ઘણો હોબાળો થયો હતો. ચાલો જાણીએ આખો કિસ્સો. બોલિવૂડ અભિનેત્રી રેખાએ પોતાના કરિયરમાં ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. પરંતુ ૧૯૯૭ માં, તેમની એક ફિલ્મ રિલીઝ થઈ હતી, જેમાં રેખાએ પોતાની બોલ્ડનેસથી બધાને ચોંકાવી દીધા. આ ફિલ્મમાં રેખા અભિનેતા ઓમ પુરી સાથે જોવા મળી હતી.

રેખા અને ઓમ પુરીની ફિલ્મ 'આસ્થા' બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી, પરંતુ આ ફિલ્મમાં રેખા અને ઓમ પુરીએ ઘણા બધા ઈન્ટિમેટ સીન્સ આપ્યા, જેની ખૂબ ચર્ચા થઈ હતી.



જણાવી દઈએ કે ફિલ્મ 'આસ્થા'માં રેખા અને ઓમ પુરીએ પતિ-પત્નીની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં બંને વચ્ચેની કેમેસ્ટ્રીના ખૂબ જ વખાણ થયા હતા. પરંતુ ફિલ્મમાં રેખા અને ઓમ પુરીએ ખુરશી પર બેસીને જે ઇન્ટિમેટ સીન આપ્યો હતો, તેને આજ સુધી કોઈ ભૂલી શક્યું નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ખુરશી પર ઇન્ટિમેટ સીન આપવા દરમિયાન રેખા અને ઓમ પુરીએ બેકાબુ થઈ ગયા હતા અને બંને એ પણ ભૂલી ગયા હતા કે તેમની નજીક આટલા બધા લોકો ઉભા છે. એવું કહેવાય છે કે આ સીનના શૂટિંગ દરમિયાન રેખા અને ઓમ પુરી એટલા બેકાબૂ થઈ ગયા કે જે ખુરશી પર આ સીન શૂટ થઈ રહ્યો હતો તે તૂટી ગઈ. જોકે, પછીથી આ વાત પર પડદો નાખવા માટે, એવું કહેવામાં આવ્યું કે ખુરશી રેખા અને ઓમ પુરીનું વજન સહન કરી શકી નહીં અને તેથી તે તૂટી ગઈ. જણાવી દઈએ કે ફિલ્મ 'આસ્થા' સિવાય, અભિનેત્રી રેખાએ 'ઈન્ટરનેશનલ ખિલાડી'માં અક્ષય કુમાર સાથે અને જીતેન્દ્ર સાથેની એક ફિલ્મમાં ઘણા ઈન્ટિમેટ સીન્સ આપ્યા છે, જેના માટે તેમને આજે પણ ખૂબ જ ટ્રોલ કરવામાં આવે છે.

# રેડ બિકીનીમાં અવનિત કૌરની તસવીરો થઈ વાયરલ એક્ટ્રેસની એક-એક અદા પર અટકી સૌની નજર



એક્ટ્રેસ અવનીત કૌર તેની બોલ્ડનેસથી ફેન્સના હોશ ઉડાવી દે છે. તેની આ જૂની તસવીરોમાં પણ તે બોલ્ડનેસથી આગ લગાવી રહી છે. સ્મોલ સ્ક્રિન પર એક સમયે બાળ કલાકાર તરીકે કામ કરતી અવનીત કૌર આજે ઉદ્યોગનો એક જાણીતો ચહેરો બની ગઈ છે. અવનીત કૌર સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે અને તેના ફોટા રિલીઝ થતાં જ વાયરલ થઈ જાય છે. તાજેતરમાં, અવનીતે કેટલાક બિકીની ફોટા શેર કર્યા જેમાં તે લાલ રંગની મોનોકિનીમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. આ ફોટામાં, અવનીત સ્વિમિંગ પુલમાં ખૂબ જ સુંદર લાગી રહી છે, આ તસવીરોમાં અભિનેત્રી અવનીત કૌર સ્વિમિંગ પૂલના કિનારે બેઠેલી જોવા મળે છે. ફોટામાં તે લાલ રંગની મોનોકિનીમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. આ તસવીરમાં, અવનીત આંખો બંધ કરીને જબરદસ્ત પોઝ આપી રહી છે. આ લાલ મોનોકિની સાથે, અવનીતે તેના હોઠ પર લાલ લિપસ્ટિક લગાવી છે, જે તેના દેખાવને પરફેક્ટ બનાવી રહી છે. આ તસવીરોમાં અવનીત પોતાના ક્લીવેજને પણ ફ્લોન્ટ કરી રહી છે. અવનીત કૌર ભીના વાળ અને ભીના શરીર સાથે ખૂબ જ સુંદર લાગે છે. આ તસવીરમાં અભિનેત્રી અવનીત કૌર પણ પોતાના ટોન્ડ પગ બતાવી રહી છે. આ તસવીરમાં અભિનેત્રી અવનીત કૌર સ્વિમિંગ પુલમાં જોવા મળી રહી છે. આ ફોટામાં, અભિનેત્રી સ્વિમિંગ પૂલના કિનારે ઉભી છે અને ખૂબ જ સુંદર પોઝ આપી રહી છે. અવનીતના આ ફોટા ઈન્ટરનેટ પર વધુને વધુ વાયરલ થઈ રહ્યા છે. આ તસવીરમાં અવનીત કૌર પોતાની સુંદર સ્મિતથી ચાહકોના દિલ જીતી રહી છે. એક યુઝરે લખ્યું, 'તું ખૂબ જ સુંદર છે અવનીત.' જ્યારે બીજા એક યુઝરે લખ્યું, 'આ ઉંમરે પણ તું ખૂબ જ હોટ લાગે છે.' ફેન્સે કરી લાઇક્સની ભરમાર આ તસવીરમાં અવનીત કૌર સ્વિમિંગ પુલમાં સ્વિમિંગ કરતી જોવા મળી રહી છે. ફોટામાં તે પાણી પર પડેલી જોવા મળે છે. અવનીતના આ ફોટાને અત્યાર સુધીમાં લાખો લાઈક્સ મળી ચૂક્યા છે. અભિનેત્રી અવનીત કૌરની સોશિયલ મીડિયા પર ખૂબ મોટી ફેન ફોલોઈંગ છે.

# ઈન્સ્ટાગ્રામ પર પૂનમ પાંડેએ શેર કરી હોટ તસવીર, ચાહકો થયા દિવાના



પૂનમ પાંડે તેના બોલ્ડ અંદાજના કારણે સતત ચર્ચામાં રહે છે. તેની હોટ તસવીરો પણ ઈન્સ્ટાગ્રામ પર શેર કરતી રહે છે. તાજેતરમાં પોસ્ટ કરેલી તેની ફેન્સ ખૂબ પસંદ કરી રહ્યા છે. એક્ટ્રેસ પૂનમ પાંડે પોતાના ગ્લેમરસ લુકના કારણે સોશિયલ મીડિયા પર છવાયેલી રહે છે. તે અવારનવાર તેના લેટેસ્ટ ફોટોઝ શેર કરતી રહે છે. તાજેતરમાં જ તેને ઈન્સ્ટાગ્રામ પર તેના કેટલાક બોલ્ડ ફોટા શેર કર્યા છે. તેની આ લેટેસ્ટ તસવીરો માં તે ડીપ નેક ઓવરસાઈઝ સ્વેટર, કાળા અંડરગાર્મેન્ટ્સ અને લાંબા બૂટમાં જોવા મળી રહી છે. જેના કેપ્શનમાં લખ્યું છે કે, '' This is my 'I didn't know the camera was on face'. પૂનમની આ તસવીર વાયરલ થઈ ગઈ છે અને ફેન્સ તેની બોલ્ડનેસના વખાણ કરી રહ્યા છે. તેની આ તસવીરો પર ફેન્સ કોમેન્ટ કરી રહ્યા છે. જેમાં કોઈ લવ વાળું ઈમોઝી મૂકી રહ્યા છે તો કેટલાક ''ક્યુટ'' અને ''



લવલી'' જેવી કોમેન્ટ કરી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ થયાના થોડા કલાકોમાં જ આ ફોટોઝને હજારો લાઈક્સ મળી છે.પૂનમ પાંડે હંમેશા પોતાના બોલ્ડ અંદાજ અને બિન્દાસ સ્ટાઈલ માટે ચર્ચામાં રહે છે. આ વખતે પણ તેને પોતાના સ્ટાઈલિશ મૂવ્સથી ફેન્સને ઈમ્પ્રેશ કર્યા છે. આ સ્વેગવાળા લુકમાં તેને બંને હાથથી તેના વાળ પકડી રાખ્યા હતા. જેમાં તે અલગ અલગ પોઝ આપતી પણ જોવા મળી હતી.




# આમિરની સિતારે ઝમીન પર રિલીઝ પહેલાં ફસાઈ વિવાદમાં

## ટ્રેલર-લોન્ચના ગણતરીના કલાકોમાં જ સોશિયલ મીડિયા પર ફિલ્મના બોયકોટની ડિમાન્ડ

**સમય મિરર | મુંબઈ**

મંગળવારે આમિર ખાનની આગામી સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ 'સિતારે ઝમીન પર'નું ટ્રેલર લોન્ચ થઈ ગયું છે અને લોન્ચિંગના ગણતરીના કલાકોમાં જ એ નંબર વન પર ટ્રેન્ડ કરવા માંડ્યું હતું. જોકે દર્શકોના પ્રેમ છતાં ટ્રેલર-લોન્ચના ગણતરીના કલાકોમાં જ સોશ્યલ મીડિયા પર ફિલ્મના બોયકોટની ડિમાન્ડ થઈ રહી છે અને એ માટે આમિર ખાનના વર્તનને જવાબદાર ગણવામાં આવી રહ્યું છે. હાલમાં ઑપરેશન સિંદૂરને કારણે ભારત-પાકિસ્તાન વચ્ચે ભારે તનાવનું વાતાવરણ છે. એ દરમ્યાન સામાન્ય લોકોથી લઈને અનેક સેલિબ્રિટીઝે ભારતીય સેનાના સાહસની પ્રશંસા કરીને એને સમર્થન આપ્યું છે. જોકે આમિર ખાન, શાહરુખ ખાન અને સલમાન ખાને આ મામલે મૌન રહેવાનું પસંદ કર્યું હતું જે લોકોને બિલકુલ નથી ગમ્યું. આ જ વર્તનને આગળ ધરીને હવે કેટલાક લોકો 'સિતારે ઝમીન પર'નો બોયકોટ કરવાની ડિમાન્ડ કરી રહ્યા છે. 'સિતારે ઝમીન પર'ના બોયકોટ વિશે અલગ-અલગ પ્લેટફૉર્મ પર ચર્ચા ચાલી રહી છે. આ ઑનલાઈન ચર્ચાઓમાં જોવા મળ્યું છે કે બોયકોટની માગણી પાછળ બીજાં અનેક કારણો છે. કેટલાક યુઝર્સ આમિર ખાને ઑપરેશન સિંદૂરને જાહેરમાં સ્વીકૃતિ ન આપી એ બદલ પણ નારાજ છે. કેટલાક 'લાલ સિંહ ચઢ્ઢા'ના પ્રમોશન દરમ્યાન ટર્કીનાં તત્કાલીન ફર્સ્ટ લેડી એમિન એર્દોગન અને આમિરની મુલાકાતને યાદ કરીને તેને ભારતવિરોધી ગણાવી રહ્યા છે. આ લોકો ૨૦ જૂને રિલીઝ થનારી 'સિતારે ઝમીન પર'ના બોયકોટની માગણી કરી રહ્યા છે.

# WTC ચેમ્પિયન પર પૈસાનો વરસાદ, ભારતીય ટીમને પણ મળશે કરોડો, પાકિસ્તાનને શું મળશે?

**સમય મિરર | નવી દિલ્હી**

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૩-૨૫ના પોઈન્ટ ટેબલમાં દક્ષિણ આફ્રિકા ટોચ પર રહ્યું. ઓસ્ટ્રેલિયાએ ભારતીય ટીમને ૩-૧ થી હરાવીને બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું હતું.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ના ત્રીજા રાઉન્ડ (૨૦૨૩-૨૫) ની ફાઇનલ ૧૧ જૂનથી ક્રિકેટના મક્કા લોર્ડ્સ ખાતે દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાશે. પેટ કમિન્સની આગેવાની હેઠળની ઓસ્ટ્રેલિયન ટીમ તેના ખિતાબનો બચાવ કરવા માંગશે, જ્યારે ટેમ્બા બાવુમાની આગેવાની હેઠળની દક્ષિણ આફ્રિકાની ટીમ ફાઇનલ જીતવાનો પ્રયાસ કરશે.

હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ બોર્ડે (ICC) એ WTC ના આ ત્રીજા ચક્ર માટે ઇનામી રકમની જાહેરાત કરી છે. WTC ૨૦૨૩-૨૫ માટે, ICC ૯ ટીમો વચ્ચે કુલ US5.૭૬ મિલિયન (આશરે રૂ. ૪૯.૨૭ કરોડ) ની ઇનામી રકમનું વિતરણ કરશે, જે અગાઉના બે સિઝન કરતાં વધુ છે.

આ વખતે ચેમ્પિયન ટીમને US ૩.૬ મિલિયન (લગભગ રૂ. ૩૦.૮૦ કરોડ) ની ઇનામી રકમ મળશે, જે ૨૦૨૧ અને ૨૦૨૩ બંનેમાં આપવામાં આવેલા US ૧.૬ મિલિયન કરતા ઘણી વધારે છે. જ્યારે રનર-અપ ટીમને US ૨.૧૬ મિલિયન (લગભગ રૂ. ૧૮.૪૮ કરોડ) મળશે. છેલ્લા ચક્રમાં, રનર-અપ ટીમને ૮૦,૦૦૦ મળ્યા હતા.

ત્રીજા સ્થાને રહેનારી ભારતીય ટીમને ૧,૪૪૦,૦૦૦ (રૂ. ૧૨.૩૨ કરોડ) ની ઇનામી રકમ મળશે. જ્યારે ચોથા ક્રમે રહેલી ટીમ ન્યુઝીલેન્ડને આશરે ૧૦.૨૭ કરોડ રૂપિયા (૧૨,૦૦,૦૦૦ ડોલર) મળશે. ઈંગ્લેન્ડ (લગભગ ૮.૨ કરોડ રૂપિયા), શ્રીલંકા (લગભગ ૭.૧૯કરોડ રૂપિયા), બાંગ્લાદેશ (લગભગ ૬.૧૬ કરોડ રૂપિયા), વેસ્ટ ઈન્ડિઝ (લગભગ ૫.૧૪ કરોડ રૂપિયા) અને પાકિસ્તાન (લગભગ ૪.૧૧ કરોડ રૂપિયા) ને પણ ઈનામી રકમ મળશે.

તમને જણાવી દઈએ કે દક્ષિણ આફ્રિકા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૩-૨૫ના પોઈન્ટ ટેબલમાં ટોચ પર હતું. દક્ષિણ આફ્રિકાએ પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ, બાંગ્લાદેશ અને શ્રીલંકા સામે શ્રેણી જીતી હતી, જ્યારે તેણે ભારત સામેની ઘરઆંગણે શ્રેણી ડ્રો કરી હતી. દરમિયાન, ઓસ્ટ્રેલિયાએ ભારત પર ૩-૧થી જીત મેળવીને બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. કાંગારૂ ટીમે પાકિસ્તાનને તેના હોમ ગ્રાઉન્ડ પર ૩-૦થી હરાવ્યું, જ્યારે તેણે ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા સામેની શ્રેણી પણ જીતી.

ICC એ ફાઇનલ માટે ઉત્સાહ વધારવા માટે એક પ્રમોશનલ વીડિયો પણ બહાર પાડ્યો હતો, જેમાં દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમા,ફાસ્ટ બોલર કાગીસો રબાડા અને એડન માર્કરમ, ઓસ્ટ્રેલિયન પાવરહાઉસ સ્ટીવ સ્મિથ અને ધમાકેદાર બેટ્સમેન ટ્રેવિસ હેડ, શોન પોલોક, ડેલ સ્ટેન, મેથ્યુ હેડન, મેલ જોન્સ, નાસિર હુસૈન, શોએબ અખ્તર અને રવિ શાસ્ત્રીનો સમાવેશ થાય છે.



# સુરતમાં ૧૩ વર્ષના વિદ્યાર્થીથી ગર્ભવતી બનેલી શિક્ષિકાના ગર્ભનું એબોર્શન કરાયું

## કોર્ટ દ્વારા મંજુરી આપતા સ્મિમેર હોસ્પિટલમાં થયેલી કાર્યવાહી

**સમય મિરર | સુરત**

સુરતની ૨૩ વર્ષીય અપરિણીત શિક્ષિકા વિદ્યાર્થીના અપહરણ કેસમાં ઝડપાયા બાદ ગર્ભવતી હોવાનું માલૂમ પડ્યું હતું. જેલમાં બંધ શિક્ષિકાના વકીલ દ્વારા ગર્ભપાત માટે મંજૂરી માગવામાં આવતાં કોર્ટે મેડિકલ રિપોર્ટના આધારે મંજૂરી આપતાં સ્મિમેર હોસ્પિટલમાં એબોર્શન કરાયું હતું. સગીરાના પેટમાં રહેલો ગર્ભ ૧૩ વર્ષીય વિદ્યાર્થી સાથેના શારીરિક સંબંધના કારણે રહ્યો હતો કે નહીં એની તપાસ માટે DNA સેમ્પલ લેવામાં આવ્યાં છે, જેનો રિપોર્ટ બે મહિના બાદ આવે એવી શક્યતા છે.

સુરતના પુણામાં ગર્ભવતી બનેલી શિક્ષિકાએ ગર્ભપાત માટે કરેલી અરજીને કોર્ટે મંજૂર કરી હતી. ડોક્ટરના અભિપ્રાય બાદ માતા અને બાળકની તબિયતને ધ્યાનમાં રાખીને એક અઠવાડિયામાં જ ગર્ભપાત માટે કોર્ટે પરવાનગી આપી હતી. આ ઉપરાંત કોર્ટે ડીએનએ પરીક્ષણ માટે ગર્ભને સાચવી રાખવા તપાસ એજન્સીને હુકમ કર્યો હતો, જેથી લાજપોર જેલમાંથી શિક્ષિકાનો કબજો મેળવીને સ્મિમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ત્યાર બાદ તેનો માનસિક અને શારીરિક રિપોર્ટ કરવામાં આવ્યો હતો, જેમાં તે ફિટ જણાતાં આજે(૧૫ મે)એ એબોર્શન કરવામાં આવ્યું હતું. સેમ્પલ સાથે ૧૩ વર્ષના કિશોરના ડીએનએનો રિપોર્ટ કરવામાં આવશે અને એનો રિપોર્ટ બે મહિને આવે એવી શક્યતા છે.

એબોર્શનની પ્રક્રિયા એ પ્રકારની હતી કે ૨૦થી ૨૨ વીકનો ગર્ભ હોવાથી દુખાવાની દવા દ્વારા શિક્ષિકાને દુખાવો ઉપાડવામાં આવ્યો હતો. ત્યાર બાદ તેની ૧૫થી ૨૦ મિનિટમાં નોર્મલ ડિલિવરી કરાવવામાં આવી હતી. હાલ શિક્ષિકાની હાલત સામાન્ય હોવાથી અંદાજે બે દિવસમાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે તેવી શક્યતા છે.

### હેવમોરની આઈસ્ક્રીમમાંથી પૂંછડી નિકળતા કાર્યવાહી

# આઈસ્ક્રીમમાંથી ગરોળીની પૂંછડી નીકળતાં દુકાનને સીલ, તપાસ સોંપી

**સમય મિરર | અમદાવાદ**

ઉનાળાની ગરમીમાં આઈસ્ક્રીમની મજા માણવામાં આવે છે પરંતુ અમદાવાદની એક મહિલાને આઈસ્ક્રીમ ખાતી વખત કડવો અનુભવ થયો છે. મણિનગરની મહાલક્ષ્મી કોર્નર દુકાનમાંથી આઈસ્ક્રીમની ખરીદી કરવામાં આવી હતી જેમાં ગરોળી નીકળી હતી. આ આઈસ્ક્રીમ ખાવાથી મહિલાની તબિયત ખરાબ થતા સારવાર માટે એલ જી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

તો બીજી બાજુ આ ઘટના બાદ આરોગ્ય વિભાગ દ્વારા આઈસ્ક્રીમ ખરીદવામાં આવ્યો તે એકમમાં તપાસ કરવામાં આવી તેની પાસે ફૂડ લાયસન્સ ન હોવાથી દુકાન સિલ




કરવામાં આવી તો નરોડા ખાતે આવેલ હેવમોર આઈસ્ક્રીમ ફેક્ટરી ખાતે પણ ચેકીંગ કરી સેમ્પલ લેવામાં આવ્યું હતું.

હેવમોરનો ફરિયાદની બેચનો આઈસક્રીમ રિકોલ કરવા આદેશ આપવામાં આવ્યો છે. ગરોળીની ફરિયાદ ધરાવતી બેચનો તમામ આઈસ્ક્રીમ માર્કેટમાંમાંથી પરત મંગાવવામાં આવ્યો છે. ડિસ્ટીબ્યુટર અને રિટેલર પાસેથી તે બેચનો તમામ માલ પરત મંગાવવામાં આવ્યો છે.

# જસદણ પંથકમાં રીક્ષામાં પેસેન્જર બેસાડી ખિસ્સાં હળવા કરતી રાજકોટની બેલડી પકડાઈ

## એલસીબીની ટીમે મંછાનગરના અને સાગરનગરના શખ્સ પાસેથી રીક્ષા, રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો

**સમય મિરર | જસદણ**

જસદણ પંથકમાં રીક્ષામાં પેસેન્જર બેસાડી ખિસ્સા હળવા કરતી રાજકોટની બેલડીને રૂરલ એલસીબીની ટીમે પકડી લઈ રીક્ષા, રોકડ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકર સિંહ દ્વારા જિલ્લાના વણશોધાયેલ મિલકત વિરુદ્ધના ગુનાઓ શોધી કાઢવાની આપેલ સૂચનાથી એલસીબી પીઆઈ વી. વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી.ગોહીલના માર્ગદર્શન હેઠળ સ્ટાફ ગુન્હેગારોને શોધી પકડી પાડવા માટેની કામગીરીમાં હતા.

તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ પ્રણય સાવરીયા, ધર્મેશ બાવળીયા અને વાઘાભાઇ આલને સંયુક્તમાં મળેલ ચોક્કસ બાતમીના આધારે બે શખ્સોને જસદણ-વિંછીયા રોડ પાસેથી ચોરીથી મેળવેલ પાકીટ તથા મોબાઈલ ફોન સાથે પકડી પાડી તેનું નામ પૂછતા પોતાનું નામ પપુ ઉર્ફે રોહીત રાયધન સોલંકી (ઉ.વ-૨૩, હાલ રહે, રાજકોટ જુના માર્કેટીંગ યાર્ડ, મંછાનગર, નવા કવાર્ટર, મુળ રહે, કલોરાણા ગામ, બાબરા) અને બીજાએ મહેશ ઉર્ફે મયલો જયંતી સોલંકી (ઉ.વ-૨૮, હાલ રહે, રાજકોટ સંતકબીર રોડ, સાગર નગર, મફતીયાપરા, મુળ રહે. સમી નવાવાસ વિસ્તાર, રાધનપુર) હોવાનું જણાવ્યું હતું.

એલસીબીની ટીમે બંને શખ્સો પાસેથી એક રીક્ષા, રોકડ, ત્રણ મોબાઈલ સહિત રૂ.૧.૬૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ આદરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી બેલડી જસદણ વિસ્તારમાંથી પોતાની રીક્ષામાં પેસેન્જર બેસાડી મુસાફરોની નજર ચૂકવી પેસેન્જરના ખિસ્સામાં રહેલ મોબાઈલ, પાકિટ અને રોકડ રૂપીયા કાઢી લેતાં હતાં.

# સુચિત સોસાયટીઓના દસ્તાવેજીકરણની પ્રક્રિયા સરળ બનાવવા રાજ્ય સરકારની તૈયારી

## પછાત વિસ્તારનો નકશો શહેરના મુખ્ય ધારા સાથે સંકળાઈ શકશે : મહેસુલની બેઠક મળી

**સમય મિરર | ગાંધીનગર**

મહેસૂલ વિભાગે શહેરોની સૂચિત સોસાયટીઓના દસ્તાવેજીકરણ માટે ખાસ બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા અને રાજ્ય મંત્રી જગદીશભાઈ પંચાલની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી. દસ્તાવેજીકરણમાં આવી રહેલી અડચણોને દૂર થવાથી રાજ્યના હજારો નાગરિકોને આધારભૂત હક પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શહેરોના પછાત વિસ્તારોમાં આવેલ સૂચિત સોસાયટીઓના દસ્તાવેજીકરણમાં આવી રહેલી



અડચણોને દૂર કરવા તથા આ પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને લોકોને સુલભ બનાવવાના હેતુથી ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા અને રાજ્ય મંત્રી જગદીશભાઈ પંચાલ, મહેસૂલ સચિવ તથા સંબંધિત અધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક યોજવામાં આવી.

આ બેઠકમાં દસ્તાવેજીકરણની હાલની પ્રક્રિયાને સરળ બનાવવા, જરૂરી કાયદાકીય સુધારા કરવા તથા વિકાસના મુખ્ય પ્રવાહમાં પછાત વિસ્તારોના નાગરિકોને લાવવા માટે શક્ય તેટલા સંવેદનશીલ અને જનહિતના નિર્ણયો લેવા અંગે ચર્ચા થઈ.

રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, શહેરોના પછાત વિસ્તારોમાં આવેલી એવી સૂચિત સોસાયટીઓના નાગરિકોને, જેઓ વર્ષો સુધી પોતાનું રહેઠાણ હોવા છતાં દસ્તાવેજી માલિકી મેળવવામાં અક્ષમ રહ્યા છે, તેમને માટે દસ્તાવેજીકરણની પ્રક્રિયા સરળ બનશે.

આ નિર્ણયથી નાગરિકો પોતાના મિલકતના અધિકાર સાથે નાણાકીય, શૈક્ષણિક તથા અન્ય કાયદાકીય લાભો પ્રાપ્ત કરી શકશે. સાથે સાથે પછાત વિસ્તારોનો નકશો પણ શહેરના મુખ્ય ધારા સાથે સંકળાઈ શકશે, જે રાજ્યના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

### પીવા માટેનું પુરતું પાણી પહોંચાડવા આયોજન : પ્રવકતા મંત્રી

# રાજ્ય સરકાર દ્વારા પીવા માટે આરક્ષિત ૬૪ જળાશયોમાં ૨.૩૪ લાખ MCFT જથ્થો


**સમય મિરર | અમદાવાદ**

ગુજરાતનાં ૨૦૭ જળાશયોમાં ગત વર્ષની સરખામણીએ ૦૬ ટકા વધુ કુલ ૪,૩૯,૧૨૯ MCFT જેટલુ પાણી સંગ્રહિત ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ગુજરાતમાં પીવાના પાણીની ઉપલબ્ધતા અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ સંદર્ભે પ્રેસ-મીડિયાના મિત્રોને માહિતી આપતા જણાવ્યું હતું કે, ઉનાળાની સિઝન દરમિયાન ગુજરાતનાં નાગરિકોને પીવા માટેનું શુદ્ધ અને પર્યાપ્ત પાણી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

આ સંદર્ભે તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં કુલ ૬૪ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત કરવામાં આવ્યું છે. જ્યારે, હાલની સ્થિતિએ રાજ્યમાં પીવા માટેના ૧૪,૮૯૫ MCFT પાણીની જરૂરીયાત સામે આ જળાશયોમાં કુલ ૨,૨૩,૪૩૬ MCFT પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ ઉપરાંત હાલની સ્થિતીએ રાજ્યના સરદાર સરોવર ડેમ સહિતના કુલ ૨૦૭ જળાશયોમાં પણ કુલ ૪,૩૯,૧૨૯ MCFT જેટલુ પાણી સંગ્રહિત છે, જે ગત વર્ષની સરખામણીએ લગભગ ૦૬ ટકા જેટલું વધુ છે.

વધુ વિગતો આપતા પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, હાલમાં રાજ્યના ૧૫,૭૨૦ ગામોને સરફેસ સોર્સ આધારીત જુથ યોજનાઓ દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જ્યારે, બાકીના ૨,૪૩૨



ગામો ભૂગર્ભ જળ આધારીત યોજનાઓથી પીવા માટેનું પાણી મેળવી રહ્યા છે. આ ગામોને પણ જુથ યોજનામાં આવરી લેવા માટેના કામો હાલ પ્રગતિ હેઠળ છે. આમ, રાજ્યના તમામ ૧૮,૧૫૨ ગામોને પર્યાપ્ત માત્રામાં પીવાનું પાણી મળી રહ્યું છે.

પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા મોટા ભાગના ડેમોમાં ૧૫ જુલાઈ, ૨૦૨૫ સુધી પીવાના પાણીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના દરેક જળાશયમાં પીવાના પાણી માટેનો જથ્થો અનામત રાખ્યા બાદ બાકીના પાણીના જથ્થાનો વપરાશ સિંચાઇ માટે કરવામાં આવે છે, તેમ મંત્રી પટેલે ઉમેર્યું હતું.

### અમદાવાદના ચંડોળા બાદ રખિયાલમાં સરકારી જમીન ખાલી કરાવવા તંત્રની કવાયત

# નમાજ માટેની જગ્યા સહિત ૨૦ કારખાનાનું ડિમોલિશન

## ૩૫૦થી વધારે પોલીસ કર્મચારીઓના બંદોબસ્ત સાથે મહાનગરપાલિકાની કાર્યવાહી : ૧૮ વર્ષ બાદ ફરી રખિયાલમાં દબાણ હટાવવાની કામગીરી શરૂ કરાઈ

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદના ચંડોળા તળાવના ડિમોલિશન બાદ હવે રખિયાલમાં ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે. આજે (૧૫ મે, ૨૦૨૫) રખિયાલમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડની જગ્યામાં ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવાયું છે. કોમન પ્લોટ પર ગેરકાયદે બાંધકામ કરીને નમાઝ માટેની જગ્યા અને ૨૦ જેટલાં કારખાનાં બનાવાયાં હતાં એ તોડી પાડવામાં આવ્યાં છે. ૩૫૦થી વધુ પોલીસકર્મીના બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૮માં અહીં જ ડિમોલિશન કરાયું હતું, એ બાદ ફરી દબાણો થઈ ગયાં હતાં.



રખિયાલમાં મોરારજી ચોકમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની જગ્યામાં કેટલાં વર્ષોથી કોમન ઓપન પ્લોટ પર ૨૦થી વધુ કારખાનાં અને દુકાન બનાવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત બાંધકામ કરીને નમાઝ માટેની જગ્યા પણ બનાવવામાં આવી હતી. તમામ જગ્યા ગેરકાયદે હોવાથી સવારથી જ ડિમોલિશનની કામગીરી કરવામાં આવી રહી છે. ડિમોલિશનની કામગીરી દરમિયાન આસપાસના લોકો પણ જોવા ટોળે વળ્યા હતા.

૧૯૬૦માં મિલ મજૂરો માટેની સ્કીમ હતી, જ્યાં બાંધકામ કરવામાં આવ્યું હતું. આ સ્કીમમાં કોમન ઓપન પ્લોટ પણ રાખવામાં આવ્યો હતો, જ્યાં કેટલાક લોકોએ બાંધકામ કરીને ગેરકાયદે શેડ ઊભા કર્યા હતા. આગાઉ ૨૦૦૮માં આ જગ્યા પર ડિમોલિશન કરવામાં આવ્યું હતું, જોકે ત્યાર બાદ ફરીથી આ જગ્યા પર ગેરકાયદે કારખાનાં અને દુકાન ઊભી કરી દેવાયાં હતાં, જેથી હાઉસિંગ બોર્ડ દ્વારા એ તોડી પાડવામાં આવ્યાં છે.

જે પ્રમાણે ચંડોળામાં ગેરકાયદે બાંધકામ કરેલાં મકાનોમાં વીજ કનેક્શન હતાં એ જ પ્રમાણે રખિયાલમાં પણ ગેરકાયદે ઊભા કરેલા બાંધકામમાં વીજ કનેક્શન જોવા મળ્યાં હતાં. આટલી મોટી સંખ્યામાં ઊભાં કરેલાં ગેરકાયદે બાંધકામમાં વીજ કનેક્શન કઈ રીતે મળ્યા, એને લઈને સવાલ ઊભા થયા છે.

આ મામલે એસીપી આર. ડી. ઓઝાએ જણાવ્યું હતું કે ડિમોલિશનની કામગીરી ચાલુ છે. આ હાઉસિંગ બોર્ડની જગ્યા છે. હાઉસિંગ બોર્ડ દ્વારા પોલીસ-બંદોબસ્ત માગવામાં આવ્યો હતો. એસીપી, પીઆઇ, પીએસઆઈ સહિત ૩૮૫ પોલીસકર્મી બંદોબસ્તમાં છે.

### ચારે તરફ ફેન્સિંગ તાર કરી દેવામાં આવશેઃ કોર્પોરેટર

બાપુનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર પ્રકાશ ગુર્જરે જણાવ્યું હતું કે, રખિયાલ મોરારજી ચોક પાસે આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડની ૨૬૮૦ ચોરસમીટરની જગ્યામાં ત્રણ પ્લોટ આવેલા હતા, તેને દૂર કરવા માટે છેલ્લા ત્રણ મહિનાથી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. હાઉસિંગ બોર્ડની જગ્યા હતી, જેથી તેમની પાસે એસ્ટેટ વિભાગ ન હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગની ટીમની મદદ લઈ ગેરકાયદેસર બાંધકામ તોડવામાં આવ્યું છે. ચારે તરફ ફેન્સિંગ તાર કરી દેવામાં આવશે, જેથી ફરીથી હાઉસિંગ બોર્ડની જગ્યામાં કોઈ કબજો કરી શકે નહીં. આ પ્લોટનો કબજો મેળવવાથી આ વિસ્તારમાં આસપાસમાં રહેતા હાઉસિંગ બોર્ડમાં રહેતા ૫૦૦૦ લોકોને ફાયદો થશે.

### મુખ્યમંત્રીના હસ્તે બે પોર્ટલ લોન્ચ કરતી સરકાર

# ફરિયાદ નોંધાવવા માટે રાજ્યના લોકોને હવે પોલીસ સ્ટેશન ધક્કા ખાવા નહીં પડે

**સમય મિરર | ગાંધીનગર**

ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને કન્વિક્શન માટે સમયાનુકૂળ બદલાવો લાવીને સ્ટ્રીટ સ્પેસથી લઈને સાયબર સ્પેસ સુધી ગુનાખોરી ડામવા માટેની ગુજરાત પોલીસની સજ્જતાને વધુ વેગ આપતાં બે પોર્ટલ સીએમ ભૂપેન્દ્ર પટેલે આજે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં લોન્ચ કર્યા હતા. મુખ્યમંત્રીએ સિટીઝન સેન્ટ્રિક સર્વિસીસથી સરકારી કચેરીઓમાં લોકોની વિશ્વસનિયતા વધે અને ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ થઈ શકે તેવા આશયથી આ પોર્ટલ લોન્ચ કર્યા હતા.

આ પોર્ટલ લોન્ચ થવાના પરિણામે સામાન્ય નાગરિકોને પોલીસ સ્ટેશન જવામાંથી રાહત આપતી ઓનલાઇન સુવિધાઓ ઇઝ ઓફ ગવર્નન્સના અંતર્ગત મળતી થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાયબર ક્રાઇમ રિફંડ પોર્ટલ ''તેરા તુઝકો અર્પણ'' નો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. એટલું જ નહીં, નાણાંકીય સાયબર ક્રાઇમને લગતી ફરિયાદોના આધારે ફ્રિઝ થયેલા બેંક ખાતાને પુનઃ કાર્યરત અનફ્રિઝ કરાવવા માટેની ઓનલાઇન એપ્લિકેશન અને પોલીસમાં FIR દાખલ કરનાર ફરિયાદીને તપાસની પ્રગતિથી અપડેટ રાખતા I-PRAGATI પોર્ટલ પણ તેમણે લોન્ચ કર્યા હતા. ઇ-ગુજકોપમાં તપાસના દરેક તબક્કે ફોર્મ ભરવાનું થતું હોય છે તેમાં FIR દાખલ કરતી વખતે, પંચનામું કરતી વખતે, આરોપીને અટક કરતી વખતે અને કેસની ચાર્જશીટ કરતી વખતે અલગ-અલગ ફોમર્સનો સમાવેશ થાય છે. હવે સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યુરો(એસ.સી.આર.બી.) તરફથી ઈ-ગુજકોપમાં એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે, આ ચારે તબક્કાની કામગીરી જયારે પણ પૂર્ણ થાય ત્યારે દાખલ થયેલી FIRના ફરીયાદીને સિસ્ટમ જનરેટેડ એસ.એમ.એસ. મળી જાય છે. આથી ફરીયાદી તપાસની પ્રગતિથી સંપૂર્ણપણે વાકેફ રહે છે.

આ સિસ્ટમ I-PRAGATI એટલે કે, ઇન્વેસ્ટિગેશન પ્રોગ્રેસ રિપોર્ટ થ્રુ ઓટોમેટીકલી જનરેટેડ એકયુરેટ એન્ડ ટાઇમલી ઈન્ફોર્મેશનનો પાયલેટ પ્રોજેકટ સફળતાપૂર્વક પૂર્ણ કરીને હવે તેનો રાજ્યવ્યાપી પ્રારંભ મુખ્યમંત્રીના હસ્તે થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની વહિવટી કાર્ય સંસ્કૃતિમાં ગુડ ગવર્નન્સ, ટ્રાન્સપેરન્સી અને લેસ હ્યુમન ઈન્ટરફીયરન્સનો જે ધ્યેય રાખ્યો છે તે આ પોર્ટલ દ્વારા ગૃહ વિભાગ સાકાર કરશે.

### અમદાવાદના હાથીજણમાં બનેલા બનાવ બાદ સરકાર એક્શનમાં

# હવે પાળતું શ્વાન માટે રજીસ્ટ્રેશન ફરજીયાત

## ડોગને પાળવા માટેના ચોક્કસ નિયમ બનાવવા રાજ્ય સરકારનો નિર્ણય : સજાની જોગવાઈ કરાશે

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદના હાથીજણ વિસ્તારમાં રોટવિલર બ્રિડના પાલતુ શ્વાને કરેલા હુમલામાં ૪ મહિનાની બાળકીનું મોત થતા ફરીવાલ પેટ ડોગનો મુદ્દો ચર્ચાની એરણે ચડ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરમાં પાલતું શ્વાનના રજિસ્ટ્રેશનની પ્રોસેસ ૧ જાન્યુઆરીથી જ શરૂ કરી દીધી હતી. પરંતુ, પાલતું શ્વાન રાખનારા લોકો રજિસ્ટ્રેશનમાં નિરુત્સાહ હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં ૫૦ હજાર પેટ ડોગ હોવાનો અંદાજ છે તેની સામે અત્યાર સુધીમાં (૧૩ મે) ૫૫૨૦ લોકોએ જ પોતાના પેટડોગનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ૩૧ મે સુધીમાં જે લોકો પેટ ડોગનું રજિસ્ટ્રેશન ન કરાવે તેઓને નોટિસ ફટકારાશે અને પેનલ્ટીની રકમમાં પણ વધારો કરાશે. આ ઉપરાંત અમદાવાદ મહાનગરપાલિકાએ કેટલ પોલિસીની માફક આગામી દિવસોમાં પેટ ડોગ પોલિસી લાવવાની પણ તૈયારીઓ શરૂ કરી છે. આ સાથે રાજ્ય કેબિનેટમાં આ મુદ્દે ચર્ચા થઇ હતી. આ ચર્ચાની ફળશ્રુતી જણાવતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, ચર્ચાના અંતે એવો નિર્ણય લેવાયો છે કે ડોગને પાળવા માટેના ચોક્કસ નિયમ બનાવવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ૧ જાન્યુઆરી ૨૦૨૫થી ૩૧ માર્ચ સુધી એમ ત્રણ મહિનાનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો હતો. જોકે અમદાવાદ શહેરમાં પાલતુ શ્વાનની સંખ્યા અંદાજે ૫૦, ૦૦૦થી વધારે છે છતાં પણ અમદાવાદીઓ પોતાના પેટ ડોગનું રજીસ્ટ્રેશન કરાવવા ખૂબ જ ઉદાસીનતા દાખવી રહ્યા છે. જેથી મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા વધુમાં વધુ પેટ ડોગ રજીસ્ટ્રેશન થાય તેના માટે પ્રયાસો હાથ ધર્યા છે. પેટ ડોગ રાખનારા લોકોએ આગામી ૩૧ મે સુધીમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

CNCD વિભાગના વડા નરેશ રાજપૂતે જણાવ્યું હતું કે શહેરમાં જે નાગરિકો ઘરમાં શ્વાન પાળતા હોય (પેટ ડોગ) એવા શ્વાનની ગણતરી કરવામાં નહોતી આવતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા હવે પેટ ડોગની રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ૧ જાન્યુઆરીથી ૩૧ માર્ચ એમ ત્રણ મહિના હતી. જેની તારીખ લંબાવીને ૩૧ મે ૨૦૨૫ સુધી કરવામાં આવી છે. શહેરમાં અંદાજે ૫૦૦૦૦ થી વધુ પેટ ડોગ છે પરંતુ ૧૩ મે સુધીમાં માત્ર ૫૫૨૦ જેટલા નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેથી આગામી ૩૧ માર્ચ સુધીમાં જે લોકો રજીસ્ટ્રેશન નહીં કરાવે તેઓને નોટિસ ફટકારવામાં આવશે અને તેમના રજીસ્ટ્રેશનની પેનલ્ટીની રકમમાં પણ વધારો કરવામાં આવશે.

### કેટલ પોલિસીની માફક પેટ ડોગ પોલિસી લવાશે

પશુઓના રજીસ્ટ્રેશન માટે જેમ કેટલ પોલિસી વ્યક્તિ કરવામાં આવી હતી તેમ પાલતુ શ્વાન ( પેટ ડોગ) માટે રજીસ્ટ્રેશન અને લાયસન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આગામી દિવસોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પેટ ડોગના અંતિમ સંસ્કાર માટે ડોગ સ્મશાન બનાવવામાં આવશે જેના ઉપયોગ અને ડોગ લઈને ફરવા પ્રતિબંધ જેવા નિયમો પણ બનાવવામાં આવશે જો કે આ પોલીસી અંગે હાલ વિચારણા હાથ ધરવામાં આવી છે આગામી દિવસોમાં આ બાબતે ચર્ચા વિચારણા કરીને પોલિસી લાગુ થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે.

### ૨૩ બ્રિડના ડોગ પર પ્રતિબંધ હતો પણ ઉઠાવી લીધો

દેશમાં ૨૩ પ્રકારના ડેન્જરસ ડોગ પર પ્રતિબંધ હતો, પણ આ પ્રતિબંધ ઉઠાવી લેવાયો છે. આવા ડેન્જરસ ડોગ પાળવા માટે પણ રાજ્ય સરકાર ચોક્કસ નિયમો લાવશે. ડેન્જરસ ડોગમાં પીટબુલ ટેરીયર, તોસા તમે, અમેરિકન સ્ટાફોર્ડશાયર ટેરિયર, ડોગો આર્જેન્ટીનો, અમેરિકન બુલડોગ, સેન્ટ્રલ એશિયન શેફર્ડ ડોગ સહિત આવી ૨૩ પ્રકારના ડેન્જરસ બ્રીડ પર પ્રતિબંધ હતો, જે હવે ઉઠાવી લેવામાં આવ્યો છે.

## પોરબંદરના દેરોદરમાં એક કરોડની જમીન ખુલ્લી કરાવાઈ

### ૨૦ દબાણકારોએ ૨૬૫૦૦ ચોરસ મીટરમાં ખડકેલા માંચડા પર બુલડોઝરની ધણધણાટીથી તોડી પડાયા

**સમય મિરર | ગોસા (ઘેડ)**

પોરબંદર તાલુકા ઓડદર ગ્રામ પંચાયત ના રંગબાઈ નજીક પોરબંદર નેશનલ હાઈવે રોડ પર ની સરકારી જમીન ઉપર થયેલ અંદાજે ૧૯૫૮૮૦ ચોરસ મીટર માં થયેલ અંદાજીત ૪૮ કરોડ ની જમીન ખુલ્લી કરાવ્યા બાદ આજે તા. ૧૪/૦૫/૨૦૨૫ ના રોજ પોરબંદર તાલુકા ના ઘેડ ના અંદરના દેરોદર ગામની સરકારી જમીનમાં થયેલા દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરતા ગામડાઓમાં સરકારી જમીનમાં દબાણકર્તાઓ માં ફફડાટ મચી ગયો છે.

ઘેડના અંદરના દેરોદર ગામની જમીનમાં આજે તા. ૧૪/ ૦૫/૨૦૨૫ના રોજ સવારના મામલતદાર પોરબંદર(ગ્રામ્ય) ના કે.જે. મારૂ, માધવપુર સર્કલ ઓફિસર અંકુરભાઈ વિ. પરમાર, પોરબંદર સર્કલ ઓફિસર પ્રકાશ ભાઈ સોલંકી,દેરોદર મહેસુલી તલાટી પ્રકાશભાઈ પાંડાવદરા તથા પ્રવિણા બેન ડી. દયાતર સહિતની ટીમ બે જેશીબી મશીન લઈને દેરોદર ગામેની સરકારી જમીનમાં થયેલા દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



પોરબંદર તાલુકાના દેરોદર ગામની સરકારી જમીનમાં કરવામાં આવેલ દબાણ બાબતે મામલત દાર પોરબંદર(ગ્રામ્ય) દ્વારા જમીન મહેસૂલ કાયદાની કલમ -૬૧ હેઠળ દબાણદારો વિરુદ્ધ કેસ દાખલ કરી દબાણ દારોને રૂબરૂ સાંભળી સરકારી જમીનમાં કરવામાં આવેલ દબાણ સ્વેચ્છાએ દૂર કરવા હુકમ કરવામાં આવેલ હતો.

પરંતુ દબાણદારો દ્વારા સમય મર્યાદામાં દબાણ દૂર ના કરતા દબાણદારોને સ્વેચ્છાએ દબાણદૂર કરવા જમીન મહેસૂલ કાયદાની કલમ -૨૦૨ ની નોટિસથી આપી જાણ કરવામાં આવેલ. આમ છતાં દબાણ દૂર ના થતા આખરે ટીમ બનાવી દબાણ દૂર કરવા માટે તારીખ ૧૪/૦૫/૨૦૨૫ મુકરર કરવામાં આવ હતી.

જે અન્વયે આજ રોજ ૨ જેસીબી મશીન દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જેમાં કુલ -૮૭ દબાણદારો પૈકી ૨૦ દબાણદારોના કબજામાં આવેલ કુલ ૨૬૫૦૦-૦૦ ચોરસ મીટર જમીનનું દબાણ દૂર કરવામાં આવેલ છે. આ જમીનની બજાર કિંમત આશરે રૂ.૧ કરોડ જેવી થાય છે.જ્યારે બાકી રહેલ દબાણ દૂર કરવાની કામગીરી આવતી કાલે સવારના ફરી શરૂ કરવામાં આવશે.

## વેરાવળમાં સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**સમય મિરર | વેરાવળ**

ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળા એ જણાવેલ કે, આરોપી કિશન બટુકભાઈ મકવાણા ઉ.વ.૧૯ ધંધો-મંજુરી, રહે.ભેરાળા વાળાએ ફરીયાદીની દીકરી ઉં.વ.૧૧ વર્ષ ૨ માસ વાળીને આજથી પાંચેક વર્ષ પહેલા ગત તા. ૨૧/૦૧/૨૦૨૦ ના લલચાવી ફોસલાવી લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી જઈ અવાર નવાર તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરેલ અને આ બનાવ અંગે સગીર બાળકી ના પિતાએ તાલાલા પોલીસમાં આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરતા તપાસનીશ અધિકારી એસ.એચ. ભુવા એ આરોપીઓ સામે ચાર્જશીટ કરેલ જે કેસ અત્રેની સ્પે. (પોક્સો) કોર્ટના જજ શ્રી જે. જે.પંડયા ની કોર્ટમાં આવેલ ત્યારબાદ આ કેસમાં ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ ડી.વાળા એ સમગ્ર કેસ નું પ્રોસીકયુશન ચલાવેલ અને કેસને સાબીત કરવા માટે અંદાજે આઠ જેટલા સાહેદોમાં ફરીયાદી અને અન્ય સાહેદો તેમજ પંચ, ડોકટર અને પોલીસ સહિત તમામ ની મૌખિક જુબાની ઓ દરમ્યાન દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા. આ કેસમાં સરકાર તરફે કેતનસિંહ ડી.વાળા એ દલીલ કરતાં જણાવેલ કે, સમાજમાં દિકરીઓ સલામત રહે તે માટે સરકારે સ્પે. પોકસો એકટની જોગવાઈ કરેલી છે જેથી સમાજમાં સગીર વયની દિકરીઓ સલામત રહે તે માટે સખ્ત સજા કરવા જણાવતા આરોપીને તકસીરવાન ઠરાવવા જેવી મુખ્ય દલીલોને ધ્યાને લઈ સ્પે. (પોકસો) જજ જે.જે.પંડયા એ બંને પક્ષને સજા માટે સાંભળેલ અને સજા કરવાના મુદદે સરકારી વકીલ કેતનસિંહ વાળા એ જણાવેલ કે, જયારે આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થતા તે ગુન્હેગાર બની જાય છે અને વડી અદાલતોના ચુકાદાઓ મુજબ ગુન્હેગાર સાથે સખ્ત હાથે કામ લેવું જોઈએ અને તેવા સંજોગોમાં મહત્તમ સજા થવી જોઈએ તેવી રજુઆતોને ધ્યાને લઇ સ્પે. (પોકસો) કોર્ટના જજ જે.જે.પંડયા એ આરોપી કિશન બટુકભાઈ મકવાણા, રહે.ભેરાળા, તા.વેરાવળ વાળાને તકસીરવાન ઠરાવી વીસ વર્ષની સખત કેદની સજા તથા રૂા.૫ હજાર દંડની સજા ભોગવવા આખર હુકમ કરેલ હોવાનું જણાવેલ છે.




અત્રે ઉલ્લેખનીય છે કે, ગીર સોમનાથ જીલ્લામાં જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળા દ્વારા પોકસો સંબંધેના ગુન્હા કામે સતત ૨૦ વર્ષની આ ચોથી સજા આરોપીઓને કરાવેલ છે. બાળકોના જાતિય રક્ષણ સંબંધેના કેસોમાં કેતનસિંહ વાળા એ ફાંસી સહીતની સજા કરાવતા ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં મહિલાઓ સામેના ગુના સંબંધે હૈદરાબાદ ખાતે નેશનલ પોલીસ એકેડેમી ખાતે યોજાયેલ સેમીનાર માટે ગુજરાતમાંથી કેતનસિંહ વાળાની પસંદગી કરેલ હતી.

## બકરી ઈદમાં માંસ, હાડકાં અને અવશેષો જાહેરમાં નાંખવા મનાઈ

### ગીર સોમનાથ વહિવટી તંત્ર દ્વારા જાહેરનામું

**સમય મિરર | વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં આગામી તા.૦૭/૦૬/૨૦૨૫ ના રોજ મુસ્લીમ સમુદાયના લોકોનો ધાર્મિક તહેવાર બકરી ઈદ ઉજવાશે. આ તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેશ આલ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામાં અનુસાર તા.૦૩/૦૬/૨૦૨૫ થી તા.૦૯/૦૬/૨૦૨૫ આ બન્ને દિવસો સહિત સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં બકરી ઈદના તહેવાર નિમિત્તે કૂરબાની પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં



ફેંકવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યાં છે.

## કેશોદના માણેકવાડામાં દબાણ હટાવવાની કામગીરી જોતા ખેડૂતને શખ્સોએ માર માર્યો

### સરકારી કર્મચારીઓની હાજરીમાં બનેલ બનાવમાં સૌનું મૌન : બે સામે ફરિયાદ નોંધાઈ

**સમય મિરર | કેશોદ**

સમગ્ર ગુજરાત રાજ્યમાં સરકારી ખરાબાની જગ્યાઓ, પડતર જગ્યાઓ, નદી નાળાં વોંકળા ના દબાણો અને ગૌચરની જગ્યાઓ પર થયેલાં દબાણો દુર કરવા દાદાનું બુલડોઝર ચાલે છે ત્યારે સૌરાષ્ટ્રમાં નકકર કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી માત્ર કાગળ પર લિખાપોથી કરી સંતોષ માનવામાં આવે છે.

કેશોદના માણેકવાડા ગામે સરકારી શાળા પાસે ખારા વિસ્તારમાં ગૌચરની જમીન પર થયેલાં દબાણો અંગે અધિકારીઓ દ્વારા કામગીરી કરવામાં આવી રહી હતી ત્યારે માણેકવાડા ગામના જ નાથાભાઈ હરદાસભાઈ કુછડીયા ગામમાં દુધ આપી પરત વાડીએ જઈ રહ્યાં હતાં તેઓએ સરકારી શાળા પાસે ખારા વિસ્તારમાં અધિકારીઓ દ્વારા ગૌચરની જગ્યાઓ પર થયેલાં દબાણો દુર કરવા અંગે ચાલતી કામગીરી જોતાં મોટરસાયકલ રોકતાં ત્યાં હાજર કાઠલો પકડી મોટરસાયકલ પરથી પછાડી સરકારી શાળાના મેદાનમાં



ઘસડી લઈ જઈ અને કારાભાઈ મેણંદભાઈ સોનારા બંને શખ્સોએ મળીને ભુંડી ગાળો કાઢી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

કેશોદના માણેકવાડા ગામે ગૌચરની જગ્યાઓ પર થયેલાં દબાણો દુર કરવાની કામગીરી જોવા ગયેલાં નાથાભાઈ હરદાસભાઈ કુછડીયા વિનાકારણે મૂઢમાર નો ભોગ બનતાં કેશોદ સરકારી દવાખાનામાં સારવાર માટે દાખલ થતાં કેશોદ પોલીસે નિવેદન નોંધી ભીખુભાઈ રામભાઈ સોનારા અને કારાભાઈ મેણંદભાઈ સોનારા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ કેશોદ પોલીસ સ્ટેશન ના એએસઆઈ પી જી કોડીયાતર ચલાવી રહ્યાં છે. કેશોદ વહીવટી તંત્રની હાજરીમાં ઘટના બની હોવા છતાં કોઈ કાંઈ કહેવા માંગતું નથી અને સરકારી કામગીરીમાં દખલગીરી કરી ખોરંભે પાડવા બદલ કોઈ કામગીરી કરવામાં આવી નથી ત્યારે સિંહગર્જના કરતાં રાષ્ટ્ર પ્રેમીઓ પર શંકા કુશંકાઓ સર્જાઈ છે.

કેશોદના માણેકવાડા ગામે ભોગ બનેલા ફરિયાદી નાથાભાઈ હરદાસભાઈ કુછડીયા ના જણાવ્યાં મુજબ માણેકવાડા ગ્રામ પંચાયતમાં વહીવટદાર નિયુકત કરવામાં આવેલ હોવાછતાં પુર્વ સરપંચ અને રાજકીય આગેવાનો પદાધિકારીઓ દખલગીરી કરી મુક્ત રીતે કાયદેસર કાર્યવાહી થતી અટકાવે છે. જુનાગઢ જિલ્લાના અધિકારીઓ ગંભીરતાથી નકકર કાર્યવાહી કરવા સુચનાઓ આપે છે કે કેમ એ તો આવનારા દિવસોમાં ખબર પડશે.

## કમોસમી વરસાદથી ખેતીમાં થયેલ નુકસાનીનું વળતર ચૂકવવા માંગ

### ગીર સોમનાથ કોંગ્રેસ દ્વારા CMને રજૂઆત

**સમય મિરર | વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં અકાળે પડેલા વરસાદને લીધે ખેડૂતો એ ભોગવેલા પાક નુકસાન અંગે વળતર આપવા ગીર સોમનાથ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી માંગ કરેલ છે.

આ અંગેની રજૂઆતમાં ગીર સોમનાથ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કરશનભાઈ બારડ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ને જણાવેલ કે, ગીર સોમનાથ જિલ્લામાં થયેલા અકાળે વરસાદના કારણે જિલ્લાના તમામ તાલુકાઓમાં ખાસ કરીને તાલાલા અને વેરાવળ વિસ્તારમાં ખેડૂતોએ ભારે પાક નુકસાની ભોગવી છે. કેસર કેરીની મોસમ દરમ્યાન થયેલા આ અસામયિક વરસાદના કારણે અંદાજે ૯૦ ટકા ખેડૂતોને તેમના



પાકનો લગભગ ૮૦ ટકા જેટલો નાશ થયો છે. પરિણામે ખેડૂતોને આર્થિક રીતે ભારે નુકસાન થયું છે જેથી તાત્કાલિક સર્વે હાથ ધરવા જિલ્લા તંત્રને સુચના આપવામાં આવે અને સર્વેના આધારે ખેડૂતોને નુકશાન માટે યોગ્ય વળતર જાહેર કરીને તાત્કાલિક સહાય આપવામાં આવે તેવી માંગ કરેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

## નાની હોડીઓમાં ટ્રાન્સપોન્ડર સ્થાપિત કરવા બેટરી-બેકઅપ આપવા માંગણી

### કટોકટીમાં ઉપયોગી સાબિત થશે : કોંગ્રેસની રજૂઆત

**સમય મિરર | વેરાવળ**

સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા દ્વારા મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજીભાઈ પટેલને લેખીત રજૂઆત કરી જણાવેલ કે, નાની હોડીઓમાં ટ્રાન્સપોન્ડર (સેટેલાઇટ બોટ ટ્રેકર) ઉપકરણો સ્થાપિત કરવા સાથે બેટરી અને તેના બેકઅપની સુવિધા પૂરી પાડવાની માંગ કરેલ છે. વધુમાં જણાવેલ કે, ગુજરાત અને કેન્દ્ર સરકારના મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા માછીમારી બોટોમાં ટ્રાન્સપોન્ડર ઉપકરણો સ્થાપિત કરવાનું કામ ચાલી રહ્યું છે. આ ઉપકરણો મોટી બોટીમાં સ્થાપિત થઈ ચૂક્યા છે અને હવે નાની હોડીઓમાં પણ આ યોજના અમલમાં આવી રહી છે. આ ટ્રાન્સપોન્ડર ઉપકરણો માછીમારો માટે કટોકટીની પરિસ્થિતિઓમાં અત્યંત ઉપયોગી સાબિત થશે. તેનાથી હોડીનું સચોટ સ્થાન જાણી શકાશે.

આ ઉપરાંત હોડીના માલિકોને તેમની હોડીઓનું રીઅલ-ટાઈમ લોકેશન જાણવામાં પણ મદદ મળશે સાથે સુરક્ષા અને વ્યવસ્થાપનની દષ્ટિએ મહત્વનું છે. નાની હોડીઓમાં બેટરીની સુવિધા ન હોવાથી અથવા બેકઅપના અભાવે આ ઉપકરણોનું સંચાલન મુશ્કેલ બની રહે છે. આ ઉપકરણોને સતત વીજ પુરવઠાની જરૂર હોય છે. અને બેટરીની ખરીદી નાના માછીમારો



માટે આર્થિક બીજ ઉભું કરી શકે છે. આથી ધારાસભ્ય દ્વારા મંત્રીને રજૂઆત કરી નાની હોડીઓમાં ટ્રાન્સપોન્ડર ઉપકરણો સ્થાપિત કરવાની સાથે સરકાર દ્વારા યોગ્ય બેટરી અને બ્રેકઅપ સુવિધા પૂરી પાડવામાં આવે તેવી માંગ કરી ઝડપી અને પ્રકાશત્મક પગલાની અપેક્ષા વ્યક્ત કરી હોવાનું એક યાદીમાં જણાવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દરિયા પટ્ટીમાં અંદાજે હજારોની સંખ્યામાં નાની હોડીઓ આવેલી છે. જેનાથી લાખો પરિવારની રોજીરોટી ચાલી રહી છે. ત્યારે આ સુવિધા મળતા દરિયામાં લાંબા અંતરે જતા ખેડુતોનું લોકેશન પણ જાણી શકાશે તો પરિવાર માટે પણ તે રાહતરૂપી રહેશે.

## જસદણના સનાળા નજીક પૈસા પડાવવા બાબતે બે લોકો પર હુમલો

### હુમલાખોરો વિરુદ્ધ ફરિયાદ : ઈજાગ્રસ્તો સારવારમાં



**સમય મિરર | જસદણ**

રૂપિયા પડાવી લેવા જસદણના સનાળા ગામ પાસે લજાઈ ચોકડીએ રહેતા કાંતિ અને હરીશ પર હુમલો થયો હતો. મજૂરીના પૈસાનો હિસાબ લઈ કાંતિ અને હરીશ બાઈક પર આવી રહ્યા હતા ત્યારે પ્રાગજી અને તેની સાથેના માણસોએ હુમલો કર્યો હતો.

આ અંગે મળતી વિગત મુજબ, કાંતિ વિનુ શેખલીયા (ઉં.વ.૨૩) અને હરીશ દિનેશભાઈ વાંઝા (ઉં.વ.૨૦) (બંને રહે. લજાઈ પાટીયા, તા. ટંકારા) બંને બાઈક પર જસદણના સનાળા ગામે ગયા હતા. જ્યાં પીઠાભાઈ બોરીચા પાસેથી ખેત મજૂરીના હિસાબના પૈસા રૂ.૨૦,૦૦૦ લઈને પરત આવતા હતા.

ત્યારે સનાળા ગામ પાસે પ્રાગજી અને તેની સાથેના અજાણ્યા માણસોએ બાઈક અટકાવી બંનેને રોકી ૨૦,૦૦૦ રૂપિયા પડાવી લીધા હતા અને પટ્ટાથી અને ઢીંકા ધુંબાથી માર માર્યો હતો. બંને ઈજાગ્રસ્તને રાજકોટ સિવિલ હોસ્પિટલ લવાયા હતા. જ્યાં હરીશને પ્રાથમિક સારવાર અપાઈ હતી. જ્યારે કાંતિને વધુ ઈજા હોય, દાખલ કરાયો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કોડીનાર S.T. ડેપોમાંથી નવા રૂટ તાત્કાલિક શરૂ કરવા યાત્રિકોની માંગ

### વીસ વર્ષથી લાંબા અંતરની બસની રાહમાં મુસાફરો

**સમય મિરર | કોડીનાર**

એસટી નિગમ દ્વારા ટુક સમયમાં ડ્રાઈવર કંડકટરની ભરતી થનાર છે. આ ઉપરાંત નવા વાહનોની ફાળવણી તથા નવા રૂટો શરૂ કરવામાં આવશે તેવી પણ જાહેરાત થઇ છે ત્યારે અમરેલી એસટી વિભાગમાં સૌથી ઓછા બસ રૂટો કોડીનાર ડેપોમાં છે. કોડીનાર થી સૌરાષ્ટ્ર બહારના માત્ર પાંચ જ બસ રૂટો છે જેની સરખામણીમાં અમરેલી વિભાગના અમરેલી ધારી બગસરા સાવરકુંડલા રાજુલા ઊના ડેપો પાસે ઘણા બધા બસ રૂટો છે. અને હવે આ ડેપોથી નવા રૂટો શરૂ કરવાની ખરેખર જરૂરિયાત પણ નથી.

કોડીનાર તાલુકો ભૌગોલિક દ્રષ્ટિએ છેવાડાનો તાલુકો છે.



એકતરફ સોમનાથ યાત્રાધામ તથા બીજી તરફ પર્યટન સ્થળ દિવ આવેલું છે. ઉપરાંત કોડીનારવાસીઓ અભ્યાસ નોકરી ધંધાર્થે ગુજરાતના ખૂણે ખૂણે વસેલા છે. જેથી કોડીનારથી કોઈ પણ બસ સેવા શરૂ કરવામાં આવે તો નિગમને ખૂબ જ સારી આવક મળી શકે તેમ છે. આ ઉપરાંત કોડીનારથી ઊપડતી બસો કોડીનાર ઊપરાંત અમરેલી વિભાગના જ ઊના રાજુલા ધારી બગસરા સાવરકુંડલા અને અમરેલી ડેપોમાંથી પણ પસાર થતી હોય કોડીનાર ઊપરાંત અન્ય તાલુકાની પ્રવાસી જનતાને પણ ઊપયોગી થશે.

છેલ્લા વિસ વર્ષથી કોડીનાર ડેપોથી લાબા અંતરની એકપણ બસ સેવા શરૂ કરવામાં આવી નથી. એ ગ્રેડ નો કોડીનાર ડેપો પાછલા બારણે બી ગ્રેડનો કરી નાખવામાં આવ્યો છે. ત્યારે ટુક સમયમાં અમરેલી વિભાગમાંથી શરૂ થતાં તમામ નવા બસ રૂટો કોડીનાર થી શરૂ કરવા માટે અજીતભાઈ ચાવડાએ વિભાગીય નિયામક અમરેલી ને લેખિત રજૂઆત કરી છે.

## કોડીનાર તાલુકાની સરકારી શાળાના ત્રણ શિક્ષકનું સન્માન

### પર્યાવરણ સંરક્ષણ એવોર્ડથી અભિવાદન કરાયું



**સમય મિરર | કોડીનાર**

ગીર સોમનાથ જિલ્લાના જુદી જુદી શાળાના કુલ ૨૦ શિક્ષકો પૈકી જિલ્લા કનવિનર નિશાંતભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ કોડીનાર તાલુકાના ત્રણ શિક્ષક મિત્રો જેમા શ્રી વેલણ પ્રાથમિક શાળાના શિક્ષિકા બહેન જયાબેન જેસિંગભાઈ ગોહીલ, નગડલા પ્રાથમિક શાળાના શિક્ષક વાઢેળ પ્રકાશભાઇ હમીરભાઈ તથા વિઠલપુર પ્રાથમિક શાળાના શિક્ષક નરેન્દ્રભાઇ બાબુભાઈ વાઢેળનુ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર તથા શિક્ષણ સચિવ પુલકિત જોષીના હસ્તે ત્રણેય શિક્ષક ભાઈ બહેનનુ સન્માન થતા આજ રોજ નવનિયુક્ત કોડીનાર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દિલીપભાઈ વાળા બીટ કેળવણી નિરીક્ષક મહેશભાઇ વાઢેર અને રઘુવીરભાઈ દુધરેજીયા તથા બી આર સી વજુભાઈ જાદવ ત્રણેય શિક્ષક મિત્રોને અભિનંદન પાઠવ્યા છે તથા આવનારા દિવસોમા તેઓની શાળા પ્લાસ્ટિક મુક્ત તેમજ પર્યાવરણ યુક્ત બને તેવી શુભકામનાઓ પાઠવી છે.

## રૂા. ૭૪,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરતી પોલીસ

## માધવપુરમાં મોબાઈલમાં લુડોનો જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

**સમય મિરર | ગોસા (ઘેડ)**

પોરબંદર એલ.સી.બી.સ્ટાફના માણસો માધવપુર પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલિંગમાં હતા. એ દરમિયાન હકીકત મળેલ કે માધવપુર ગામે ડો. આંબેડકર ચોકમાં જાહેરમાં મોબાઈલ માં ગુજરાત લુડો ટાઈમ પાસ નામનું ગૃપ બનાવી ઓનલાઈન લુડો ગેમ્સમાં હારજીત નો જુગાર રમે છે.

હકીકત વાળી જગ્યાએ જઈ રેઈડ કરતા દિલીપ કિરીટભાઈ ઠક્કર ઉ.વ.૨૯ રહે માધવપુર ગામ, માધવરાયના મંદિર પાસે, ''માધવ'' મકાન તા. જી. પોરબંદર વાળો પોતાના મોબાઈલ ફોનમાં વોટ્સઅપ એપ્લિકેશનમાં'' Gujarat Ludo Time Pass Games'' નામનું અલગ અલગ સભ્યોનું ગ્રુપ બનાવી જે ગ્રુપમાં લુડો ગેમ્સના અલગ અલગ રકમનાં ટેબલ બનાવી આ ટેબલમાં ગુપના સભ્યોને જોઈન્ટ કરાવી ઓન લાઇન લુડો ગેમ્સ રમાડી છગન ઉર્ફે બુધો ખીમાભાઈ માલમ ઉ.વ. ૫૦, રહે માધવપુર ગામ, ઓશો આશ્રમ પાસે. તા.જી. પોરબંદર તથા વિક્રમ હાથીયાભાઈ પરમાર ઉ.વ.૨૮, રહે, પાતા ગામ,દળ વિસ્તાર, તા.જી. પોરબંદર તથા જખરા ઉર્ફે ઝેરી રણમલ મોઢા ઉ.વ.૨૩, રહે, પાતા ગ્રામ પંચાયત ઓફિસ પાસે, તા.જી.પોરબંદર અને અસ્લમ અબ્બાસભાઈ જોખિયા ઉ.વ.૨૬, રહે, માધવપુર ગામ, જૂની ટોકીઝ પાછળ, સ્મશાન પાસે રોકડા રૂપિયા ૨૪,૭૦૦ તથા મોબાઈલ ફોન નંગ-૫ કિંમત રૂ. ૫૦,૦૦૦ મળી કુલ રૂ.૭૪, ૭૦૦ના મુદ્દામાલ સાથે પોરબંદર એલ. સી. બી. પોલીસે પકડી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી માધવપુર પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવેલ છે.

## ચરેલ ગામ અને જાડેજા પરિવારનું ગૌરવ



ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા હરસિધ્ધિબા રવિરાજસિંહ જાડેજા ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ ગોંડલમાં અભ્યાસ કરતા જેને ધોરણ ૧૨ માં CBSE દ્વારા લેવાયેલ પરીક્ષામાં ૯૪% મેળવીને સમગ્ર સ્કૂલમાં ત્રીજા નંબરે આવીને સમગ્ર જાડેજા પરિવાર તથા CHAREL ગામનું ગૌરવ વધારે છે તે બદલ તેમના દાદા ચનુભા જાડેજા પપ્પા રવિરાજસિંહ જાડેજા કાકા સિધ્ધરાજસિંહ જાડેજા ભાઈ મિતરાજસિંહ જાડેજા ભાઈ જીતરાજસિંહ જાડેજા તથા તેના સમગ્ર પરિવાર તથા ગામ તથા સમગ્ર રાજપૂત સમાજ જામકંડોરણા શુભેચ્છા પાઠવેલ હતી અને હરસિધ્ધિબા ખૂબ પ્રગતિ કરે તેવી શુભકામના પાઠવેલ હતી.

## ગોંડલના યુવા પત્રકાર રાજન ચુડાસમાનો આજે જન્મદિવસ



**સમય મિરર | ગોંડલ**

ગોંડલના યુવા પત્રકાર તેમજ અનેક સામાજિક સંસ્થા સાથે જોડાઈને સેવાકિય પ્રવૃત્તિઓ કરતાં રાજન ચુડાસમાનો આજે જન્મદિવસ છે . નાનપણથી જ ન્યુઝ ગ્રુપનો શોખ ધરાવતા અને સાથે સેવાકીય પ્રવૃતિમાં અગ્રેસર રહી બેખુબીથી કામ કરી રહ્યા છે વરસાદ હોઈ કે કોઈ અકસ્માત કે કોઈ પણ બનાવમાં સૌથી પહેલાં પહોંચવા હર હંમેશ તત્પર હોઈ છે . કોરોનાકાળના કપળા સમયમાં લોકડાઉનની પરિસ્થિતિમાં પણ ઉમદા કામકાજ કરી પોતાની ફરજ નીભાવી છે બહોળો મિત્ર વર્તુળ અને સદાય હસમુખો ચહેરો અને મીત સ્વભાવ ધરાવતા રાજનને તેમના સમગ્ર પરિવારજનો સહિતના લોકો દ્વારા તેમના મો.નં .૭૦૬૯૭૦૭૦૭૦ ઉપર શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

## દીવમાં બીચ ગેમ્સ ફેસ્ટિવલની ઉજવણી માટે તંત્ર દ્વારા તૈયારીઓ

### તા. ૧૯મીથી ઘોઘલા ખાતે થશે પ્રારંભ



**સમય મિરર | દીવ**

દીવમાં તા. ૧૯ મેના રોજ ઘોઘલા બ્લુ ફ્લેગ બીચ ખાતે બીચ ગેમ્સ ફેસ્ટિવલનો પ્રારંભ થશે. આ બીચ ગેમ્સ ફેસ્ટીવલ રાષ્ટ્રીયસ્તરનો હોવાથી દેશના ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા ખેલાડીઓ આ ફેસ્ટિવલમાં ભાગ લેશે અને પોતાની રમત ગમતનું પ્રદર્શન કરશે આ બીચ ગેમ્સ ફેસ્ટિવલમાં મંત્રી, પ્રશાસક, ગર્વનરો અને વિખ્યાત ખેલાડીઓની ઉપસ્થિતિ રહેશે આ સતત બીજીવાર થનારો બીચ ગેમ્સ ૨૦૨૫ને જબરદસ્ત સફળતા મે તે માટે દીવ કલેક્ટર રાહુલદેવ બુરા નેતૃત્વ અને માર્ગદર્શનમાં બીચ ગેમ્સની જાણ દીવ જીલ્લાના પ્રત્યેક નાગરિક સુધી પહોંચે તે માટે પ્રયાસો કાર્યરત છે. ADM વિવેક કુમાર આજે ઝોલાવાડી પંચાયત અને બુચરવાડામાં બેઠક યોજી અને બીચ ગેમ્સની માહિતી પ્રદાન કરી.

# પ્રાકૃતિક કૃષિમાં જમીનની ફળદ્રુપતા વધારતી ''બાયો નેચરલ પ્રોસેસ''

## નજીવા દરે ઘર આંગણે બેક્ટેરિયા કલ્ચર અને પ્રાકૃતિક પદ્ધતિથી જમીનને સમૃદ્ધ બનાવીએ : ખેડૂત શ્રી ધવલભાઈ પાનસુરીયા

સમય મિરર | રાજકોટ

રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિને વધુ વેગ આપવા માટે પ્રેરણા શિબિરથી લઇ વ્યવહારુ પ્રશ્નોના નિવારણોની કામગીરી કરવામાં આવી રહી છે. પ્રાકૃતિક કૃષિ માટે આ વર્ષના રાજ્યના બજેટમાં વિશિષ્ટ સહાયની જોગવાઈ પણ કરવામાં આવી છે ત્યારે રાજકોટ જિલ્લાના મેંગણી તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ધવલભાઇ પાનસુરીયાએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી પ્રાકૃતિક કૃષિમાં ફળદ્રુપતા અને જમીનનો કાર્બન વધારવા વિશે વિશિષ્ટ પ્રયોગો કર્યા છે.

ધવલભાઇ પાનસુરીયા છેલ્લા ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા છે. મસાલા, કઠોળ, ઘઉંની વિશિષ્ટ જાતોના ઉત્પાદન કરતા આ ખેડૂતે જમીનનો કાર્બન તેમજ તેમાં આવશ્યક એવા બેક્ટેરિયા વધારવા માટેની વિશિષ્ટ બાયો નેચરલ પ્રોસેસ વિકસાવી છે. જેમાં તેઓ જમીનની ફળદ્રુપતા વધારવા માટે પાક લીધા બાદ જમીનને થોડા સમય માટે આરામ આપે છે ત્યારબાદ જમીનમાં શણ અને CLLX નામના બે ઘાસનું સરખું વાવેતર કરવામાં આવે છે. આ બંને પ્રકારના ઘાસને ત્રણ થી ચાર ફૂટ જેટલું ઉગવા દઈ ૪૦ થી ૪૫ દિવસે આ ઘાસ પર રોટાવેટર ફેરવી તેને જમીનદોસ્ત કરવામાં આવે છે. ઘાસને જમીન સાથે ભેળવી ધવલભાઇ દ્વારા જ તૈયાર કરવામાં આવેલા જૈવ રસાયણને





તેમાં ભેળવી દેવામાં આવે છે. ત્યારબાદ જમીનને ફરી આજ સ્થિતિમાં તાપ નીચે આરામ આપવામાં આવે છે. આ પ્રક્રિયામાં આ ઘાસ અને જૈવ રસાયણનું મિશ્રણ જમીનમાં કોહવાતા જમીનમાં ફળદ્રુપતા વધારે છે સાથે જ જમીનને વધુ બેક્ટેરિયાયુક્ત બનાવી, કાર્બનનું પ્રમાણ પણ વધારે છે.

આ સામાન્ય બાયો નેચરલ પ્રોસેસથી પ્રાકૃતિક ખેતી કરતા સમયે જમીનને અલગથી જૈવ કે પ્રાકૃતિક ખાતર દેવાની પણ જરૂર પડતી નથી અને ત્યારબાદ ઉગાડવામાં આવતા પાકને પણ તમામ પ્રકારનું પોષણ મળી રહે છે. આ અંગે ધવલભાઇ પાનસુરીયાએ જણાવ્યું હતું કે, ''ખેતરમાં જ પ્રાકૃતિક વસ્તુઓને આથો આપી તેમાં બેક્ટેરિયા કલ્ચર તૈયાર કરી જમીનમાં સમયાંતરે શરૂઆતના તબક્કામાં ઘાસ સાથે ખાતર સ્વરૂપે તેમજ ત્યારબાદ આવશ્યકતા સમયે બીજા પાકમાં પિયતમાં આ રસાયણ આપી પાકને પોષણ આપવામાં આવે છે. સામાન્ય રીતે આપણી માન્યતા છે કે ''બેક્ટેરિયા એ નકારાત્મક સ્વરૂપ છે પરંતુ જમીનમાં રહેલા અનેક બેક્ટેરિયા અને જૈવ તત્વો પ્રાકૃતિક રીતે ઉત્પાદન ઉગાડવામાં ખૂબ જ સહાયક બનતા હોય છે. અગાઉ રાસાયણિક ખેતીના રસાયણોના કારણે આ જરૂરી બેક્ટેરિયાને હાનિ પહોંચતી હતી જેથી તેની સંખ્યા ઘટતી જતી હતી પરંતુ આ પ્રકારની બાયો નેચરલ પ્રોસેસ અને જૈવ રસાયણો આ બેક્ટેરિયાના નિર્માણ અને તેના વધારા માટે ખૂબ સહાયક બને છે. વળી, આ પ્રક્રિયા તમામ ખેડૂત પોતાના ખેતરે ખૂબ નજીવા દરે કરી શકે છે, જેનાથી તેઓને ખૂબ જ લાભ મળે છે.

પ્રાકૃતિક ખેતીમાં આ પ્રકારની સહાયક પદ્ધતિઓનો ઉપયોગ જમીનને ફળદ્રુપ અને પાકને પોષણયુક્ત તેમજ ખેડૂતને સમૃદ્ધ બનાવવામાં મદદરૂપ બને છે ત્યારે ધવલભાઇએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને આ પ્રકારની પદ્ધતિઓનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

## જામકંડોરણાના રાહુલ વાણવીને પ્રોહિ.ધારા ભંગ બદલ ચાર માસ સુધી રાજકોટ તથા જામનગર જિલ્લામાંથી હદપાર કરાયા

સમય મિરર | રાજકોટ

ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ ધોરાજી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી નાગાજણ એમ. તરખાલા દ્વારા રાહુલ મનસુખભાઈ વાણવીને રાજકોટ તથા જામનગર જિલ્લામાંથી હદપાર કરવામાં આવ્યા છે. જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અસામાજિક પ્રવૃત્તિ આચરતા જામકંડોરણા તાલુકાના ખજૂરડાના ૨૭ વર્ષીય રાહુલ મનસુખભાઈ વાણવી માથાભારે અને ઝનૂની તોફાની તકરારી સ્વભાવના વ્યક્તિ છે જેને દારૂ પીવા તથા વેચવાની ટેવ હોવાથી વારંવાર પ્રોહીબીશનના કાયદાનો ભંગ કરતા હતા. તેમના પર વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ સુધીમાં પ્રોહી.ધારાનો ભંગ કરવા અંગેના કુલ ૦૬ ગુન્હા નોંધાયેલ છે જેમાં ૪ ગુના અન્વયે



તેને કોર્ટ દ્વારા સજાઓ કરવામાં આવી છે. આમ, જાહેર સુલેહ-શાંતિ વિરુદ્ધનાં કૃત્યો કરતા અટકાવવા ધોરાજી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ ૪ માસ માટે રાજકોટ તથા જામનગર જિલ્લાની હદમાંથી હદપાર કરવા હુકમ કર્યો છે.

## રાજકોટ શહેરના કારીગરો-નોકરોની વિગતો સિટિઝન પોર્ટલ પર ઓનલાઇન અપલોડ કરવા સૂચના

સમય મિરર | રાજકોટ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં રહેતા અસામાજિક તત્વોની અનિચ્છનીય પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા માટે રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો, ઓફિસો, દુકાનો, ગોડાઉનો, કોલ્ડ સ્ટોરેજ, બાંધકામ બિલ્ડર્સ જેવા વ્યવસાયિકો એકમોમાં કામ કરતા તેમજ ખેતરોમાં કામ કરતાં મજૂરો વગેરે માટે રાજકોટના પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝાએ નીચે મુજબના પ્રતિબંધાત્મક હુકમ ફરમાવેલ છે.

કોઈ ઔદ્યોગિક એકમો/મકાનો/બંગલા/દુકાનો/કારખાનાઓ/મકાન બાંધકામ બિલ્ડર્સ/ ટેક્ષટાઈલ ઉદ્યોગ/ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરોના માલિક / ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડરો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો કે જે હાલમાં કામ પર છે તો આ માટે આવા એકમના મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/ સંચાલકો જયારે ઔદ્યોગિક એકમો/મકાનો/ ઓફિસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજ વગેરે પર હાલમાં કામ પર હોય તેમજ કામ પર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજિંદા કે કોન્ટ્રાક્ટના કર્મચારી,કારીગરો,મજૂરો, ખેત મજૂરો, નોકરોની માહિતી, હકીકત અંગેની તમામ વિગતો સીટીઝન પોર્ટલ અથવા સિટીઝન ફર્સ્ટ એપ્લિકેશન મારફતે ઓનલાઈન રજીસ્ટર કરાવવાની રહેશે.

આ હુકમ સમગ્ર રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૩૦ જૂન ૨૦૨૫ સુધી અમલી રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## રાજકોટ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક ૧૬ મેના રોજ યોજાશે


સમય મિરર | રાજકોટ

ગુજરાત સરકારની સૂચના મુજબ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક દર માસના ત્રીજા શનિવારે યોજવામાં આવે છે. જે મુજબ રાજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની મે માસની બેઠક અગાઉ તા. ૧૭ મે, ૨૦૨૫ના રોજ યોજાનાર હતી, જે વહીવટી કારણોસર તા. ૧૬-૦૫-૨૦૨૫ના શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લા કલેક્ટર કચેરીના મુખ્ય સભા ખંડ ખાતે યોજવામાં આવશે, જેની સમિતિના સભ્યોએ નોંધ લેવા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'ની ઉજવણી કરાશે

સમય મિરર | રાજકોટ

ભારતમાં દર વર્ષે ૧૬ મેના રોજ 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ મચ્છરજન્ય રોગ અને તાવ વિશે જાગૃતિ ફેલાવવા માટે મનાવવામાં આવે છે. જેનો હેતુ ડેન્ગ્યુ રોગના અસરકારક નિયંત્રણ માટે વ્યાપક જનજાગૃતિ કેળવીને જનસમુદાયની સક્રિય ભાગીદારી મેળવવાનો છે. જે અન્વયે એન.વી.બી.ડી.સી.પી. દિલ્હી દ્વારા આ વર્ષે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની થીમ Check, Clean, Cover : Step to defeat ઉપક્ષલીય - ડેન્ગ્યુને હરાવવા માટે આપના ઘરના પાણીના ભરેલા પાત્રો તપાસો, તેની સફાઇ કરો અને પાત્રો ઢાંકીને રાખો રાખવામાં આવી છે. જે મુજબ વિવિધ આરોગ્ય શિક્ષણની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે. રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી આનંદુ સુરેશ ગોવિંદની સૂચના મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.



આર. આર. ફુલમાલીના માર્ગદર્શન હેઠળ જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી જી. પી. ઉપાધ્યાય અને આરોગ્ય ટીમ દ્વારા હાલમાં ગામોમાં સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. ગૃહ મુલાકાત લઈ આરોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ દરમિયાન જો તાવના દર્દીઓ જોવા મળે તો તેના લોહીના નમુના લઈ સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવે છે. જરૂરીયાત મુજબ પાણીના ટાંકામાં એબેટ નામની દવા નાખવામાં આવે છે. બંધિયાર ખાડા, નદી કે ખૂલ્લી પાણીની ટાંકીઓમાં પોરાભક્ષક માછલીઓ મૂકવામાં આવે છે. ડેન્ગ્યુ, મેલેરિયાના પોઝીટીવ કેસો ધરાવતા ગામોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે છે. આ રોગ મચ્છરજન્ય છે. પાણીમાં મચ્છરની ઉત્પત્તિ થાય છે. તેથી, લોકોએ પાણી ભરવાના વાસણો, ટાંકીઓ નિયમિત સાફ કરી સુકવીને પછી ફરીથી ભરવા જોઈએ, તેને હવાચુસ્ત કપડાથી કે ઢાંકણાથી બંધ રાખવા જોઈએ. ટાયર, નકામા ડબ્બા, ખાલી વાસણોમાં પાણી ન ભરાવા દેવું, ખાડા-ખાબોચીયાનું પાણી વહેતુ કરી દેવું, મોટા ખાડામાં પોરાભક્ષક ગપ્પી માછલી મુકવી, પુરુ શરીર ઢંકાય તેવા કપડા પહેરવા, દવાવાળી મચ્છરદાનીમાં સૂવું, સાંજે દિવસ આથમે બારી બારણા બંધ રાખવા, લીમડાનો ધુમાડો કરવો - આ મુજબ આરોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. તાવ આવે ત્યારે આરોગ્ય કર્મચારી કે આશાનો સંપર્ક સાધી, તેમને લોહીનો નમૂનો આપી, તેમની સુચના મુજબ સારવાર કરાવવા અપીલ કરવામાં આવે છે. તાલુકા કક્ષાએ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં ઈન્ટર સેકટોરલ મીટીંગ / એડવોકેસી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય શિક્ષણ માટે વાહકજન્ય રોગો અંગે પ્રદર્શન તથા જાહેર સ્થળોમાં કાર્યક્રમો ગોઠવવામાં આવશે. તાલુકાઓમાં ક્ષેત્રીય કક્ષાએ ભવાઇ, ડાયરા, નાટક અથવા પપેટ શો જેવા કાર્યક્રમ યોજાશે. જાહેર સ્થળો પર રેલી, હોર્ડિંગ્સ, બેનર, પોસ્ટર્સ, ભીંતચિત્રો અને ભીંતસુત્રોના માધ્યમથી જાગૃતિ ફેલાવાશે. શાળા અને કોલેજોમાં વાહકજન્ય રોગો સબંધિત પેઈન્ટીંગ, વકતૃત્વ સ્પર્ધા વગેરે યોજાશે. પત્રિકા વિતરણ, હાઉસ ટુ હાઉસ આઇ.ઇ.સી. કામગીરી કરવામાં આવશે, તેમ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની યાદીમાં જણાવાયું છે.

# શું તમારી પાસે ડ્રગ્સ સંબંધી કોઈ ટિપ છે ? તો ૧૯૩૩ હેલ્પલાઇન પર જાણ કરો

**ડ્રગ્સ વેચાણકર્તા, ઉત્પાદકની માહિતી આપનારની ઓળખ ગુપ્ત રહેશે : પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા**

## પોલીસ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં નાર્કો કો-કોર્ડિનેશન સેન્ટરની બેઠક યોજાઈ

સમય મિરર | રાજકોટ

ખાસ કરીને યુવાઓને ટાર્ગેટ કરતા ડ્રગ્સનાં દુષણ સામે રાજકોટ શહેર પોલીસ ડ્રગ્સ વેચાણકર્તા, ઉત્પાદક કે વાવેતર કરતા લોકો સામે સતર્કતાથી કામગીરી કરી રહી છે, જેની સમીક્ષાર્થે પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝાના અધ્યક્ષસ્થાને નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી..

આ તકે પોલીસ કમિશ્નરશ્રીએ શાળા, કોલેજના છાત્રો ચરસ, ગાંજો કે સિન્થેટિક ડ્રગ્સના દુષણનો શિકાર ન બને તે માટે પોલીસ વિભાગના એસ.ઓ.જી. સહીત વિવિધ વિભાગના અધિકારીઓને ખાસ તકેદારી રાખવા



તેમજ ડ્રગ્સ વેચાણકર્તા પર વોચ રાખી તેમના નેટવર્કને તોડી પાડવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વધુમાં ડ્રગ્સ વેચાણકર્તાની લોકો દ્વારા જાણકારી મળે તો વધુ સહેલાઈથી તેઓના નેટવર્ક સુધી પહોંચી શકાય, તેમ જણાવી શ્રી બ્રજેશકુમારે જાણકારી આપનારની વિગતો ગુપ્ત રહેશે તેમ આશ્વસ્ત કરી લોકોને નિર્ભીકપણે ૧૯૩૩ હેલ્પલાઈન નંબર કે કેન્દ્ર સરકાર દ્વારા જારી 'માનસ' પોર્ટલ https://www.ncbmanas.gov.in/ પર જાણકારી આપવા અપીલ કરી છે .

રાજકોટ શહેરમાં ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિઓ અટકાવવા અધિક પોલીસ કમિશનરશ્રી મહેન્દ્ર બગડિયાએ કોલેજ, યુનિવર્સીટીમાં માર્ગદર્શક કાર્યક્રમો યોજવા, જનજાગૃતિ અભ્યાન અસરકારક રીતે આગળ વધારવા ખાસ સૂચન કર્યું હતું.

પોલીસ વિભાગ દ્વારા એન્ટી-ડ્રગ્સ કેમ્પેઇન કામગીરી અંગે ડી.સી.પી. શ્રી પાર્થરાજસિંહ ગોહિલે રાજકોટ શહેરમાં જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પકડવામાં આવેલ ડ્રગ્સનાં કેસની માહિતી પુરી પાડી હતી. બેઠકમાં વિવિધ વિભાગ તેમજ કોલેજ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમોની વિગતો રજુ કરવામાં આવી હતી. એન્કોર્ડ બેઠકમાં સ્ટેટ નાર્કોટિક્સ સેલના અધિકરી શ્રી અતુલ યાદવ ઓનલાઇન જોડાઈ વિભાગની કામગીરી અંગે માહિતગાર થયા હતાં. બેઠકમાં ડી.સી.પી. ઝોન - ૨ શ્રી જગદીશ બંગરવા, એ.સી.પી. શ્રી ભરત બસિયા, એસ.ઓ.જી સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓ, સમાજ સુરક્ષા વીભાગ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ, ફોરેન્સિક વિભાગ, મહાનગર તેમજ સિવિલ તબીબી વિભાગ, મનોચિકિત્સક વિભાગ, રિહેબિલિટેશન વિભાગ, કૃષિ, વન વિભાગ, તોલમાપ. સાઇન્ટિફિક વિભાગ સહિત કમિટીના અધિકારીશ્રીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીશ્રીઓ જોડાયા હતાં.

## એક વર્ષની પુત્રી સાથે ભૂલાં પડેલા મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતી રાજકોટ ૧૮૧ અભયમ ટીમ

સમય મિરર | રાજકોટ

આપણી આસપાસ અસંખ્ય નાગરિકો એવા હોય છે જે પરજનની મદદ માટે હંમેશા તત્પર રહેતા હોય છે.

આવા જ એક સજ્જનની મદદથી અને અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇનનાં સહયોગથી પોતાની એક વર્ષની દીકરી સાથે શહેરમાં ભુલા પડેલા એક મહિલાનું મિલન પરિવાર સાથે થઈ શકયું હતું. એક સજ્જન વ્યક્તિએ ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર ફોન કરી જણાવ્યું કે, નાની બાળકી સાથે ભુલા પડેલા એક બહેનને મદદની જરૂરિયાત છે. ફોન આવતાં જ ૧૮૧ ની ટીમ સ્થળ પર પહોંચી હતી. સ્થળ પર પહોંચેલી ૧૮૧ ની ટીમને ફોન કરનાર વ્યક્તિએ વિગત જણાવી હતી. જેમાં એક બહેન સવારના ૬:૩૦ વાગ્યાથી એક જ જગ્યા પર પોતાની નાની બાળકી સાથે



બેઠા છે. જેથી નાની બાળકી માટે પોતે દૂધની વ્યવસ્થા કરી માનવ ધર્મ નિભાવ્યો હતો. ઉપરાંત ભૂલા પડેલા મહિલા પોતાનાં ઘરનું સરનામું આપતા ન હોવાથી મદદ માટે ૧૮૧ પર કોલ કર્યો હતો.

૧૮૧ ટીમે મહિલાને પાણી પીવડાવી વિશ્વાસમાં લીધા હતા. ત્યાર બાદ તેમનું સફળ કાઉન્સિલિંગ કરાયું હતું. જેમાં મહિલાની માનસિક સ્થિતિ સારી ન હોવાનું જણાયું હતું. મહિલાને પોતાના ભાઈના મોબાઈલ નંબર યાદ હોવાથી ૧૮૧ ની ટીમે કોલ કરી ઘરનું સરનામું મેળવ્યું હતું.

ત્યારબાદ ૧૮૧ ની ટીમે મહિલા અને તેમની પુત્રીને વાનમાં બેસાડી ઘર આસપાસના વિસ્તારમાં પહોચ્યાં હતા. જેમા એક સ્થાનિક મહિલાની મદદથી ૧૮૧ ની ટીમે મહિલાને ઘર સુધી પહોંચાડી હતી. મહિલાના ઘરે પહોંચી ૧૮૧ ની ટીમે મહિલાના મમ્મીનુ કાઉન્સિલિંગ કર્યુ હતુ. જેમાં મહિલાનાં મમ્મીએ કહ્યું કે, ''મારી દીકરી માનસિક રીતે બીમારી હોવાથી અવાર-નવાર ઘરેથી કહ્યાં વગર નીકળી જાય છે.'' જેથી પોતાની પુત્રીની તબિયત અંગે કાળજી લેવા અને વધુમાં વધુ તેનું ધ્યાન રાખવા અભયમની ટીમે મહિલાનાં મમ્મીને ટકોર કરી હતી.

આમ, અભયમ ટીમે મહિલાને પોતાના પરિવાર પાસે સુરક્ષિત રીતે પહોંચાડી હતી. આ તકે મહિલાના મમ્મીએ ૧૮૧ મહીલા હેલ્પલાઇન ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જસદણની ત્રણ વર્ષીય દેવાંગી માટે દેવદૂત સમાન બનતો 'રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ'

## બ્લડ કેન્સર સામે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સમયસર અને વિનામૂલ્યે સારવારથી મળ્યું નવજીવન

સમય મિરર | રાજકોટ

ગુજરાત સરકારનો રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ વધુ એક બાળક માટે દેવદૂત સમાન બન્યો છે. રાજકોટ જિલ્લાના જસદણની દેવાંગી જન્મથી જ વારંવાર બીમાર પડતી હતી. તે એક વર્ષની થઇ ત્યારથી તેને નિયમિત લોહી ચડાવવું પડતું હતું. આ બાળકીને ધ ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (G.C.R.I.), અમદાવાદમાં આર.બી.એસ.કે. અંતર્ગત બ્લડ કેન્સર સામે બોન મેરો ટ્રાન્સપ્લાન્ટની સમયસર અને વિનામૂલ્યે સઘન સારવાર આપવામાં આવતા તેને નવજીવન મળ્યું હતું. ત્રણ વર્ષની દેવાંગીની વિગતે વાત કરીએ તો તે ખેતીકામ કરતા શ્રી રોહિતભાઇ બરવાલિયાના મધ્યમવર્ગીય પરિવારમાં તા. ૨૯ જુલાઈ, ૨૦૨૧ના રોજ જન્મેલી. તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ જસદણ તાલુકાના વિરનગર હેલ્થ સબ સેન્ટરમાં મમતા દિવસે દેવાંગીના પરિજનો તેને લઈને આવ્યા. પરિજનોએ જણાવ્યું કે દેવાંગીને વારંવાર લોહી ચડાવવું પડે છે. હેલ્થ વર્કરે તેને માઇક્રોસાયટીક હાયપોક્રોમિક એનિમિયા હોવાની સંભાવના જણાવી. આ બાબતની જાણ આરોગ્યકર્મીએ આર.બી.એસ.કે. ટીમ, જસદણને કરી. આર.બી.એસ.કે. ટીમના ડો.



કિરણ કુનવારિયા અને ડો. સમર્થ રામાનુજે દેવાંગીની ગૃહ મુલાકાત કરી અને તેને બ્લડ કેન્સર હોવાની શક્યતા દર્શાવી. અને ડિસ્ટ્રિક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર (D.E.I.C.), સિવિલ હોસ્પિટલ, રાજકોટ ખાતે સઘન ચકાસણી કરવા જણાવ્યું, જ્યાં દેવાંગીને બ્લડ કેન્સર હોવાનું નિદાન થયું. ટીમે વધુ નિદાન અને સારવાર માટે ધ ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ ખાતે રીફર કરવાનું જણાવ્યું. કેન્સરનું નામ સંભળતા વાલીના માથે જાણે આભ તૂટી પડ્યું. વધુમાં, તેઓ આશરે રૂ. ૩૦ લાખથી ૩૫ લાખના ખર્ચ બાબતે પણ ચિંતિત થઇ ગયા. ત્યારે આર.બી.એસ.કે. અને સિવિલ હોસ્પિટલની ટીમે 'શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' અંગે તેમને જાણકારી આપી. સારવારનો તમામ ખર્ચ સરકાર ઉઠાવશે, તે જાણ્યા બાદ દેવાંગીના માતા-પિતાને હાશકારો થયો અને સારવાર કરાવવા સંમત થયા. તેમજ સંદર્ભ કાર્ડ ભરીને દેવાંગીને ધ ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ ખાતે રીફર કરવામાં આવી. તા. ૧૫ મે, ૨૦૨૪ના ધ ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદમાં દેવાંગીની સારવાર શરૂ કરવામાં આવી. જ્યાં દેવાંગીનું બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. ત્યારબાદ દેવાંગીની ફોલોઅપ તપાસ પણ કરવામાં આવી છે. સારવારને એક વર્ષ થયું. હાલ દેવાંગી એકદમ સ્વસ્થ છે. જે બદલ તેના પરિજનોએ આર.બી.એસ.કે. - જસદણ, સિવિલ હોસ્પિટલ - રાજકોટ અને ધ ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ - અમદાવાદ તથા ગુજરાત સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. આર. આર. ફુલમાલીના માર્ગદર્શન હેઠળ આર.બી.એસ.કે. ટીમ વધુ ને વધુ બાળકો તંદુરસ્ત રહે અને સરકારી યોજનાનો લાભ પ્રાપ્ત કરે, તે હેતુસર સરાહનીય કામગીરી કરી રહી છે, તેમ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની યાદીમાં જણાવાયું છે.

# દુધીવદરની બાળકી માટે RBSK બની સંજીવની હૃદયની જન્મજાત ખામીની સર્જરી વિનામૂલ્યે થઈ

**પરિવાર રૂ. ૩થી ૪ લાખ ખર્ચી પ્રાઈવેટ સારવારની તૈયારીમાં હતા**

સમય મિરર | રાજકોટ

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (આર.બી.એસ.કે.) આજે અનેક બાળકો માટે સંજીવન સમાન બની ગયો છે. રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના દુધીવદર ગામની એક બાળકીને જન્મથી જ હૃદય તેમજ મળદ્વાર (CONGENITAL ANTERIOR ECTOPIC ANUS + CHD)ને લગતી તકલીફ હતી. આર.બી.એસ.કે. હેઠળ આ બાળકીની અમદાવાદની સરકારી હોસ્પિટલ અને યુ.એન. મહેતા હોસ્પિટલમાં નિઃશુલ્ક સર્જરી કરાઈ છે. જેના લીધે પરિવારનો રૂપિયા ત્રણથી ચાર લાખનો ખર્ચ બચ્યો છે.

દુધીવદર ગામે રહેતા એક નોકરિયાત નાગરિકને ત્યાં ૩૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ એક બાળકીનો જન્મ થયો હતો. એ પછી ૨૫મી નવેમ્બર, ૨૦૨૪ના રોજ જામકંડોરણા આર.બી.એસ.કે ટીમના





ડો. દાનસિંહ ડોડીયા, ડો.શિતલ સારીખડાએ તેમના ઘરની મુલાકાત લઈને બાળકીના સ્વાસ્થ્યની તપાસ કરી હતી. જેમાં હૃદય તેમજ મળદ્વારને લગતી ખામી ધ્યાને આવી હતી. બાળકીના પિતાની આર્થિક સ્થિતિ સામાન્ય છે. પરંતુ દીકરીની તંદુરસ્તી માટે પિતાએ ખાનગી હોસ્પિટલમાં નિદાન કરાવ્યું અને રૂપિયા ત્રણથી ચાર લાખ ખર્ચ કરીને સર્જરી કરાવવા માટે તૈયાર થઈ ગયા હતા.

આ માહિતી મળતાં, આર.બી.એસ.કે.ની ટીમ તેમના ઘરે પહોંચી હતી અને તેમને સમજાવ્યા હતા કે, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ હૃદયની ખામીની સર્જરી-સારવાર યુ. એન. મહેતા હોસ્પિટલમાં, જ્યારે મળદ્વારને લગતી સર્જરી-સારવાર અમદાવાદ સરકારી સિવિલ હોસ્પિટલમાં વિનામૂલ્યે થઈ શકે છે. ખાનગી હોસ્પિટલમાં થનારા સર્જરી ઉપરાંત સારવાર-દવાના ખર્ચની સમજ પણ આ પરિવારને આપવામાં આવી હતી. આથી પરિવાર સંમત થયો હતો અને DEIC સિવિલ હોસ્પિટલ-રાજકોટ ખાતે બાળકીના આરોગ્યની સઘન તપાસ કરવામાં આવી હતી. જેમાં હૃદય તથા મળદ્વારને લગતી ખામીનું નિદાન થયું હતું.

એ પછી ૧૦ માર્ચ, ૨૦૨૫ના રોજ અમદાવાદની સરકારી હોસ્પિટલ તેમજ યુ.એન. મહેતા હોસ્પિટલમાં બાળકીની બંને તકલીફની સર્જરી કરીને આગળની સારવાર કરવામાં આવી હતી.

હાલ બાળકી એકદમ સ્વસ્થ છે. બાળકીના પિતા અને પરિવારે આર.બી.એસ.કે. ની ટીમ, સિવિલ તથા યુ.એન. મહેતા હોસ્પિટલના ડોક્ટરો તથા સરકાર પ્રત્યે આભારનો ભાવ પ્રગટ કર્યો છે.

નોંધનીય છે કે, રાજકોટ જિલ્લામાં આર.બી.એસ.કે. હેઠળ જરૂરિયાતમંદ બાળકોને આરોગ્યલક્ષી સેવાઓ-લાભ મળી રહે તે માટે જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. આર. ફુલમાલીના માર્ગદર્શનમાં સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

# રાજકોટમાં યુવાને વ્યાજખોરના ત્રાસથી કર્યો આપઘાત

## માતા અને પુત્રની સારવાર માટે લીધેલા ૫૦ હજારના ૨.૪૦ લાખ ચૂકવ્યા છતાં મુદલની ઉઘરાણીથી એસિડ પી જીવન ટૂંકાવ્યું

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ વધતો જાય છે. લોકદરબારના આયોજન બાદ પણ વ્યાજખોરો દ્વારા લોકોને ત્રાસ આપવામાં આવે છે અને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ગયેલા લોકો આપઘાત કરવાની કોશીષ કરે છે ત્યારે રાજકોટ શહેરમાં પણ આવી જ એક ઘટના સામે આવી છે. જેમાં કુવાડવા પાસે આવેલા નાકરાવાડીમાં રહેતાં યુવાને વ્યાજખોરના ત્રાસથી એસીડ પી લેતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેમનું સારવારમાં મોત નિપજ્યું હતું. આ ઘટનામાં વ્યાજખોર સામે મનીલેન્ડ એકટ હેઠળ કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરવામાં આવી છે.




વધુ વિગતો મુજબ, નાકરાવાડીમાં રહેતા સંજય સોમાભાઈ વણપરા (કોળી) (ઉ.૪૦) એ આજે સવારે નવેક વાગ્યે પોતાના ઘરે એસીડ પી લેતાં તેમને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું સારવારમાં મોત નિપજ્યું હતું. સંજયભાઈ મજુરી કામ કરતાં અને તેઓ પાંચ ભાઈ અને બે બહેનમાં મોટા હતાં. તેમને સંતાનમાં એક પુત્ર છે સંજયભાઈના મૃત્યુથી એક સંતાને પિતાની છત્રછાયા ગુમાવી છે.


સંજયભાઈના પરિવારે જણાવ્યું હતું કે તેમના માતા અને પુત્ર બિમાર હોય જેથી રાજગઢના જયપાલ દરબાર પાસેથી રૂ.૫૦ હજાર ૧૦ ટકા લેખે વ્યાજે લીધા હતાં અને તેમને મહિનાના પાંચ હજાર એમ કુલ ચાર વર્ષ સુધી નાણા ચુકવ્યા હતાં. આમ છતાં વ્યાજખોર વધુ ૫૦ હજારની માંગણી કરતાં સંજયભાઈએ કંટાળી જઈ આજે સવારે પોતાના ઘરે એસીડ પી લીધું હતું. તેમજ ગઈકાલે જયપાલે ધમકી આપી હતી. બધા રૂપિયા એક સાથે આપો આમ સંજયભાઈએ ૫૦ હજારના ૨.૪૦ લાખ ચુકવી દીધા છતાં પણ વ્યાજખોરે ધમકી આપતાં કંટાળી ગયેલા સંજયભાઈએ આપઘાત કરી લીધો હતો. આ અંગે કુવાડવા પોલીસ મથકના સ્ટાફે કાગળો કરી વ્યાજખોર વિરૂધ્ધ ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી છે.

**બેદરકારી દાખવનાર સામે કાર્યવાહી કરવા પરિવારજનોની માંગ; પોલીસ તપાસ જારી**

# રાજકોટમાં નવનિર્મિત બિલ્ડિંગના ચોથા માળેથી લીફટના ખાડામાં પટકાયેલા યુવકનું મોતઃ ધક્કો માર્યાનો આરોપ

**સમય મિરર | રાજકોટ**

શહેરના માધાપર ચોકડી પાસે નવા બની રહેલા મેરી ગોલ્ડ બિલ્ડીંગના ચોથા માળેથી લાદી કામ કરી રહેલો યુવાન અકસ્માતે લીફટના ખાડામાં પડતાં ગંભીર રીતે ઘવાયો હતો અને તેમને સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાની જાણ તેમના પરિવારજનોને કરવામાં આવતાં પરિવારજનો સિવિલ હોસ્પિટલે પહોંચી ગયા હતાં અને તેઓએ કોઈએ ચોથા માળેથી ધક્કો મારી દીધાનું આક્ષેપ કર્યો હતો. આ ઘટના મામલે પોલીસે કાગળો કર્યા હતાં.



વધુ વિગતો મુજબ, શહેરના હરિધવા રોડ પર આવેલી સરદાર પટેલ સોસાયટી શેરી નં.૧માં રહેતાં વિવેક દિલીપભાઈ રાઘવાની (કડિયા) (ઉ.૨૫) નામનો યુવાન આજે સવારના સમયે ૧૫૦ ફુટ રીંગ રોડ પર માધાપર ચોકડી નજીક નવા બની રહેલા મેરીગોલ્ડ બિલ્ડીંગના ચોથા માળે લાદી કામ કરી રહ્યો હતો ત્યારે અકસ્માતે લીફટના ખાડામાં પડતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી ત્યારબાદ ત્યાં હાજર લોકોએ તેને હોસ્પિટલે લઈ ગયા હતાં. જ્યાં તેમને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. વીવેક બે ભાઈમાં નાનો અને અપરિણીત હતો.

આ ઘટના મામલે પરિવારજનોને જાણ કરવામાં આવતાં તેઓ સિવિલ હોસ્પિટલે પહોંચી ગયા હતાં. અને તેઓએ આક્ષેપ કર્યો હતો કે વિવેકને ચોથા માળેથી કોઈએ ધક્કો માર્યો છે. ત્યારબાદ પોલીસ પણ સિવિલ હોસ્પિટલે પહોંચી ગઈ હતી અને જરૂરી કાગળો કર્યા હતાં. પરિવારે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ચોથા માળે લીફટનો ખાડો હોય જે લાકડાના પાટીયા દ્વારા બંધ રાખવામાં આવતો હોય છે પરંતુ બિલ્ડર દ્વારા તે જગ્યા ખુલ્લી રાખવામાં આવતાં અને બેદરકારી દાખવતા પુત્ર વિવેક આ લીફટના ખાડામાં પડી ગયો હતો. જે કોઈએ પણ બેદરકારી દાખવી હોય તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. યુવાનના મૃત્યુથી પરિવારમાં શોક છવાઈ ગયો છે.

**બે ટેન્કર અને છ સ્ટોરેજ ટેંકમાં એકાદ કરોડનો જથ્થો ઝડપાતા ગુનો નોંધાયો'તો**

# ગેરકાયદે બાયોડિઝલના પ્રકરણમાં મારુતિ પેટ્રોલિયમના માલિકના આગોતરા જામીન રદ કરવાની અરજી નામંજુર

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર માલિયાસણ પાસેથી બે ટેન્કર અને છ સ્ટોરેજ ટેંકમાં એકાદ કરોડના ઝડપાયેલા ગેરકાયદે બાયોડીઝલ સહિતના મુદામાલના ગુનામાં શરતોના ઉલંઘન બદલ ભરત રામાણીના આગોતરા જામીન રદ કરાવવાની સરકારની અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે.

આ કેસની હકીક્ત મુજબ, રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર માલિયાસણ પાસે ભરત વશરામભાઈ રામાણીના મારુતિ પેટ્રોલિયમ લખેલ વંડામાં ક્રાઈમ બ્રાંચે રેડ કરી રૂા.૧,૦૮ કરોડ નો બાયો ડીઝલ, ૬ ટેંકો, બે ટેન્કરો, જનરેટર, ઈલેકટ્રીક મોટર, હાઈડ્રોમીટર, મોબાઈલ ફોન, ડી. વી.આર. મળી કુલ રૂા.૧,૪૦ કરોડ નો મુદામાલ સીઝ કરી કાઈમ બ્રાંચના પી.એસ.આઈ. ડી.સી. સાકરીયા જાતે ફરીયાદી બની સાત આરોપીઓ વીરૂધ્ધ ગુન્હો દાખલ કરાવ્યો હતો. પોલીસ ધરપકડની દહેશતથી ભરત રામાણીએ કરેલી આગોતરા જામીન અરજી શરતોને આધીન અદાલતે મંજુર કરી હતી. બાદ શરતોનો ભંગ થતો હોવાની તકરાર સાથે જિલ્લા સરકારી વકીલ દ્વારા સેશન્સ અદાલતમાં ભરત રામાણીના આગોતરા જામીન નામંજૂર કરવા અરજી દાખલ કરવામાં આવી


એડવોકેટ

હતી.જેમાં ભરત રામાણીના એડવોકેટ સુરેશ ફળદુએ એવી રજૂઆત કરેલી કે એકવાર અદાલતે આગોતરા જામીન મંજૂર કર્યા હોય ત્યારે જામીન યાંત્રિક રીતે રદ થઈ શકે નહીં જ્યાં સુધી કોઈપણ સુપરવેનીંગ સંજોગોમાં તે રેન્ડર થયું છે કે કેમ તે ધ્યાન લીધા વિના મિકેનિકલ મેનરથી જામીન રદ થઈ શકે નહીં આ સંબંધે હાઇકોર્ટ તથા એપેક્ષપોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત તો ઉપરાંત રજૂ રાખેલા દસ્તાવેજી પુરાવો લક્ષ લેતા આરોપીને પોલીસે પાઠવેલી નોટિસનો યોગ્ય ખુલાસો કરેલ હોવા છતાં તે હકીકતો લક્ષમાં લેવામાં આવેલ નથી તેવી લંબાણપૂર્વકની રજૂઆતો કરવામાં આવી હતી બાદ બંને પક્ષોની રજૂઆત બાદ બચ્ચાઓ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે અદાલતે ભરત રામાણીના આગોતરા જામીન રદ કરવાની સરકારની અરજી નામંજુર કરતો હુકમ ફરમાવેલો છે.

આ કામમાં આરોપીઓ વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન માંડલીયા, ભાવીક ફેફર, જય પીઠવા તથા મદદમાં યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, કેતન પરમાર, પ્રિન્સ રામાણી, આર્યન કોરાટ રોકાયા હતા.

# રાજકોટના ચકચારી હત્યા કેસમાં બે મહિલા આરોપીની જામીન અરજી ફગાવતી અદાલત

## બે પત્નીના સંતાનો વચ્ચે વીમા વળતરના પૈસાની ભાગબટાઈમાં ખૂની ખેલ ખેલાયો'તો

**સમય મિરર | રાજકોટ**

વાહન અકસ્માતમાં મૃત્યુના વીમા વળતરના પૈસાની ભાગબટાઈમાં રૈયાધાર વિસ્તારમાં બે પત્નીના સંતાનો વચ્ચે વાંધો પડતા થયેલી હત્યાના ગુનામાં પકડાયેલા પાંચ આરોપીઓમાં બે મહિલા આરોપીની જામીન અરજી સેશન્સ અદાલત દ્વારા રદ કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ રૈયાધાર વિસ્તારમાં રહેતા જેરામભાઇ વાઘેલાના બીજા પત્ની લીલાબેન જેરામભાઈ વાઘેલા વાહન અકસ્માતમાં મૃત્યુ થયા અંગે તેના વીમા ક્લેઈમના નાણા બાબતે ચાલતા ડખામાં બીજા પત્નીના પુત્ર લાખાભાઈ જેરામભાઈ વાઘેલા ઉપર અન્ય સાથે લગ્ન કરનાર જેરામભાઈના પ્રથમ પત્ની બેબીબેન અમરશી ચારોલા,


એડવોકેટ

પુત્ર વિજયભાઈ અમરશીભાઈ ચારોલા, સંજનાબેન વિજયભાઈ ચારોલા, શાયર ઉર્ફે સાહિલ અને નીર ઉર્ફે નીલ વગેરે હુમલો કરી લાખાભાઈ જેરામભાઈ વાઘેલાની હત્યા કર્યા બાબતે ગુનો નોંધી ધરપકડ કરવામાં કરવામાં આવી હતી. જેમાં જેલ હવાલે રહેલા મહિલા આરોપીઓ બેબીબેન તથા સંજનાબેને કોર્ટમાં જામીન પર છૂટવા માટે જામીન અરજી કરી હતી, તેમાં સરકાર તરફે મદદનીશ સરકારી વકીલ બીનલબેન અશોકકુમાર રવેશીયા હાજર થઈ કોર્ટમાં જણાવેલ કે અરજદાર આરોપીઓએ આ ગુનાના અન્ય આરોપીઓને પોતાના ઘરે બોલાવીને મરનારને મારવા માટે ગુનાહિત કાવતરું કરી અન્ય આરોપીઓ સાથે ગેરકાયદેસર મંડળી રચી હત્યાના કૃત્યનો પ્રથમ દર્શનીય જ આક્ષેપ છે અને સમાજ વિરોધી ગંભીર ગુનો છે, જેથી બંને આરોપીઓની જામીન અરજીઓ રદ કરવી જોઈએ, જે રજૂઆતો દલીલો ધ્યાને લઇ સેશન્સ કોર્ટે બંને મહિલા આરોપીની જામીન અરજી નામંજૂર કરેલ છે.

# રાજકોટમાં ફ્લિપકાર્ટના ડિલિવરી બોયની દાનત બગડી : વેરહાઉસમાંથી ૨૦ મોબાઈલની ચોરી

## કંપનીની ટીમે ચેક કરતા ૩.૭૬ લાખના ૨૦ મોબાઈલની ઘટ પડતા ભાંડો ફૂટ્યો; પોલીસ ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

લક્ષ્મીનગર મેઈન રોડ શેરી.૧માં ફ્લિપ કાર્ટના વેરહાઉસમાં ડીલીવરી બોય તરીકે કામ કરતો યુવાન ત્રણ મહિનાના સમયગાળાના અલગ અલગ સમયે ૨૦ જેટલા મોબાઈલ રૂ.૩.૭૬ લાખના ચોરી કરી લઈ જતા માલવીયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

વધુ વિગતો મુજબ, ચંદ્રેશનગર મેઈન રોડ રાજનગર સોસાયટીમાં રહેતા મહેશભાઈ મોહનભાઈ રાઠોડ(ઉ.૬૨)એ ફરિયાદમાં વિવેક જાદવ શિયાળનું નામ આપતા તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે. મહેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું ફ્લીપકાર્ટ કંપનીમાં એન્ફોર્સમેન્ટ ઓફીસર તરીકે તા.૧૫/૦૭/૨૦૨૪ થી નોકરી કરૂછુ.અને લક્ષ્મીનગર શેરી નં ૦૧ ખાતે અમારી ફ્લીપકાર્ટ કંપનીનું હબ (વેર હાઉસ) આવેલ છે

જ્યાંથી અમારી કંપનીના આવતા તમામ કુરીયર-સામાન જમા થાય છે અને ત્યાંથી ઓર્ડર મુજબ ત્યાંથી ડિલીવરી બોય મારફતે જે તે પાર્ટીને મોકલવામાં આવે છે અને ડિલીવરી બોય તરીકે ૧૨૫ જેટલા કર્મચારીઓ કામ કરે છે અને અમારી કંપનીમાં જે માલ સામાન આવે છે તેનુ અવાર નવાર કંપનીમા આવેલ દરેક પાર્સલ બાબતે કંપનીની અલગ અલગ ટીમ દ્વારા કંપનીને થયેલ લોસ બાબતે તપાસ કરવામા આવતી હોય છે. ગઈ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ અમારી ઉપરોક્ત કંપનીના હબ મેનેજમેન્ટ ટીમએ મને ફોન કરી ઉપ રોક્ત હબ(વેર હાઉસ) ખાતે બોલાવેલ અને મને જણાવેલ કે કંપનીની ટીમ દ્વારા કંપનીને થયેલ લોસ બાબતે તપાસ કરાવો જેથી અમારી ફરજમાં જે કંપનીમાં નુકસાન કે ચોરી થયેલ હોય જેથી કંપનીના માણસો તથા અમોએ અમારી કંપનીમાં નોકરી કરતા તે સમયના માણસોને પુપરછ કરતા અને તેઓનો સામાન ચેક કરતા અમારી કંપનીમાં ડિલીવરી બોય ત રીકે નોકરી કરતા વિવેક જાદવભાઈ શીયાળના થેલામાંથી એક મોબાઈલ ફોન મળી આવેલ જે કંપનીમાં જમા કરાવેલ અને તેની પુછપરછ કરતા તેણે આવી રીતે અન્ય મોબાઈલ ફોનની પણ ચોરી કરીને લીધેલ હોવાનુ અને તે મોબાઈલ ફોન લઈને આવુ છુ તેમ કહીને ગયેલ ત્યારબાદ તે પરત આવેલ નહિ જેથી તેને નોકરીમાંથી છુટો કરેલ અને બાદ અમારી કંપનીની લોસ એન્ડ પ્રીવેન્સન ટીમે ચેક કરતા તા.૦૧/૦૯/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ દરમીયાન કુલ ૩૨ જેટલા અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન ચોરી થયેલાનુ જણાતા અમોએ રેકર્ડ પર ખરાઈ કરતા જે ૩૨ મોબાઈલ ફોન ચોરી થયાનું જાણવા મળ્યું હતું.

આમ કુલ કિ.રૂ. ૩,૭૬,૦૨૯/-(ત્રણ લાખ છોતેર હજાર ઓગણત્રીસ રૂપીયા)ની કિંમતના મોબાઈલ ફોનની વેરહાઉસમાંથી નોકરી કરતા વિવેક જાદવભાઈ શીયાળ તથા અન્ય કર્મચારીએ ચોરી કરેલ હોય જેથી તેમની સામે માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવતા પીએસઆઈ વી.આર.ઝાલા તપાસ ચલાવી રહ્યા છે.

## આપઘાતનો પ્રયાસ કરનાર યુવક પાસેથી મળેલી સ્યુસાઈડ નોટમાં દંપતી સહિત ત્રણ બ્લેકમેઈલ કરતા હોવાનો ઉલ્લેખ

# રાજકોટમાં મૈત્રી કરારથી રહેતી યુવતીએ ૮.૩૫ લાખ પડાવતા હેર સલૂનના ધંધાર્થીએ વખ ઘોળ્યું

**સમય મિરર | રાજકોટ**

શહેરમા માયાણીનગર કવાર્ટરમા રહેતા અને જીવરાજ પાર્કમા હેર સલુનનો ધંધો કરતા યુવાને રેસકોર્સ ગ્રાઉન્ડમા ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યો હતો. આપઘાતનો પ્રયાસ કરનાર યુવાન પાસેથી મળી આવેલી સ્યુસાઇડ નોટમા તેની સાથે મૈત્રી કરારથી રહેતી યુવતીએ દંપતી સાથે મળી બ્લેક મેઈલ કરી રૂ. ૮.૩૫ લાખ પડાવ્યો હોવાનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. પોલીસે સ્યુસાઇડ નોટનાં આધારે તપાસનો દોર લંબાવ્યો છે.

આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ શહેરમા માયાણીનગર કવાર્ટરમા રહેતા અને જીવરાજ પાર્કમા હેર સલુનનો ધંધો કરતા કિશોર કાન્જીભાઈ હીરાણી નામનો ૪૦ વર્ષનો યુવાન બપોરનાં ત્રણેક વાગ્યાનાં અરસામા રેસકોર્સ ગ્રાઉન્ડમા હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યો હતો. આપઘાતનો પ્રયાસ કરનાર કિશોર હીરાણી પાસેથી એક સ્યુસાઇડ નોટ મળી આવી હતી.

પ્રાથમીક તપાસમા કિશોર હીરાણી ૪ બહેનોનો એકનો એક ભાઈ છે. અને જીવરાજ પાર્કમા હેર સલુનનો ધંધો કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. કિશોર હીરાણી પાસેથી મળી આવેલી સ્યુસાઈડ નોટમા અમીત પટેલ, તેની પત્ની કીરણ અને વંદના સામે આક્ષેપ કર્યા છે અને તેમા જણાવ્યુ છે કે વંદના કિશોર હિરાણીનાં પાર્લરમાં કામ કરતી હતી. અને છેલ્લા છ માસથી મૈત્રી કરાર કરી સાથે રહેતી હતી. અને વંદના અમિત પટેલ અને તેની પત્ની કિરણબેન સાથે મળી બ્લેક મેઇલ કરી રૂ. ૮.૩૫ લાખ પડાવી લીધા છે. વંદનાનો ભાઈ હીરેન અને તેની પત્ની મયુરી સહીત પાંચેય કિશોરનાં ઘરે ઝઘડો કરવા માટે આવતા હતા. અને મારા પાર્લરે આવીને પણ મને મારકુટ કરે છે. વંદના, અમીત અને કિરણ ત્રણેય બધા લોકો સાથે આવુ કરી રૂપીયા પડાવે છે. હું આ બધાની ધમકીથી કંટાળી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરુ છું તેવો ઉલ્લેખ કરવામા આવ્યો છે. આપઘાતનો પ્રયાસ કરનાર હેર સલુનનાં ધંધાર્થી પાસેથી મળી આવેલી સ્યુસાઇડ નોટનાં આધારે પ્રનગર પોલીસે તપાસનો દોર લંબાવ્યો છે .

# સગીરાની છેડતી કરવાના ગુનામાં ચાર આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ મુક્ત કરતી કોર્ટ

## પોકસો અને એટ્રોસિટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ચારેયની ધરપકડ કરી'તી

**સમય મિરર | રાજકોટ**

પડધરી તાલુકાના ન્યારા ગામે સગીરાની છેડતી કરવાના ગુનાનો કેસ રાજકોટની અદાલતમાં ચાલી જતા ચાર શખ્સોને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ પડધરી તાલુકાના ન્યારા ગામે રહેતી સગીરાએ ન્યારા ગામના સમીર હાફિઝ નોતીયાર દિનેશ મગન સોલંકી કરણ કાનજી સીતાપરા અને હાફિઝ ઈકબાલ નોતીયાર શખ્સો નીલજ હુમલો કર્યા અંગેની પડધરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો અને એટ્રોસિટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ચારેયની ધરપકડ


એડવોકેટ

કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યા હતા. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવતા કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં જરૂરી મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામા આવેલ હતા. આરોપી તરફેની જરૂરી રજુઆતો કરવામા આવેલ હતી ફરીયાદ પક્ષનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા ફરીયાદી તથા સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેમજ એવી કોઈ ચોક્કસ હકીકત આવેલ ન હોય અને આરોપીઓ સામેની આક્ષેપીત હકીકત પુરવાર થતી ન હોય જેથી આરોપીઓને શંકાનો લાભ આપી નીર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી કરેલ હતી.ઉપરોક્તત તમામ હકીકતો અને દલીલો ધ્યાને લઈ એડીસનલ સેસન્સ જજ એ આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવેલો છે. આરોપીઓ વતી રાજકોટના એડવોકેટ સાહિસ્તાબેન એસ.ખોખર, રણજીતભાઈ એમ.પટગીર, પ્રહ્લાદસિંહ બી. ઝાલા તેમજ મીતેશ એચ. ચાનપુરા રોકાયેલ હતા.

**નીચલી કોર્ટના બે વર્ષની સજા અને ૧૨.૫૦ લાખના દંડના હુકમ સામે કરેલી અપીલ કરી'તી**

# ચેક રિટર્ન કેસમાં વેપારી સામેની સજા અને દંડના હુકમને યથાવત રાખતી સેશન્સ કોર્ટ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર આવેલ બ્રહ્માણી હોલની પાછળ રહેતા વેપારી ભાવેશ ગોરધનભાઈ સરધારાએ ધવલ રતિભાઈ તાળા નામનાં વેપારીને રૂા.૧૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. ધવલ તાળાએ તે રકમ પરત કરવા રૂા. ૧૦ લાખનો પતિ - પત્નિનાં સંયુકત ખાતાનો ચેક આપ્યો હતો. જે ચેક 'ફંડ ઇનસફીસીયન્ટ' નાં શેરા સાથે પરત ફરતા ભાવેશ સરધારાએ કોર્ટમાં ચેક રીર્ટનની ફરીયાદ દાખલ કરી હતી. જે કેસમાં આરોપી ધવલભાઈ રતિભાઈ તાળાને બે વર્ષની સાદી કેસની સજા અને રૂા.૧૨.૫૦ લાખના દંડમાંથી ૬ ટકા વ્યાજ સહીત રૂા.૧૦ લાખ વળતર તરીકે ચુકવી આપવા હુકમ કર્યો હતો. આ હુકમ સામે આરોપી ધવલ તાળાએ રાજકોટ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જે અપીલ ચાલી જતાં ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ


એડવોકેટ

ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટે આરોપીની અપીલ નામંજુર કરીને નીચેની કોર્ટનો સજાનો હુકમ યથાવત રાખતો હુકમ કર્યો છે. આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ કેતન એન. સિંધવ અને પંકજ આર. દોંગા રોકયા હતા.

# હુમલો કરી માર મારવાના ગુનામાં આરોપી બેલડીની ચાર્જશીટ પહેલાંની જામીન અરજી મંજુર

## સંતાનોના પ્રેમ પ્રકરણમાં યુવકના કાકા સહિતનાને ધમકી આપી હુમલો કર્યો'તો

**સમય મિરર | રાજકોટ**

જસદણમાં પોલારપર રોડ પર રહેતા ફરિયાદીના ભત્રીજા સાથે મુખ્ય આરોપીની દીકરી ભાગીને જતી રહી હતી. જે બાબતનો ખાર રાખી આરોપીઓએ ફરિયાદી તથા તેના સગાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો ભાંડી ઢીકા પાટુનો માર મારી લોખંડના પાઈપ અને લાકડી વડે હુમલો કર્યો હતો. જેમાં ફરિયાદી અને તેના સંબંધીને શરીરે ઈજા જસદણ પોલીસ સ્ટેશનમાં આરોપી અશોક ઉર્ફે મડો રવજી સોલંકી અને સચીન મનોજ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા


એડવોકેટ

આરોપીઓએ રેગ્યુલર જામીન ઉપર છૂટવા માટે ચાર્જશીટ પહેલા એડવોકેટ મારફતે રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટમાં કરી હતી. જે જામીન અરજી ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટે બંને આરોપીને રેગ્યુલર જામીન ઉપર છોડવા હુકમ કર્યો છે.

આ કેસમાં બંને આરોપી વતી તરફે રાજકોટના યુવા એડવોકેટ કલ્પેશ એલ. સાકરીયા, જસદણના એડવોકેટ વિપુલ વી. હતવાણી, મિલન પી. થોરીયામેર, રવીન એન. સોલંકી, કાનજી સી. શેખ, ભરત બી. ડાકી, લલિત કે. તોલાણી, કુલદીપ એન.મકવાણા, એકતા જે. સુદાણી અને ગોપાલ એલ. સાકરીયા રોકાયા હતા.

# રાજકોટમાં સત્તાવાર ચોમાસાં પહેલાની મેઘરાજાની દસ્તક, ૧ કલાકમાં ૧.૫૦ ઈંચ







## રાજકોટ ગ્રામ્ય અને મોરબી, ગોંડલમાં પણ વરસ્યું માવઠું



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

**સમય મિરર | રાજકોટ**

હવામાન વિભાગ દ્વારા આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળે વરસાદની આગાહી કરવામાં આવી હતી, ત્યારે સમીસાંજ બાદ આકાશ ગોરંભાઈ ગયું હતું. રાજકોટ, મોરબી, ગોંડલ સહિત સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો જે બાદ ભારે વરસાદી ઝાપટુ વરસ્યુ હતું. રાજકોટમાં આજે દિવસભર અસહ્ય ઉકળાટ અને બફારો રહ્યાબાદ સાંજે માર્ગો પર નદીના વહેણની જેમ પાણી દોડવા લાગ્યા હતાં. ગોંડલ તાલુકાના ભુણાવા ગામે કમોસમી વરસાદ ખાબક્યો હતો. જ્યારે મોરબી જિલ્લાના ટંકારા તાલુકામાં સમી સાંજે વરસાદ વરસ્યો હતો. ટંકારાની આજુબાજુના ખીજડીયા, લજાઈ, નેસડા સુરજી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો.

રાજકોટમાં આજે સાંજે વાતાવરણમાં પલટો આવ્યા બાદ ધોધમાર વરસાદ વરસી પડ્યો હતો. માત્ર એક કલાકમાં જ દોઢ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. જેમાં ઈસ્ટ ઝોનમાં ૩૯.૭૬ મીમી વરસાદ વરસ્યો હતો. જ્યારે વેસ્ટ ઝોનમાં ૨૬.૫૩ મીમી તો સેન્ટ્રલ ઝોનમાં ૨૭.૫૫ મીમી વરસાદ નોંધાયો હતો. જેને કારણે શહેરના રાજમાર્ગ ગણાતા કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ અને ૧૫૦ ફૂટ રિંગરોડ ઉપર રસ્તા પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા અને તેને કારણે જન જીવનને અસર પડી હતી. વરસાદને કારણે લોકોને અસહ્ય બફારામાંથી રાહત મળી હતી.

રાજકોટમાં છેલ્લા બે ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ જોવા મળતું હતું, પરંતુ વરસાદ ન પડતા લોકો ભારે બફારાનો સામનો કરી રહ્યા હતા. દરમિયાન આજે સાંજે ૬ વાગ્યે ધોધમાર વરસાદ શરૂ થયો હતો અને જોતજોતામાં રસ્તા પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વાહનચાલકોને મુશ્કેલી પડી હતી.

આ સાથે જ રાજકોટમાં ઈસ્ટ ઝોનમાં આજનો ૩૯ મીમી તો સિઝનનો ૭૬ મીમી, વેસ્ટ ઝોનમાં આજનો ૨૬ મીમી અને સીઝનનો ૫૩ મીમી તો સેન્ટ્રલ ઝોનમાં આજનો ૨૭ મીમી અને સિઝનનો ૫૫ મીમી વરસાદ નોંધાયો હતો. મોરબી જિલ્લાના ટંકારા તાલુકામાં સમી સાંજે વરસાદ વરસ્યો હતો. ટંકારાની આજુબાજુના ખીજડીયા, લજાઈ, નેસડા સુરજી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો. લજાઈ ચોકડી પાસે ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો હતો.

માતા-પિતા માટે લાલબત્તી સમાન બનેલી ઘટના : પરિવારમાં શોકની લાગણી

# ભાવનગરના કાળાનાકા વિસ્તારમાં એપાર્ટમેન્ટની લિફ્ટમાં ફસાઈ જતાં છ વર્ષના બાળકનું મોત

**સમય મિરર | ભાવનગર**



વર્તમાન સમયમાં લોકો ફ્લેટ તરફ વળ્યા છે ઘણીવખત આ મોહ પરિવારની ખુશીઓ પણ છીનવી લેતો હોય છે ત્યારે બાવનગરના કાળાનાકા વિસ્તારમાં પણ એક કરુણ બનાવ બન્યો હતો. જેમાં છ વર્ષનો બાળક એપાર્ટમેન્ટની લીફ્ટમાં ફસાઈ જતાં ઈજાગ્રસ્ત થયો હતો. જેને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન આ છ વર્ષના બાળકનું મૃત્યુ નિપજ્યું હતું. વ્હાલસોયાની અણધારી વિદાયથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. આ કિસ્સો એપાર્ટમેન્ટમાં રહેતા માતા-પિતા માટે લાલબત્તી સમાન બન્યો છે.

ભાવનગરમાં લિફ્ટમાં ફસાઈ જતા ૬ વર્ષના બાળકનું મોત થયું છે, માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે, અન્નપૂર્ણા એપાર્ટમેન્ટની લિફ્ટમાં બાળક ફસાઈ જતા તેનુ મોત થયું હોવાની વાત સામે આવી છે, સમગ્ર ઘટનામાં બાળકને બે દિવસ સારવાર આપવામાં આવી છે અને ત્યારબાદ તેનું મોત થયું છે.

ક્યારેક બાળકને માતા-પિતા એમને છોડી દેતા હોય છે અને બાળક રમતું હોય છે ત્યારે બાળકની સાર સંભાળ રાખવી એ દરેક માતા-પિતાની જવાબદારી છે, ઘણા કિસ્સામાં બાળકો રમતા હોય છે અને તે સમયે કારની અડફેટે અથવા તો ગેલેરીમાંથી નીચે પટકાઈ જતા હોય છે અને તે મોતને ભેટતા હોય છે, ભાવનગરમાં આવી ઘટના બની છે જેમા બાળક રમતા રમતા લિફ્ટ સુધી પહોંચી જાય છે અને તેનું મોત થાય છે, તો આ સમગ્ર ઘટનાને લઈ પોલીસે જાણવાજોગ નોંધી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહિનાના અંતિમ અઠવાડિયામાં ગુજરાત આવે તેવી શક્યતા

## ભૂજમાં જાહેર સભાને સંબોધવાનું આયોજન

## રક્ષામંત્રી આજે એરબેઝની મુલાકાત લઈ શકે છે

**સમય મિરર | રાજકોટ**



વડાપ્રધાન નરેન્દ્ર મોદી વધુ એક વખત પોતાના વતન ગુજરાતની મુલાકાતે આવી શકે છે. મે મહિનાના અંતિમ સપ્તાહમાં વડાપ્રધાન ગુજરાતના પ્રવાસે આવે તેવી શક્યતા સેવાઈ રહી છે. ૨૭ મેએ ભુજની મુલાકાતે વડાપ્રધાન મોદી આવે તેવી શક્યતા છે. વડાપ્રધાન મોદી તેમની આ મુલાકાત દરમિયાન ભુજમાં જાહેર સભા પણ કરે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીએ આદમપુર એરબેઝની મુલાકાત લીધી હતી અને ભારતીય જવાનોની વીરતાને બિરદાવી હતી.

પહેલગામ આતંકી હુમલાનો બદલો લેતા ભારતે ઓપરેશન સિંદૂર ચલાવ્યું હતું. આ ઓપરેશન દ્વારા ભારતીય સેનાએ પાકિસ્તાન અને પીઓકેમાં આવેલા અનેક આતંકી કેમ્પનો સફાયો કર્યો છે. સેનાની કાર્યવાહીમાં ૧૦૦થી વધુ આતંકીઓના મોત થયા છે. ત્યારબાદ બંને દેશ વચ્ચે સીઝફાયરની જાહેરાત થઈ હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા ઓપરેશન સિંદૂર બાદ દેશભરમાં તિરંગા યાત્રા કાઢવામાં આવી રહી છે.

ભારતીય જનતા પાર્ટીની ચાલી રહેલી તિરંગા યાત્રા વચ્ચે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં આગામી ૧૫ દિવસમાં પીએમ મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને રક્ષામંત્રી રાજનાથ સિંહ ગુજરાતની મુલાકાતે આવી શકે છે. રાજનાથ સિંહ ૧૬ મે, શુક્રવારે કચ્છના ભુજ એરબેઝની મુલાકાત લઈ શકે છે. તો પીએમ મોદી અને અમિત શાહના પ્રવાસને લઈને રાજ્ય સરકાર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# દ્વારકામાં યુદ્ધની રીલ્સ જોતાં યુવાનને પાકિસ્તાન વિરુદ્ધ ન બોલવાનું કહી ધમકી આપનાર બે ઝડપાયા

## પાકિસ્તાની નાગરિકો સાથે સંપર્ક ધરાવતા હોવાનો ઘટસ્ફોટ થતાં પોલીસ એલર્ટ

**સમય મિરર | દ્વારકા**



ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલતા યુદ્ધના વીડિયો સોશિયલ મીડિયામાં આવી રહ્યા છે. આ વીડિયો લોકો દ્વારા જોવામાં આવે છે અને દેશને સમર્થન કરતા નિવેદનો પણ કરવામાં આવી રહ્યા છે ત્યારે દ્વારકામાં યુદ્ધની રીલ જોતા યુવાનને પાકિસ્તાન વિરુદ્ધ નહીં બોલવાનું કહી ધમકી આપનાર પાકિસ્તાન સાથે કનેક્શન ધરાવતા બે શખ્સોની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. અને એજન્સીઓને પણ આ બાબતે એલર્ટ કરવામાં આવી છે.

આ ચકચારી બનાવ અંગે DySP સાગર રાઠોડે કહ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવભરી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. દેશની રક્ષા માટે ભારતીય જવાનો પાકિસ્તાન સાથે સરહદ પર લડી રહ્યા છે, જેમાં ભારતના વિજયની પરિસ્થિતિને લઈ મુકેશભાઈ રણમલભાઈ ખીંટ (૨૮ વર્ષ, રહે. ભાણવડ ગામ, તા.ભાણવડ, દેવભૂમિ દ્વારકા)પોતાના મોબાઈલમાં એને લગતી રીલ્સ જોઈ રહ્યા હતા.

ફરિયાદીના જણાવ્યા મુજબ, બે દિવસ પૂર્વે રણજિત પરા વિસ્તારમાં આવેલી એક દુકાનમાં તેઓ પોતાના મોબાઈલમાં રીલ્સ જોઈ રહ્યા હતા. એમાં ભારત-પાકિસ્તાનના યુદ્ધના વીડિયો આવ્યા હતા. એ સમયે અહીં દુકાનમાં કામ કરતો અને ભાણવડ ગામમાં જ રહેતો નૂરમામદ ઉમર હિંગોરા નામનો શખસ ઉશ્કેરાઈ ગયો હતો અને મુકેશભાઈની સાથે ઉગ્ર બોલાચાલી કરી પાકિસ્તાન વિરુદ્ધ કંઈ ન બોલવા કહ્યું હતું.

ત્યાર પછી અન્ય એક આરોપી હુસૈન સુમાર હિંગોરાએ મુકેશભાઈને ફોન કરી આ બનાવ અંગે આરોપી નૂરમામદના સમર્થનમાં આવી ઉશ્કેરાઈને ગાળો આપી હતી. આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદી યુવાનને રણજિતપરા વિસ્તારમાં આવેલી એક પાનની દુકાને બોલાવી જો તેઓ પાકિસ્તાન વિશે કાંઈ બોલશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાની ફરિયાદ ભાણવડ પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

આ બનાવ બનતાં ભાણવડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં રહેલા સર્વેલન્સ સ્ટાફના જવાનોએ તાકીદે આ સ્થળે દોડી જઈને આરોપીઓ સામે ગુનો નોંધી બન્ને શખ્સની અટકાયત કરવા અંગેની કાર્યવાહી કરી હતી. આ ગુનાની તપાસ દરમિયાન આરોપીઓના મોબાઈલ ફોન ચેક કરતાં તેઓ પાકિસ્તાનના ઘણા શખસો સાથે વ્હોટ્સએપ, ફેસબુક સહિત અલગ અલગ સોશિયલ મીડિયા એપ્લિકેશનથી સંપર્કમાં હોવાનું સામે આવ્યું હતું. પોલીસ આ દિશામાં તપાસ ચલાવી રહી છે.

કથિત રીતે વાયરલ થયેલા વીડિયોથી ચકચાર : વીડિયોકોલમાં નગ્ન અવસ્થામાં મહિલા ડાન્સ કરતી હોવાની ચર્ચા

# રાજકોટની મારવાડી યુનિવર્સિટીના પ્રોફેસર ન્યૂડ વીડિયોકોલમાં વાત કરતાં ઝડપાયા

**સમય મિરર | રાજકોટ**



રાજકોટના મોરબી રોડ ઉપર આવેલી સૌરાષ્ટ્રની પ્રતિષ્ઠિત અને અનેકવખત વિવાદોમાં સપડાયેલી મારવાડી યુનિવર્સિટી ફરી વખત વિવાદમાં આવી છે. મારવાડી યુનિવર્સિટીના પ્રોફેસર ન્યુડ કોલમાં વાત કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયર થતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં ચકચાર મચી જવા પામી છે. શિક્ષણના ધામમાં આ પ્રકારની પ્રવૃતિ થતી હોવાથી શિક્ષણ વિદોમાં ભારે રોષ ફેલાયો છે. આ વીડિયો વાયરલ થતાં અનેક સવાલો પણ ઘેરાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટની મારવાડી યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના પ્રોફેસરનો કથિત રીતે એક વાયરલ વીડિયોને કારણે વિવાદમાં આવ્યા છે. આરોપ છે કે, પ્રોફેસર એક વીડિયોકોલમાં ન્યૂડ અવસ્થામાં વાત કરી રહ્યા હતા. આ વીડિયોકોલમાં સામે છેડે કોઈ વ્યક્તિ ન્યૂડ ડાન્સ કરી રહી હોય તેવા દ્રશ્યો કેદ થયા છે.

આ કથિત વીડિયો યુનિવર્સિટીના જ એક વિદ્યાર્થી દ્વારા ઉતારવામાં આવ્યો હોવાનું અને તેને વાયરલ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે, જેના પગલે સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે. વિદ્યાર્થીઓએ જેને શિક્ષણ આપવાનું હોય તેવા પ્રોફેસરનું નામ આવા ગંભીર વીડિયો સાથે જોડાતા ભારે ચકચાર મચી છે.

આ ગંભીર મામલે મારવાડી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પિન્ટો મામેને નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, યુનિવર્સિટી દ્વારા આ સમગ્ર મામલે તપાસ માટે એક કમિટીની રચના કરવામાં આવી છે. યુનિવર્સિટી દ્વારા આ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

જોકે, રજિસ્ટ્રારે હાલ પૂરતું સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું કે, ''આજ પ્રોફેસરનો વિડિઓ છે તે અમે હાલ સ્પષ્ટતાથી ન કહી શકીએ.'' તેમણે ખાતરી આપી કે, કમિટી આ સમગ્ર પ્રકરણની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે અને તપાસના અંતે જેનું પણ નામ સામે આવશે અથવા જે દોષિત જણાશે તેની વિરુદ્ધ યુનિવર્સિટી દ્વારા કાયદેસરની અને કડક કાર્યવાહી કરવામાં આવશે.

હાલ આ મામલે તપાસ ચાલી રહી છે અને યુનિવર્સિટી કમિટીના રિપોર્ટની રાહ જોઈ રહી છે. આ ગંભીર ઘટનાથી યુનિવર્સિટીની છબીને નુકસાન થવાની ભીતિ છે અને આ પ્રકરણના અંતે શું પરિણામ આવે છે તે જોવું રહ્યું.

કૌટુંબિક ઝઘડાના કારણે ભાઈઓને ફસાવવા પોલીસને ધંધે લગાડી

# ભરૂચના સ્વામિનારાયણ મંદિરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર શખ્સની ધરપકડ

**સમય મિરર | ભરૂચ**

ભરૂચમાં આવેલ બીએપીએસ સ્વામીનારાયણ મંદિરને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપનાર શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. દહેજ બાયપાસ પરથી પોલીસને આ કોલ આવતા ધંધે લાગી હતી. પારિવારીક ઝઘડાના કારણે કુટુંબીક ભાઈઓને ફસાવવા માટે કન્ટ્રોલરૂમમાં બેવાર ફોન કર્યો હોવાનું શખ્સે સ્વીકાર્યુ હતું. પોલીસે વર્તમાન સ્થિતિને જોતા કોઈપણ જાતનું રિસ્ક નહીં લેતા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગે ભરૂચ એસસીએસટી સેલ ડીવાયએસપી ડો.અનિલ સિસારાએ જણાવ્યુ હતું કે પોલીસ કંટ્રોલરૂમને મળેલી માહિતી પ્રમાણે અજાણ્યા શખસે રાત્રિના એકથી બે વાગ્યાના વચ્ચે ફોન કરીને જાણ કરી હતી કે ચાર શખ્સ સ્વામિનારાયણ મંદિરે બોમ્બવિસ્ફોટ કરવાની તૈયારીમાં છે. મળેલી માહિતીના આધારે SOG અને ''સી'' ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એ. વી.પાણમિયા અને તેમની ટીમોએ તાત્કાલિક પગલાં ભરી ભરૂચ બોમ્બ-સ્કવોડની મદદથી મંદિર પરિસરમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી.

અંતે સર્વેલન્સ ટીમે મોબાઈલ ટ્રેસિંગના આધારે શંકાસ્પદ ઈસમને ભરૂચ રેલવે સ્ટેશન નજીકથી ઝડપી પાડ્યો હતો. ધરપકડ બાદ આરોપી તૌસીફ આદમ પટેલે પૂછપરછમાં કબૂલાત આપી હતી કે તેણે ખોટી માહિતી આપીને પોતાના ભાઈઓ સામે પોલીસ કાર્યવાહી કરાવવાનો પ્રયાસ કર્યો હતો.

પ્રાથમિક તપાસમાં અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ ધમકીનો કોલ માત્ર ટીખળ માટે કરવામાં આવ્યો હોઈ શકે છે, જોકે પોલીસ આ મામલે કોઈપણ શક્યતા નકારતી નથી અને વધુ તપાસ હાથ ધરી છે.

# પોરબંદરના હિરલબા જાડેજા ડિજીટલ અરેસ્ટ બનાવતી ટુકડીના મુખ્ય સૂત્રધાર

## ગુજરાત, યુપી, કર્ણાટક અને તમિલનાડુમાંથી ચાર કરોડ પડાવ્યા : પોલીસે સાયબરફ્રોડનો વધુ એક ગુનો નોંધ્યો : વિવિધ રાજ્યમાંથી સાત જેટલી ફરિયાદો પોલીસને મળી

**સમય મિરર | પોરબંદર**



કુતિયાણાના ધારાસભ્ય કાંધલ જાડેજાના કાકી હિરલબા જાડેજા વિવિધ ગુનાઓમાં હાલ જેલવાસ ભોગવી રહ્યા છે ત્યારે તેમની સામે સાયબરફ્રોડનો વધુ એક ગુનો દાખલ કરવામાં આવ્યો છે. રાજ્યમાં ઓનલાઈન ફ્રોડના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક ઘટસ્ફોટ સામે આવ્યો છે. હિરલબા જાડેજાએ સાયબરઠગોની એક ટુકડી બનાવી ગુજરાત, કર્ણાટક, યુપી અને તમીલનાડુમાં લોકોને ઓનલાઈન એરેસ્ટ કરી ૪ કરોડ જેટલી રકમ પડાવી હોવાનું સામે આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. હિરલબાએ ૨૦૨૪થી આ સાયબર ફ્રોડ કર્યો હોવાનું પોલીસમાં ચર્ચાઈ રહ્યું છે.

પોરબંદર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ધારાસભ્ય કાંધલ જાડેજાની કાકી હીરલબા જાડેજા ચર્ચામાં છે. ખંડણી, અપહરણ અને પઠાણી ઉઘરાણીના કેસમાં હાલ હીરલબા જાડેજા અને તેના બે સાગરીત હાલ જેલમાં છે. ત્યાં ગઇકાલે પોરબંદર પોલીસે હીરલબા સહિત ૬ શખ્સ સામે સાયબર ક્રાઈમ હેઠળ વધુ એક ગુનો નોંધેલો છે. હીરલબા અને તેના સાગરીતો, હિતેશ ઓડેદરા, પાર્થ સોંગેલા, મોહન વાજા, અજય ચૌહાણ તથા રાજુ મેર સામે પોરબંદર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો છે. સાયબર પોલીસ સ્ટેશનમાં સરકાર તરફથી પી.એસ.આઈ. વી. આર. ચાવડાએ ફરિયાદ નોંધાવી છે.

પોરબંદર જિલ્લા પોલીસવડા ભગીરથસિંહ યુ. જાડેજાના જણાવ્યા મુજબ, ગુજરાત, કર્ણાટક, યુ.પી. અને તામિલનાડુમાં ઓનલાઇન લોકોને છેતરતી, એ સિવાય ડિજિટલ અરેસ્ટના માધ્યમથી અલગ અલગ રાજ્યોમાંથી કુલ મળી ૩.૯૬ કરોડની સાયબર ફ્રોડ થયેલું છે. ગુજરાત, કર્ણાટક, યુ.પી. અને તામિલનાડુમાં ૭ અલગ-અલગ ફરિયાદ જે-તે રાજ્યની પોલીસને મળી છે. ભેજાબાજો પહેલા ઓનલાઇન લોકોને અલગ અલગ રીતે છેતરી પૈસા પડાવ્યા બાદ એને પોરબંદર મોકલવામાં આવતા હતા. હીરલબાએ પોતાના માણસો અને અન્ય નાના પરિવારોને બોલાવી બેંક એકાઉન્ટ ખોલ્યા અને એનો દુરુપયોગ કરી સાયરબર ફ્રોડની રકમ મેળવવામાં આવતી હતી.

પોરબંદર પોલીસે આપેલી વિગતો મુજબ આરોપી હીરલબા અને તેના સાગરીતોએ કોટક મહિન્દ્રા બેંકના મેનેજરને પોતાના બંગલે સૂરજ પેલેસ ખાતે બોલાવતા અને ત્યાં જ બધાં એકાઉન્ટ ખોલવામાં આવ્યાં, બાકી કોટક બેન્ક ખાતે ખોલાવેલાં હતાં. પોરબંદર પોલીસે ત્યાં સુધી કહ્યું હતું કે બેન્ક તરફથી મળતી કિટ જેમાં ચેકબુક સહિતના બેંકના જરૂરી દસ્તાવેજો હીરલબા પોતે રાખી લેતા અને ખાતેદારને કાંઈ આપતા નહિ. સાયબર ફ્રોડથી આવતી રકમ માટે અગાઉથી જ બ્લેન્ક ચેકમાં સહી કરાવેલો ચેક અથવા ડેબિટ કાર્ડથી એ જ દિવસે પૈસા ઉઠાવી લેતા હતા.

### એક જ રહેઠાણના ૧૦ ખાતાંઓ ખુલ્યા

પોરબંદર એસપી ભગીરથસિંહ યુ. જાડેજાના જણાવ્યા મુજબ, ૨૦૨૪થી શરૂ થયેલા આ કૌભાંડમાં અત્યારસુધીમાં ૩.૯૬ કરોડની છેતરપિંડી થઈ છે. પોરબંદર પોલીસ સાયબર ફ્રોડના કેસમાં તપાસમાં હતી, ત્યારે સરકારની ઓફિશિયલ પોર્ટલમાં સમન્વયમાં ચેક કરતાં પોરબંદરનાં ૧૪ ખાતાં શંકાસ્પદ જણાતાં તપાસ હાથ ધરી હતી. બેન્કોમાં એકાઉન્ટ તપાસ હાથ ધરતાં પોરબંદરના એક જ સરનામે પર કુલ ૧૦ એકાઉન્ટ ખૂલેલાં, જેમાં ૫ એકાઉન્ટમાં કુલ ૩૫.૭૦ લાખ જેવી રકમની માહિતી સામે આવી છે.

### જરૂરિયાતમંદ લોકોના નામે ખાતાંઓ ખોલ્યા

હીરલબા પોતે સેવાભાવી હોવાથી લોકો તેના પર ભરોસો કરતા અને ગરીબ લોકોના નામે ખાતાં ખોલાવી નજીવી રકમ આપતી હતી. હાલ તો હીરલબા અને તેના બે સાગરીત જેલમાં છે અને બાકીના ત્રણ આરોપીની પોલીસે શોધખોળ શરૂ કરી છે. હજુ પણ પોરબંદર પોલીસે અન્ય બેંકો ખાતાં ચેક કરી રહી છે. પૂર્ણ શક્યતા છે કે સાયબર ફ્રોડના પૈસા એમાં ટ્રાન્સફર થતા હશે. પોલીસ વધુ ઊંડાણપૂર્વક તપાસ આ કેસમાં કરી રહી છે.